મૉન્ટેસોરી પદ્ધતિ

Forms of Service

for voluntary use in the

Presbyterian Church in India.

TRANSLATED INTO GUJARATI.

ભજનસેવાની પદ્ધતિ

હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીમાં

ઐચ્છિક ઉપયોગને અર્થે તૈયાર કરેલા નમુનાઓ.

PRINTED AND PUBLISHED BY J. F. STEELE
AT THE MISSION PRESS, SURAT,
BY ORDER OF THE PRESBYTERY OF GUJARAT AND KATHIAWAR.

1916.

અનુક્રમણિકા.

પ્રભુવારની ભજનસેવા.

પ્રભુવારની ભજનસેવાની અનુક્રમણિકા.

I. ભજનસેવાના વિધવિધ ભાગનો અનુક્રમ.

૧. સ્તોત્રગાયન.

૨. પ્રાર્થના (ક) આરાધના.

(ખ) પાપની કબુલાત અને ક્ષમાની વિનંતી.

(ગ) કૃપાપ્રાપ્તિ સારૂ વિનંતી.

૩. પવિત્ર શાસ્ત્રમાંથી વાંચનપાઠ—જુના કરારમાંથી કાઢેલો.

૪. સ્તોત્રગાયન.

૫. પવિત્ર શાસ્ત્રમાંથી વાંચનપાઠ—નવા કરારમાંથી કાઢેલો.

૬. પ્રાર્થના (ક) ઉપકારસ્તુતિ. *

(ખ) બીજાઓના લાભમાં વિનંતીઓ.

૭. સ્તોત્રગાયન.

૮. પ્રેરિતોનું વિશ્વાસનામું અને ખ્રીસ્તની શિખવેલી પ્રભુપ્રાર્થના.

૯. બોધભાષણ.

૧૦. પ્રાર્થના.

૧૧. ઉઘરાણું તથાં તેને લગતી પ્રાર્થના.

[જાહેર કરવાની કાંઈ પણ ખાસ ખબર.]

૧૨. સ્તોત્રગાયન.

૧૩. આશીર્વચન.

નોંધ ૧લી.—જો જુવાનોને ખાસ બોધ આપવો હોય તો તે બોધ નંબર ૯ પછી આવે.

નોંધ ૨જી.—૧૧મી કલમ ૬ઠ્ઠી કલમ પછી આવે કે નહિ એ ઉપદેશકની મરજી ઉપર છે.

---

* ઉપદેશકને એવું યોગ્ય લાગે તો ઉપલી ટીપમાંની નંબર ૬ની પ્રાર્થનામાં ઉપકારસ્તુતિની જે પેટાબાબત તેને નંબર ૨ની પ્રાર્થનામાં દાખલ કરે.

II. પ્રભુવારની લાંબી ભજનસેવાના વિધવિધ ભાગનો અનુક્રમ નીચે મુજબનો થઈ શકે.

૧. પવિત્ર શાસ્ત્રમાંનાં વચનો.
૨. સંબોધનરૂપી પ્રાર્થના.
૩. સ્તોત્રગાયન.
૪. પ્રાર્થના.
૫. ગીતશાસ્ત્રમાંથી કોઇ ગીતનું વાંચન.
૬. જુના કરારમાંથી કાઢેલો વાંચનપાઠ.
૭. સ્તોત્રગાયન.
૮. નવા કરારમાંથી કાઢેલો વાંચનપાઠ.
૯. [સ્તોત્રગાયન.]
૧૦. પ્રાર્થના.
૧૧. સ્તોત્રગાયન.
૧૨. પ્રેરિતોનું વિશ્વાસનામું અને ખ્રીસ્તની શિખવેલી પ્રભુપ્રાર્થના.
૧૩. બોધભાષણ.
૧૪. [પ્રાર્થના.]
૧૫. ઉઘરાણું તથા તેને લગતી પ્રાર્થના.
૧૬. સ્તોત્રગાયન.
૧૭. આશીર્વચન.

નોંધ.—ભજનસેવા જરા ટુંકી કરવી હોય તો ઉપલી ટીપમાં જે બે બાબત ચોખંડા કૌંસની વચ્ચે લખેલી છે તે પડતી મુકાય.

સૂચનાસંગ્રહ.*

જેઓ પ્રભુની ભજનસેવા કરવા સારૂ ભેગા થાય છે તેઓએ યોગ્ય તથા ગંભીર રીતિએ ભજનસ્થાનમાં પેઠા પછી પોતાના મનમાં પ્રાર્થના કરવી.

ભજનારા બધા ભેગા થાય ત્યારે ઉપદેશકે કહેવું કે, **પ્રભુનું ભજન કરીએ.**

એટલામાં ઉપદેશક નીચેનાં વાકયોમાંથી એક કે તેથી અધિક વાકયો વાંચી સંભળાવે.

શાસ્ત્રમાંનાં વાકયો.

ગીત. ૧૨૪; ૮: ૧૪૫; ૧૮, ૧૯: ૯૫; ૬: ૧૦૦; ૩: ૧૦૩; ૮, ૧૦. યશા. ૫૫; ૬, ૭. હેબ્રી. ૪; ૧૪, ૧૬. ૧ યોહા. ૧; ૯.

નહિ તો એજ અર્થનાં શાસ્ત્રમાંનાં બીજાં કેટલાંક વાકયો વાંચે, જેમકે ગીત. ૬; ૧: ૧૯; ૧૪: ૫૧; ૩, ૯, ૧૭: ૧૧૮; ૨૪: ૧૨૨; ૧: ૧૪૩; ૨. યશા. ૪૦; ૩: ૫૨; ૧. હઝ. ૧૮; ૨૭. દાની. ૯; ૯, ૧૦. યોએ. ૨; ૧૩. હબા. ૨; ૨૦. માત્થી ૩; ૨. લુક ૧૫; ૧૮, ૧૯. ગલા. ૪; ૬. ફિલ. ૧; ૨. પ્રક. ૪; ૮.

શાસ્ત્રમાંનાં વાકયો વાંચ્યા પછી ઉપદેશકે કહેવું કે, **પ્રભુની પ્રાર્થના કરીએ.** એટલામાં ભજનારા ઊભા રહે, નહિ તો ઘુંટણ ટેકવે, અને ઉપદેશક ટુંકી સંબોધનરૂપી પ્રાર્થના કરાવે.

ભજનારાઓ ઊભા રહીને ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે (પછી આ ગીત હોય ગીતશાસ્ત્રમાંનું કે હોય બીજાનું).

ઉપદેશક પ્રાર્થના કરાવે, એટલે—(ક) આરાધનાની પ્રાર્થના; (ખ) પાપની કબુલાત તથા ક્ષમાની વિનંતી; (ગ) કૃપાપ્રાપ્તિ સારૂ વિનંતી.

ઉપલી પ્રાર્થના કરાય છે ત્યારે ભજનારાઓ ઊભા રહે, નહિ તો ઘુંટણે પડે.

(ક) આરાધનાની પ્રાર્થના કરાવે ત્યારે ઈશ્વરની જે મહિમાવંત પરિપૂર્ણતા, અને ઈશ્વરનું જે પ્રકટીકરણ તેનાં કૃત્યોદ્વારા, તેના શાસ્ત્રદ્વારા, તથા પવિત્ર આત્માને આસરે તેના પુત્ર ઈસુ ખ્રીસ્તદ્વારા પ્રગટ થયું છે, તેવી તેવી વાતો પર ભાર મૂકવો જોઇએ.

* લાંબી ભજનસેવા કરવી ન હોય તો નાના અક્ષરમાં છાપેલી બાબતો પડતી મૂકવી.

(ખ) પાપની કબુલાત કરવામાં આવે ત્યારે પાપી માનવસ્વભાવ વિષે તેમજ ઈશ્વર વિરૂદ્ધ તથા માણસ વિરૂદ્ધ જે જે પાપ કીધાં હોય તે વિષે કબુલાત કરવી. ત્યારબાદ ક્ષમાની વિનંતી કરવી, તેમાં તો ઈશ્વરની દયા તથા તેનાં આપેલાં વચનો તથા તેના પુત્રનું કરેલું પુણ્ય તે પર ભાર મૂકવો.

(ગ) કૃપાપ્રાપ્તિ સારૂ વિનંતી કરવામાં આવે ત્યારે આત્મિક તેમજ દૈહિક બધી ગરજ પુરી પાડવાની માગણી કરવી જોઈએ. વળી રોજરોજ જે ફરજો બજાવવી પડે તથા જે સંકટો ભોગવવાં પડે તે બાબત પવિત્ર આત્મા તરફથી સહાય તથા દિલાસો મળે એવી માગણી પણ કરવી.

ઉપદેશક તેમજ ભજનારાઓ ઊભા થઇને ગીતશાસ્ત્રમાંથી કોઇ ગીતનું ગાયન કરે, નહિ તો તે ગીતમાંની કલમો ઉપદેશક તથા ભજનારાઓ વારાફરતી વાંચે.

ગીતવાંચનની સમાપ્તિમાં નીચે પ્રમાણેનું બોલવું, નહિ તો ગાવું:—

“પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માને માન તથા મહિમા હાલ તથા યુગેયુગ સદા હોજો. આમેન.”

ભજનારાઓ હવે બેસે, અને ઉપદેશક, નહિ તો તેનાથી નોતરાએલો બીજો કોઈ ભક્તજન, ખુલ્લે તથા સ્પષ્ટ ઉચ્ચારે જુના કરારમાંથી કાઢેલો કોઈ પાઠ વાંચી સંભળાવે.

વાંચનપાઠ શરૂ કરતી વખતે આમ બોલવું કે, “પ્રભુનું વચન સાંભળીએ. ....પુસ્તકમાંના.....અધ્યાયની.....કલમથી માંડીને વાંચીએ.”

વળી વાંચનપાઠ પુરો થાય ત્યારે આમ બોલવું કે, “પ્રભુના શાસ્ત્રનાં વાંચેલાં વચન પર તેનો આશીર્વાદ આવો. આમેન.”

ભજનારાઓ ઊભા રહીને ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે.

ભજનારાઓ ફરીથી બેસે, પછી નવા કરારમાંથી કાઢેલો કોઈ પાઠ ખુલ્લે તથા સ્પષ્ટ ઉચ્ચારે વાંચી સંભળાવવામાં આવે.

આ વાંચનપાઠ શરૂ કરતી વખતે વાંચનારે આમ બોલવું કે, “પ્રભુનું વચન સાંભળીએ. ....પુસ્તકમાંના.....અધ્યાયની..... કલમથી માંડીને વાંચીએ.”

વળી વાંચનપાઠ પુરો થાય ત્યારે આમ બોલવું કે, "પ્રભુના શાસ્ત્રનાં વાંચેલાં વચન પર તેનો આશીર્વાદ આવો. આમેન."

ભજનારાઓ ઊભા રહીને ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે.

હવે ભજનારાઓ ઊભા રહે, નહિ તો ઘુંટણે પડે, અને ઉપદેશક પ્રાર્થના કરાવે.

એ પ્રાર્થનામાં ઉપકારસ્તુતિ અને બીજાઓના લાભમાં વિનંતીઓ કરવી.

[ઉપદેશકને એવું યોગ્ય લાગે તો પ્રથમ (ખ) આવે, એટલે "બીજાઓના લાભમાં વિનંતીઓ," અને ત્યાર પછી (ક) એટલે "ઉપકારસ્તુતિ."]

(ક) ઉપકારસ્તુતિ.

ઉપકારસ્તુતિ કરતી વખતે નીચે મુજબની બાબતોના સંબંધમાં સ્તુતિ કરી શકાય—

ઈશ્વરે આપણને સરજ્યા અને આપણને સંભાળી રાખ્યા અને વિવિધ પ્રકારના દેહિક તેમજ આત્મિક આશીર્વાદો આપ્યા, તે બાબત.

પ્રભુ પિતાએ પોતાનું પ્રકટીકરણ આપણને દર્શાવ્યું છે, પ્રભુ પુત્રે આપણા લાભમાં કલ્યાણકારક કાર્યો સાધ્યાં છે, અને પ્રભુ પવિત્ર આત્મા આપણામાં પોતાનું રહેઠાણ કરી રહે છે, તે બાબત.

પવિત્ર શાસ્ત્ર આપણા હાથમાં મુકાયું છે, ખ્રીસ્તની મંડળી જગતમાં સ્થપાઈ છે, અને ધર્મસંસ્કારો પળાવવામાં આવે છે, તે બાબત.

વળી સનાતન જીવતદાન આપણને અપાય છે, અને જે કોઈ ખ્રીસ્તમાં ઊંઘી જાય તેને શાંતિ તથા વિસામો મળે છે, તે બાબત.

(ખ) બીજાઓના લાભમાં વિનંતીઓ, જેમકે—

મહારાજા સાહેબ અને તેમના કુટુંબના લાભમાં.

હિંદના નામદાર વાઈસરાય સાહેબ, દેશી સંસ્થાનોના રાજાઓ તથા તેમના રાજ્યાધિકારીઓ, અને આ દેશમાંના સર્વ અમલદારો, તેમના લાભમાં.

સઘળી દેશજાતિઓના લાભમાં, એ માટે કે તેઓ શાંતિ તથા આબાદી પામે તથા તેમનાં ખેતરોમાં પુષ્કળ ફળ નીપજે, અને લડાઈ તથા મરકી તથા દુકાળ સર્વત્ર નાબુદ થઈ જાય.

વળી જેઓ માંદા હોય, જેઓ મરણના બિછાના પર પડેલા હોય, જેઓનો જીવ ગભરાટમાં હોય, જેઓ દેહમાં પીડાતા હોય, અને જેઓ દરિદ્રાવસ્થામાં આવી પડ્યા હોય, તેમના લાભમાં.

[કોઈએ આપણી પાસે પ્રાર્થના કરાવવાનું માગ્યું હોય, તેમના લાભમાં.]

વિધવાઓ તથા અનાથો, લાચાર તથા હેરાન, જેમના પર પરીક્ષણ આવી પડ્યું છે, અને જેઓ પરીક્ષણના વખતમાં ટકી રહ્યા નથી, તેમના લાભમાં.

જેઓ સદ્ધર્મમાંથી ભટકી ગયા અને જેઓ સદ્ધર્મનો માર્ગ શોધનારા છે, તેમના લાભમાં.

જે કોઈ આપણા પર વેરભાવ રાખે તેમના લાભમાં.

વળી હિંદમાં જે ખ્રીસ્તી મંડળી સ્થપાએલી છે અને વિશેષે કરીને અહીંની જે સ્થાનિક મંડળી, તેમના લાભમાં.

ધર્મપાળકો તથા સર્વ ધર્માધિકારીઓ તથા જે કોઈ પરોપકાર કરવાની કોશિશ કરે છે, તેમના લાભમાં.

એતદ્દેશી તથા પરદેશી બધી સુવાર્તાપ્રસારક મંડળીઓના લાભમાં, એ માટે કે પૃથ્વી પરના સઘળા લોક ખ્રીસ્તને શરણે આવીને સનાતન જીવનના વારસ થાય.

ભજનારાઓ ઊભા રહીને ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે.

ઉપદેશક તથા ભજનારાઓ બન્ને હજી ઊભા રહીને પ્રેરિતોનું વિશ્વાસનામું અને પ્રભુપ્રાર્થના ખુલ્લે અવાજે સાથે બોલે.

હવે ઉપદેશક પવિત્ર શાસ્ત્રને આધારે બોધભાષણ કરે, અને ભાષણની સમાપ્તિમાં સ્તોત્રવચન ઉચ્ચારે.

બોધભાષણ સમાપ્ત કર્યા બાદ ઉપદેશકે કહેવું કે, "આપણે પ્રાર્થના કરીએ," એટલામાં ભજનારાઓ ઊભા રહે, નહિ તો ઘુંટણે પડે.

પછી ઉપદેશક બોધભાષણ પરથી શ્રોતાજનોને આશીર્વાદ મળે, એવી ટુંકી વિનંતી કરે.

પ્રાર્થના કર્યાં બાદ ઉપદેશકે આમ બોલવું કે, "હવે આપણે અર્પણ-દ્વારા ભજન કરીએ."

ઉઘરાણું કરવામાં આવે તે પહેલાં ઉપદેશક નીચેનાં કોઈ શાસ્ત્રીય વાક્યો વાંચી સંભળાવે:—પ્રે. કૃ. ૨૦; ૩૫. ૨ કરીં. ૮: ૯: ૯; ૬, ૭. ગલા. ૬; ૧૦. ૧ તીમો. ૬: ૧૭, ૧૮, ૧૯. હેબ્રી. ૬; ૧૦: ૧૩; ૧૫. ૧ યોહા. ૩; ૧૭.

નહિ તો એજ અર્થનાં શાસ્ત્રમાંનાં બીજાં કેટલાંક વાક્યો વાંચે. જેમકે—નિર્ગ. ૨૫; ૨. પુન. ૧૬; ૧૬, ૧૭. ૧ કાળ. ૨૯; ૧૧, ૧૪. ગીત. ૪૧; ૧. દષ્ટાં. ૧૯; ૧૭. મા. ૫; ૧૬: ૬; ૧૯, ૨૦: ૭; ૧૨, ૨૧. લુક ૧૯; ૮. ૧ કરીં. ૯; ૭, ૧૧, ૧૩, ૧૪. ગલા. ૬; ૬, ૭. ૧ તીમો. ૬; ૬, ૭.

સેવકો આપેલાં દાન મેજની પાસે લાવે ત્યારે ઉપદેશકે પ્રભુની પાસે દાન પર આશીર્વાદ માગતાં તેનું સમર્પણ કરવું.

[મંડળીને લગતી કાંઈ પણ ખાસ વાત પ્રગટ કરવાની હોય તો તે વાત હવે જાહેર કરવી.]

ભજનારાઓ ઊભા રહીને ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે.

ભજનારાઓ હજી ઊભા હોય એટલામાં ઉપદેશક આશીર્વચન ઉચ્ચારે.

પછી ભજનારાઓ બેસીને પોતાના મનમાં ટુંકી પ્રાર્થના કરે. એ પ્રાર્થના કરી રહ્યા પછી તેઓએ યોગ્ય તથા ગંભીર રીતિએ ભજન-સ્થાનમાંથી વિદાય થવું.

અમારી પોતાની કલ્પનાઓ તથા અમારી પોતાની ઇચ્છાઓને વશ થયાં છીએ. તારા પવિત્ર નિયમોનું અમે ઉલ્લંઘન કીધું છે. જે જે કરવું જોઈતું હતું તે અમે પડતું મૂક્યું, અને જે જે કરવું જોઈતું નહોતું તેજ અમે કર્યું છે, અને અમારામાં કાંઈ તંદુરસ્તી નથી. પણ, હે પ્રભુ, તું અમ અધમ ગુન્હેગારો પર દયા કર. જેઓ પોતાનાં પાપ કબુલ કરે છે તેમને, હે દેવ, તું ક્ષમા આપ. અમારા પ્રભુ ખ્રીસ્ત ઇસુએ જે જે વચનો અમને આપ્યાં છે તે વચનો તું પુરાં કરતાં હરકોઈ પસ્તાવિક મનવાળાને તારા ટોળામાં પાછો લાવ. અને, હે પરમ દયાળુ પિતા, તારૂં પવિત્ર નામ મહિમાવાન થાય માટે હવે પછી અમે આયુષ્યભર શુદ્ધતાથી તથા ન્યાયીપણાથી તથા ગંભીરતાથી તારી સેવા કરીએ. એ અમારી વિનંતી તું પ્રભુ ઇસુને નામે સાંભળીને અંગીકાર કર. આમેન.

અથવા—

પરમ દયાળુ પિતા, અમે કબુલ કરીએ છીએં કે અમે પાપમાં જન્મેલા તથા અન્યાયમાં ઉછરેલા એવા અધમ પાપી માણસ છીએ. તારાથી નિષેધિત તે અમે કર્યું અને તારાથી ઠરાવેલું તે અમે પડતું મૂક્યું, અને એમ તારા ન્યાયી તથા પવિત્ર તથા ઉત્તમ નિયમોનું ઉલ્લંઘન અમે કર્યું છે. હાથથી દુષ્કરણીઓ કરીને અને મનથી ગુપ્ત અપરાધો કરીને અમે તારી તેમજ અમારા ભાઈઓની દૃષ્ટિમાં ખરેખર દોષિત ઠર્યાં છીએ. તારૂં શાસ્ત્ર અમને સત્યપ્રકાશ આપે છે, અમારૂં પોતાનું મન પણ અમોને પાપ કરતી વેળાએ રોકવાનું કરે છે, અને તારો પવિત્ર આત્મા પાપ મુકાવવા સારૂ અમારા પર પોતાની અસર કરે છે, એમ છતાં પણ અમે અજ્ઞાનતા તથા અબળતાને કારણે અને તે ઉપરાંત અમે જાણી જોઇને પણ પાપને માર્ગે ચાલ્યા ગયા છીએ. માટે હે પ્રભુ, અમે તારી આગળ નિરૂત્તર છીએ.

પરંતુ, હે પ્રભુ, અમે પસ્તાવો કરીએ છીએ, અને તને નાખુશ કર્યાંને લીધે અમે બહુ દિલગીર થઈએ છીએ. અમે દુષ્કૃત્યો કર્યાં માટે અમને અફસોસ! અને હવે તું કૃપા કરીને અમારી કલેશી તથા દુઃખદ સ્થિતિ વિષે અમને મદદ કર, એવી વિનંતી કરીએ છીએ.

ક્ષમાની વિનંતી.

હે પ્રભુ, અમે તારા કૃપાસનની આગળ આવ્યા છીએ, કેમકે તારાં મૂલ્યવાન વચનો પ્રમાણે તું અમારા પર દયા કરશે, એવી અમારી આશા છે. તારો વહાલો પુત્ર વધસ્તંભે જડાયો ત્યારે તેણે અમારી ખાતર જે યજ્ઞાર્પણ કીધું, વળી તારે જમણે હાથે રહીને અમારા લાભમાં જે મધ્યસ્થી તે નિરંતર કરે છે, તે બંને, હે પ્રભુ, તારી નજરે ખરેખર માન્ય છે, એવી અમારી ખાતરી છે. તે પરથી અમે તારી આગળ નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ કે તું તારા પુત્રના નામની ખાતર અમારાં બધાં પાપની સંપૂર્ણ માફી કૃપા કરીને આપ. આમેન.

અથવા—

હે સર્વસમર્થ ઈશ્વર, તેં તારો એકનોએક દીકરો અમોને આપ્યો એ સારૂ કે તે સ્વાર્પણ કરીને આખા જગતનું પાપ હરણ કરે. માટે જેટલા પસ્તાવિક મન રાખીને હાલ તારી ગમ વળે તે સર્વ પર તું દયા કર. ખ્રીસ્ત ઈસુના નામની ખાતર તું અમારાં પાપ ભુંસી નાખીને પુરેપુરી માફી આપ. અમે પાપરૂપી સાંકળના બંધનમાં બંધાએલા છીએ ખરા, તો પણ, હે પ્રભુ, તું અમારા પર તારી પુષ્કળ દયા કરીને અમોને બંધનથી છોડવ, અને સનાતન જીવતદાન તું અમોને આપ. આમેન.

અથવા—

હે દયાળુ પ્રભુ, અમે તારા સઘળા વિશ્વાસુ શિષ્યો પોતાનાં સર્વ પાપથી શુદ્ધ થઈએ તથા શાંત મનથી તારી સેવા પણ કરીએ માટે અમને માફી તથા શાંતિ આપ, એવી વિનંતી અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે તું માન્ય કર. આમેન.

(ગ) કૃપાપ્રાપ્તિને સારૂ વિનંતી.

હે પ્રભુ, અમારા આકાશવાસી પિતા, જે કોઈ તારી પાસેથી કાંઇ માગે છે તે દરેકને તું ઉત્તમ દાન આપવા નિત્ય તૈયાર છે, માટે અમ તારાં અબળ તથા અજ્ઞાની બાળકોની વિનંતી દયા કરીને સાંભળ. અમારી બધી ગરજો તું સારી પેઠે જાણે છે, ને અમારી ગરજના પ્રમાણમાં, વળી તારી જે અપાર પ્રીતિ તેના પ્રમાણમાં પણ, અમારે જે કાંઈ જોઈએ તે

તું પુરૂં પાડ. અમારી દુર્બળતાથી અમને મુક્ત કરીને તારી આજ્ઞાઓ પાળવાનું બળ અમને આપ, અને તારા ઉદાર આત્માએ કરીને અમને નિભાવી રાખ. તેં અમારે માથે જે ફરજ મૂકી છે તે બધી ફરજ અમે પુરા મનથી અદા કરીએ. પછી અમારૂં કર્તવ્ય સારી પેઠે પુરૂં કર્યાં બાદ અમે નિષ્કપટ અંતઃકરણ તથા સંતોષી મનથી તારી સેવા કર્યાંનું શુભ ફળ ભોગવીએ. તું અમને તારા એવા માર્ગોમાં ચલાવ કે જેમાં તારૂં વચન દીવારૂપ જણાઈ આવે અને તારા પવિત્ર આત્માની સાથે અમે સમાગમ પામતા જઈએ. ઈસુ ખ્રીસ્ત જે તારો પુત્ર અને અમારો પ્રભુ છે તેના વિશ્વાસુ શિષ્યોના ગણમાં અમે નિત્ય ટકી રહીએ. તેના નામની ખાતર અમારૂં સાંભળીને અંગીકાર કર. આમેન.

ગીતશાસ્ત્રમાંથી કોઇ ગીતનું વાંચન.

પવિત્ર શાસ્ત્રમાંથી વાંચનપાઠ—જુના કરારમાંથી કાઢેલો.

સ્તોત્રગાયન.

પવિત્ર શાસ્ત્રમાંથી વાંચનપાઠ—નવા કરારમાંથી કાઢેલો.

સ્તોત્રગાયન.

પ્રાર્થના.

(ક) ઉપકારસ્તુતિ.

હે સર્વસમર્થ દયાનિધિ પ્રભુ પરમેશ્વર, તું ભલાઈથી તથા માયાળુપણાથી અમારી તેમજ સર્વ માણસની સાથે વર્તતો આવ્યો છે, માટે અમે તારા નાલાયક સેવકો ખરા મનથી તારો ઉપકાર નમ્રતાપૂર્વક માનીએ છીએ.

[જેમના પર તેં હમણાંજ તારી કૃપા કરી છે, વિશેષે કરીને તેમને નામે અને તેમની વિનંતી પ્રમાણે અમે હાલ તારો ઉપકાર માનીએ છીએ.]

તેં અમને સૃજ્યાં, આજ દિન સુધી અમને સંભાળી રાખ્યાં, અને અમારા પર તારાં પુષ્કળ કૃપાદાનો રેડયાં, માટે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ. વળી તેં અકથ્ય પ્રીતિ કરીને અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને

આસરે સઘળા લોકોનાં પાપનું પ્રાયશ્ચિત કરાવ્યું છે, અને એ ઉપરાંત અનુગ્રહનાં સાધનો અમને આપ્યાં છે, તેમજ મહિમા પામવાની આશા અમારામાં ઉપજાવી છે, માટે અમે તારી ઉપકારસ્તુતિ કરવા ઇચ્છીએ છીએ. હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, તારાં કૃપાદાનો નિત્ય સંભારીને અમે તારા ખરેખર આભારી સેવકો થઇએ. પછી અમે કેવળ અમારા હોઠોથીજ નહિ પણ સુકૃત્યોથી તારી સ્તુતિ કરીએ, અને બધી વાતમાં તારી ઇચ્છાને આધીન રહીને અમે આયુષ્યભર પવિત્રાઈ તથા ન્યાયીપણાને ધોરણે તારી આગળ ચાલ્યા કરીએ. આ વિનંતી અમે ખ્રીસ્ત ઈસુને નામે કરીએ છીએ. પિતા, પુત્ર, તથા પવિત્ર આત્માને માન તથા મહિમા સદા સર્વકાળ સુધી હોજો. આમેન.

વળી અમારા જે મિત્રો મરણદ્વારે અમારાથી વિખુટા પડ્યા છે, અને જેઓ હવે અમારી આંખ આગળથી જતા રહેલા છે, અને પોતાની મહેનતથી વિસામો પામીને હાલમાં, હે પિતા, તારી સોડમાં આવી પહોંચ્યા છે, તેમને સંભારતાં અમે તારી સ્તુતિ કરીએ છીએ. તેઓ ખ્રીસ્તને અનુસરતા તેમજ અમે તેમને અનુસરીએ. તને પસંદ પડે ત્યારે, હે પ્રભુ, અમે ફરીથી તેમની સાથે મુલાકાત કરીએ, અને છેવટે તેમની સાથે પ્રીતિ તથા સેવારૂપી નિકટ બંધનથી બંધાઈએ, એવી આશા રાખતાં અમે તારાથી દિલાસો પામીએ. ખ્રીસ્ત ઈસુના નામની ખાતર માગીએ છીએ. આમેન.

અથવા—

તારા જેટલા સેવકો તારા પર વિશ્વાસ તથા તારી સુબીક રાખીને આ મૃત્યુલોકમાંથી વિદાય થયા છે, તેમને સારૂ, હે પ્રભુ, તારા પવિત્ર નામને ધન્ય હોજો. તેઓ પ્રભુ ઈસુ ખ્રીસ્તના અનુસરનારા હતા, તેમજ અમે પણ તેમનાં પગલાંમાં ચાલીએ, પછી અમે તથા તેઓ બન્ને, પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માની સાથે સંગત પામીને, તારા આકાશમાંના રાજ્યના વારસ થઇએ, એવી કૃપા અમારા પર કર. ઈસુ ખ્રીસ્ત જે અમારો એકજ મધ્યસ્થ તેની ખાતર તું અમારૂં સાંભળીને અંગીકાર કર. આમેન.

(ખ) બીજાઓના લાભમાં વિનંતીઓ.

સર્વસમર્થ તથા પરમ દયાળુ પિતા પરમેશ્વર, અમારા મહારાજાધિરાજ જ્યોર્જ પાંચમા, જે હિંદના શહેનશાહ, તેમજ મેરી શહેનશાહઆનુ, જે અમારાં માનવંતાં મહારાણી સાહેબા, તથા રાજમાતા આલેકસાંદ્રા મહારાણી સાહેબા તથા પાટવી કુંવર એડ્વર્ડ, તથા સઘળાં રાજકુટુંબીઓ, એઓ બધાં પર તું તારી કૃપા કર.

શહેનશાહી પ્રધાનમંડળ પર તથા પાર્લામેંટની અમીરની તથા આમની સભાઓ [જે હાલ મળેલી છે] તેમના પર સુબુદ્ધિનો આત્મા રેડ.

વળી આ હિંદ દેશના વાઈસરાય સાહેબ તથા ગવર્નર સાહેબો તથા તેમની ધારાસભાઓના સભ્યો તથા ન્યાયાધીશો, તથા શહેનશાહને તાબેના સઘળા અમલદારો, વળી વિવિધ સંસ્થાનોના રાજાઓ તથા રાજ્યાધિકારીઓ, તેમના હકમાં અમે વિનંતી કરીએ છીએ કે તેઓ ડાહપણથી, ન્યાયીપણાથી, તથા દયાથી, પોતાને સોંપાએલા અધિકારનો એવો અમલ કરે કે જેથી તારૂં પવિત્ર નામ મહિમાવંત મનાય, અને તારી મંડળીનું તથા તારા સેવકોનું પરમહિત નીપજે. એ વિનંતી અમે અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે તારા ચરણ આગળ મૂકીએ છીએ. આમેન.

અથવા—

હે સર્વસમર્થ પરમેશ્વર, તું રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે, અને તારૂં રાજ્ય સર્વકાળનું છે. જે દેશમાં અમે રહીએ છીએ તેના પર તું તારી રહેમનજર રાખ. મહારાજાધિરાજ જ્યોર્જ પાંચમા, જે હિંદના શહેનશાહ, તથા મેરી રાણી સાહેબા, તથા રાજમાતા આલેકસાંદ્રા, તથા પાટવી કુંવર, તથા રાજકુટુંબીઓ, તેમના હકમાં અમે તારી આગળ વિનંતી કરીએ છીએ. વળી વાઈસરાય સાહેબ, આ ઈલાકાના ગવર્નર સાહેબ [**નહિ તો** આ સંસ્થાનના રાજા સાહેબ], તથા તેમને તાબેના સર્વ અમલદારો, એઓ પર તારો આશીર્વાદ મોકલ, એ માટે કે આ રાજ્યને લગતી બધી બાબત ન્યાય તથા દયાને ધોરણે ચલાવવામાં આવે, અને તેથી તારૂં પવિત્ર નામ મહિમાવંત મનાય.

સર્વ દેશોમાં શાંતિ તથા આબાદીનો ફેલાવો કર, અને ભૂમિમાંથી પુષ્કળ ફળ ઉપજાવ. તું દયા કરીને લડાઈ તથા મરકી તથા સઘળી તરેહના પીડાપાતથી અમને બચાવી રાખ, કે જેથી અમે અમારા આયુષ્યભર શાંતિ તથા આનંદ પામીને તારી સેવા બજાવીએ.

હે પ્રભુ, તું કરૂણાનો બાપ તથા સર્વ દિલાસાનો દેવ છે. સર્વ માનવો, પછી હોય રાજા કે હોય રંક, તેમના હિતને અર્થે અમે તારી આગળ નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ. દરિદ્રી તથા લાચાર, વિધવા તથા અનાથ, પરદેશી તથા અનાશ્રિત, માંદા તથા મરણતોલ, એઓ સઘળાંને સંભારતાં તેમના પર તું દયા કર.

[જેઓએ અમારી પાસે આજે પ્રાર્થના કરાવવાનું માગ્યું છે તેમને માટે અમે વિશેષે કરીને વિનંતી કરીએ છીએ.]

નિર્ગત થએલાઓને તું તારૂં બળ આપ, દુઃખમાં પડેલાઓને તું તારો દિલાસો દે, જેઓ આધાર વિનાના તેઓનો તું મિત્ર થા, જેઓ અંધારામાં ભટકી ગએલા તેઓ પ્રત્યે તું પ્રકાશરૂપ થા, અને જેઓ મરણની અણી પર આવેલા તેમનામાં તારા પર પુરી આશા ઉપજાવ.

ખુસ્કી માર્ગે કે જળમાર્ગે જે કોઈ મુસાફરી કરે છે તેઓને હરેક જોખમથી બચાવ. સઘળા કેદી તથા બંદીવાન, સઘળા હેરાન તથા પીડિત, તે સઘળાંને તું મદદ કર. જેઓ પરીક્ષણમાં પડેલા હોય તેમજ અંધારામાં કે ગુંચવણમાં આવેલા હોય તેમના પર તું દયાદૃષ્ટિ કર, અને તેમને તારો પવિત્ર આત્મા આપીને બળવાન કર.

જેઓ અમારા શત્રુ છે તેમના પર તું દયા રાખ, તથા તારી પ્રીતિ જે સહનશીળ છે તે વડે તું તેમનાં તેમજ અમારાં હૃદય ભરપુર કર. ઈસુના નામની ખાતર અમારૂં સાંભળ. આમેન.

સર્વસમર્થ પ્રભુ, તેં પ્રેરિતો તથા ભવિષ્યવાદીઓના પાયા પર તારી મંડળી બાંધેલી છે, અને ઈસુ ખ્રીસ્ત પોતે તો ખુણાનું મથાળું છે. હવે અમે તારી વિનંતી કરીએ છીએ કે પવિત્ર આત્માની અમારા પર એવી અસર થાય કે અમે તથા તારા સર્વ સેવકો આત્માની એકતા

તથા સલાહના બંધને કરીને નિકટ સંબંધમાં આવીએ, અને એમ તને પસંદ પડે એવું પવિત્ર મંદિર થઈએ.

આ દેશમાં તારી જે મંડળી, અને વિશેષે કરીને આ શહેરમાં [કે ગામમાં] તારો જે સમાજ સ્થપાએલો છે તેના પર તારી એવી કૃપા કર કે જેથી તેના સઘળા સભાસદો તારા વિષેના જ્ઞાનમાં દિનપ્રતિદિન વધતા જાય, અને તેમનામાં આત્માનું ફળ હમેશાં ઉપજે.

દેવના વચનના જે સેવકો અને તારી મંડળીના જે અમલદારો અને તારૂં રાજ્ય ફેલાવવાને જે કોઈ કંઈ પણ પ્રયત્ન કરે તે સઘળા પર તારા પવિત્ર આત્માની મારફતે સત્યપ્રકાશ પાડ. તેમને ન્યાયીપણાથી વેષ્ટિત કર, અને તારી સેવા કરવા સારૂ તેઓ બળવાન થાય માટે પરાત્પરનું પરાક્રમ તેમના પર રેડ. અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તની ખાતર અમારી આ વિનંતી સાંભળ.

સાર્વત્રિક મંડળી પર તારો આશીર્વાદ મોકલ કે જેથી તારા લોકોમાં એકતા તથા શાંતિ બધે વ્યાપી રહે. મતમતાંતરની તકરારથી તારી મંડળીને છોડવ એ સારૂ કે તારી ઉદ્ધાર પામેલી તથા પવિત્ર થએલી મંડળી સર્વ દેશજાતિઓની આગળ વધારે ને વધારે સ્પષ્ટતાથી તારો મહિમા દર્શાવે.

હે દેવ, તેં માણસોની સર્વ દેશજાતીઓને આખી પૃથ્વીની પીઠ પર રહેવા સારૂ એકમાંથી ઉત્પન્ન કીધી, અને જેઓ વેગળા તેમજ જેઓ પાસેના તેઓને સુવાર્તા પ્રગટ કરવા સારૂ તેં તારો મહિમાવાન દીકરો મોકલ્યો છે, તે પરથી અમે હિમ્મત ધરીને તારા કૃપાસનની આગળ વિનંતી કરીએ છીએ કે આ દેશના, હા, સર્વ દેશના લોક તને શોધે ને શોધીને પામે. વળી, હે અમારા આકાશવાસી પિતા, તારો આત્મા સર્વ માણસો પર રેડવાનું તારૂં જે વચન છે, તે તું પુરૂં પાડવા ઉતાવળ કર. ઈસુ ખ્રીસ્ત અમારા તારનારના નામની ખાતર અમારૂં સાંભળીને અંગીકાર કર. આમેન.

સ્તોત્રગાયન.

પ્રેરિતોનું વિશ્વાસનામું.

સર્વસમર્થ ઈશ્વર જે પિતા,
આકાશ તથા પૃથ્વીનો પેદા કરનાર,
તેને હું માનું છું.
વળી તેનો એકનોએક પુત્ર,
અમારો પ્રભુ જે ઈસુ ખ્રીસ્ત,
તેને હું માનું છું.
તે પવિત્ર આત્માને યોગે ગર્ભસ્થાનમાં રહી મરિયમ કુંવારીથી જન્મ્યો,
તેણે પોંતિયસ પિલાતની હસ્તક દુઃખ વેઠ્યું,
તે વધસ્તંભે જડાયો,
તે મરણ પામ્યો,
તે દટાયો,
ને અદૃશ્ય લોકમાં જઈ ઉતર્યો;
તે ત્રીજે દહાડે મુએલાંમાંથી ઉઠ્યો,
તે આકાશમાં ચઢી ગયો,
ને સર્વસમર્થ ઈશ્વર પિતાને જમણે હાથે બિરાજેલો છે;
ત્યાંથી જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાય કરવા સારૂ તે આવવાનો છે.
વળી પવિત્ર આત્માને હું માનું છું;
પવિત્ર સાર્વત્રિક મંડળી,
પવિત્ર લોકોની સંગત,
પાપની ક્ષમા,
શરીરનું પુનરૂત્થાન,
તથા સર્વકાળનું જીવન,
એ વાતો હું માનું છું. આમેન.

પ્રભુપ્રાર્થના.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યું છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર, કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

બોધભાષણ.

ભાષણની સમાપ્તિમાં સ્તોત્રવચન.

હવે, કૃપાનિધિ દેવ, જેણે ખ્રીસ્ત ઇસુમાં આપણને પોતાનો સર્વકાળનો મહિમા પામવાને બોલાવ્યા છે, તેને મહિમા તથા સત્તા સદા સર્વકાળ હોજો. આમેન.

અથવા—

હવે જે તમને ઠોકર ખાવાથી બચાવી રાખવા, ને પોતાના ગૌરવની સન્મુખ તમને નિર્દોષ તથા પરમાનંદમાં મૂકવા સમર્થ છે, એટલે આપણો તારનાર જે એકલો દેવ તેને ગૌરવ તથા મહત્વ, પરાક્રમ તથા અધિકાર, અનાદિકાળથી તે હમણાં તથા સર્વકાળ સુધી હોજો. આમેન.

બોધભાષણ પછીની પ્રાર્થના.

સર્વસમર્થ દેવ, અમે તારી વિનંતી કરીએ છીએ કે, હાલ જે બોધરૂપી વાત અમારે કાને પડી તે વાત તારી કૃપાથી અમારા હૃદયમાં એવી જડ ઘાલે કે તેમાંથી સદાચરણરૂપી શુભ ફળ નીપજે અને તારા નામનું માન તથા મહિમા વૃદ્ધિ પામે. ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુના નામની ખાતર આ વિનંતી કરીએ છીએ. આમેન.

અથવા—

હે પ્રભુ, સુવાર્તારૂપી જે બી માનવના દીકરાએ આજે અહીં વાવ્યું છે તેમાંનું શેતાન આવીને અમારા હૃદયમાંથી કંઇ લઇ લે, અથવા પરીક્ષણ તથા સતાવણીના તાપથી કંઇ બળી જાય, અથવા સંસારની ચિંતા તથા વિલાસથી કંઇ દબાઇ જાય, એવું, હે દીનદયાળ પ્રભુ, તું થવા ન દે. પણ,

તેથી ઉલટું, આજનું વાવેલું બી અમે ચોખા તથા રૂડા દિલથી અમારામાં રાખીએ, અને એમ અમારામાં વિશ્વાસ તથા ન્યાયીપણાનાં પુષ્કળ શુભ ફળ નીપજે. અમારા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રીસ્તના નામની ખાતર અમારૂં સાંભળ. આમેન.

દાનાર્પણને લગતાં શાસ્ત્રમાંનાં વાક્યો.

તમારે નબળાઓને સહાય કરવી જોઈએ, ને પ્રભુ ઈસુનું વચન જે તેણે પોતે કહ્યું તેને યાદ રાખવું કે, પામવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે. પ્રે. કૃ. ૨૦ ; ૩૫.

તમે આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા જાણો છો કે તે ધનવાન છતાં આપણે લીધે દરિદ્રી થયો, એ સારૂ કે તમે તેના દરિદ્રથી ધનવાન થઈ જાઓ. ૨ કરીં. ૮ ; ૯.

જેમ પ્રત્યેકે પોતાના હૃદયમાં અગાઉ ઠરાવ્યું તેમ આપવું ; ખેદથી નહિ, ને અગત્યથી નહિ ; કેમકે સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. ૨ કરીં. ૯ ; ૭.

ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભુલો મા, કેમકે એવાં અર્પણથી દેવ બહુ સંતુષ્ટ થાય છે. હેબ્રી. ૧૩ ; ૧૫.

જેની પાસે આ જગતનું દ્રવ્ય હોય ને પોતાના ભાઈને ગરજ છે એવું જોઈને તે પર પોતાની દયા બંધ કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી તરેહ રહે છે? ૧ યોહા. ૩ ; ૧૭.

દાનસમર્પણની પ્રાર્થના.

હે પરમેશ્વર, તું પરમ કૃપાળુ તથા પરમ દયાળુ દેવ છે, અને તારા ઉદાર હાથમાંથી અમારામાંના દરેકને કૃપાદાનો મળ્યાં છે. હવે જે દાન અમ તારા સેવકોએ તારા ચરણ આગળ મૂક્યું છે તેનો તું અંગીકાર કર. જેઓ આ દાનાર્પણ લાવ્યા અને જેઓના લાભમાં તે તારી આગળ મૂકવામાં આવ્યું છે તેઓ બધાના હિતાર્થે તું તેઓનું સ્મરણ કર. વળી તે દાન પર તારો એવો આશીર્વાદ રેડ કે જેથી આ દાન વડે પૃથ્વી પર શાંતિ તથા માણસો મધ્યે પ્રસન્નતા પ્રસરી જાય અને અમારા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રીસ્તનું રાજ્ય ફેલાય. આમેન.

અથવા—

હે પ્રભુ, તું તમામ પૃથ્વીનો રાજા અને અમારો નિયંતા દેવ છે. અમે તારા સેવકો રાજીખુશીથી તથા આનંદથી આ દાનો તારા નામના મહિમાને અર્થે તારા ચરણ આગળ મૂકીને સમર્પિત કરીએ છીએ. તેમને તું કૃપા કરીને સ્વીકાર. તે દાનાર્પણો પર તારો આશીર્વાદ રેડ, એ સારૂ કે તેઓ તારી સેવાને અર્થે કામમાં આવે, અને એ પરથી તારો મહિમા તેમજ તારી મંડળી તથા તેમાંના લોકનું હિત વધે. અમારી આ દીન વિનંતી અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તના નામની ખાતર સાંભળ. આમેન.

સ્તોત્રગાયન.

આશીર્વચન.

પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા,
તથા દેવની પ્રીતિ,
તથા પવિત્ર આત્માની સંગત,
તમ સર્વની સાથે થાઓ. આમેન.

અથવા—

પ્રભુ તમને આશીર્વાદ આપો,
ને તમારૂં રક્ષણ કરો;
પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તમારા પર પાડો,
ને તમારા પર કૃપા કરો;
પ્રભુ પોતાની રહેમનજર તમારા પર રાખો,
ને તમોને શાંતિ આપો. આમેન.

અથવા—

હવે દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે દેવના તથા તેના પુત્ર ઈસુ ખ્રીસ્તના જ્ઞાન તથા પ્રીતિમાં તમારાં હૃદયોને તથા મનોને સંભાળી રાખો;

અને પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્મા, જે ત્રિએક સર્વસમર્થ દેવ, તેનો આશીર્વાદ તમારા પર ઉતરી આવો અને તમારી સાથે સદા સુધી રહો. આમેન.

ખ્રિસ્તી ધર્મસંસ્કારો.

બાપ્તિસ્માનો પવિત્ર સંસ્કાર.

બાપ્તિસ્માના સંસ્કારની ક્રિયાની અનુક્રમણિકા.

૧. પ્રસ્તાવનારૂપી વાક્યો.

૨. શાસ્ત્રવાંચન અને સંસ્કાર વિષે ખુલાસાકારક તથા ઉત્તેજનદાયક બોધ.

૩. પ્રાર્થના.

૪. વિશ્વાસની કબુલાત તથા તેને લગતી માનતાઓ.

૫. સંસ્કાર પહેલાંની પ્રાર્થના.

૬. જળસંસ્કારની ક્રિયા.

૭. સંસ્કાર પછીની પ્રાર્થના ⟦તથા પ્રભુપ્રાર્થના⟧.

૮. ⟦સ્તોત્રગાયન.⟧

૯. ⟦બાપ્તિસ્મા પામનારાઓ [કે માબાપો] તથા સભાને શિખામણરૂપી બોધ.⟧

૧૦. આશીર્વચન.

નોંધ:—સંસ્કારની ક્રિયા ટુંકી કરવી હોય તો બેવડા ચોરસ કૌંસમાંની બાબતો પડતી મૂકવી.

સૂચનાસંગ્રહ.*

દૃશ્ય મંડળીમાં દાખલ થનારા પુખ્ત ઉમરના ઉમેદવારોએ ખ્રીસ્તી ધર્મનાં મૂળતત્ત્વો વિષે સુશિક્ષિત થઇને પોતાના જ્ઞાન તથા સદાચરણ સંબંધી સંતોષકારક પ્રમાણ આપ્યા બાદ ખ્રીસ્ત પરનો પોતાનો વિશ્વાસ તથા તેને આધીન રહેવાનો પોતાનો ઠરાવ જાહેરાત રીતિએ કબુલ કરીને બાપ્તિસ્મા લેવું જોઇએ.

દૃશ્ય મંડળીના સભાસદોનાં બાળકોને બાપ્તિસ્મા આપવું.

જેઓ પોતાનાં બાળકોને બાપ્તિસ્મા અપાવવા ચાહે છે તેઓએ વખતસર પોતાની ઇચ્છા ધર્મપાળકને જણાવવી. ત્યાર બાદ પાળકે યોગ્ય પ્રસંગે એવાં ખ્રીસ્તી માબાપની ખાસ મુલાકાત કરીને તેમનાં બાળકોને ઉછેરવા તથા શિક્ષણ પમાડવા વિષે તેમને પોતાની ફરજ સમજાવવી.

કોઇપણ માણસને બાપ્તિસ્મા એકજ વાર આપવું.

બાપ્તિસ્માનું નામપત્રક સંભાળથી રાખવું, ને તેમાં દરેક બાપ્તિસ્મા પામનારની હકીકતના લેખ પર સંસ્કાર પળાવનાર ધર્મપાળકે સહી કરવી જોઇએ.

પુખ્ત ઉમરના જે માણસો બાપ્તિસ્મા પામે છે તેઓ બાપ્તિસ્મા પછી વિલંબ કર્યા વગર પ્રભુનું ભોજન પાળે એ ઘટતું તથા ઇષ્ટ છે. પરંતુ પ્રભુનું ભોજન કેવા પ્રકારની ધર્મક્રિયા છે, ને તે પાળનારાઓને શિર કેવી ફરજો રહેલી છે, તે વિષે એવાઓને સંભાળથી યોગ્ય શિક્ષણ આપવાની જરૂર છે.

બાપ્તિસ્માનો સંસ્કાર જાહેરાત ભજનસેવા વખતે મંડળીના લોકની રૂબરૂમાં પાળવાનો રિવાજ રાખવો. અપવાદ તરીકે, ખાસ અગત્ય હોય તોજ તે ખાનગી રીતે પાળવામાં આવે, એવી છુટ છે.

ગમે તો ઉપદેશ કર્યા પછી અથવા તો શાસ્ત્રવાંચન પછી જળસંસ્કાર પળાવવો અનુકૂળ દીસે છે જો સંસ્કાર શાસ્ત્રવાંચન પછી પળાવવામાં આવે તો હમેશના બોધભાષણને બદલે બાપ્તિસ્મા પામનારાઓને તથા મંડળીના લોકોને શિખામણરૂપી બોધ આપી શકાય.

સંસ્કાર પાળવાનો વખત આવે ત્યારે બાપ્તિસ્મા પામનારાઓએ [બાળક હોય તો માબાપે, અથવા માબાપ ન હોય તો જે ખ્રીસ્તી માણસો બાળકને પ્રભુની બીકમાં ઉછેરવા માટે બંધાએલા તથા રાજી છે તે વાલીઓએ] સભા સમક્ષ ઊભા રહેવું.

સત્યશાસ્ત્રનાં કેટલાંક વચનો વાંચી ધર્મપાળક લોકોને બોધ આપે. તે બોધમાં તે એવું જણાવે કે જગતનું તારણ કરવામાં માણસ પર ઇશ્વરની પ્રીતિ દેખાડવામાં આવે છે તે પ્રીતિ આ સંસ્કારમાં ખરા વિશ્વાસીઓ પ્રત્યે પ્રગટીને મુદ્રિત થાય છે. વળી ખ્રીસ્ત સાથેની સંગત કેવી આશીર્વાદયુક્ત છે તથા પ્રભુના લોક તરીકે જેઓ અર્પિત થાય છે તેઓને શિર કેવી ફરજો રહેલી છે તે પણ જાહેર કરે. બાળકોના બાપ્તિસ્મા વખતે પાળક નીચે લખેલા વિષયો વિષે બોધ કરે,—બાળકો

* ચોરસ કૌંસમાં આવેલી વાતો બાળકના બાપ્તિસ્માને લગતી છે.

પર ખ્રીસ્તની પ્રીતિ, મંડળીમાં વારસો પામવાને માટે તેમનો હક, તેમના વિષેનાં ઇશ્વરવચનો (જે વચનોનાં શુભ ફળ આત્મિક સાધનોનો સદુપયોગ કરવાથી ઉપજવાં જોઇએ). વળી વિશ્વાસીઓનાં બાળકોની ધાર્મિક કેળવણીના સંબંધમાં માબાપ તથા બધા વિશ્વાસીઓને શિર જે જુમ્મો રહેલો છે તે પણ ધર્મપાળકે જણાવવો જોઇએ.

પછી ધર્મપાળક મા. ૨૮; ૧૮-૨૦માં આવેલી સંસ્કારની સ્થાપનાની હકીકત વાંચી આખી સભાને આ સંસ્કારના અર્થ, ઉપયોગ તથા ઉદ્દેશ વિષે ખુલાસો સંભળાવે, ને ત્યાર પછી થનારા સંસ્કાર ઉપર આશીર્વાદ માગતાં પ્રાર્થના કરાવે.

ત્યાર બાદ ધર્મપાળકે બાપ્તિસ્મા પામનારાઓ પાસે [અથવા તો બાપ્તિસ્મી થનારાં બાળકોનાં માબાપ કે વાલીઓ પાસે] તેમના વિશ્વાસની કબુલાત કરાવવી જોઇએ, ને તેમની પાસે એવું વચન પણ લેવું જોઇએ કે જગત, દેહ તથા શેતાનને તજી દઇને અમે ખ્રીસ્તને આધીન રહીને જીંદગી ગાળીશું [તથા બાળકને પ્રભુના બોધ તથા શિક્ષણમાં ઉછેરીશું].

પછી પ્રાર્થના કરવામાં આવશે. તેમાં જળસંસ્કારમાં દર્શાવેલી તથા મુદ્રિત થએલી કૃપાને લીધે ઇશ્વરની ઉપકારસ્તુતિ કરી બાપ્તિસ્મા પામનારાઓને સદરહુ કૃપા બક્ષવામાં આવે તથા સંસ્કારના આત્મિક ઉપયોગને અર્થે પાણી આશીર્વાદિત થાય એવી વિનંતી કરવી.

ત્યાર બાદ સભામાં હાજર થએલા બધા માણસો આદરભાવથી ઊભા થાય, [બાપ, કે બાપ ન હોય તો તેને બદલે વાલી, બાળકને બાથમાં લે,] ને ધર્મપાળક સંસ્કાર પામનારને શિર પાણી રેડીને અથવા છાંટીને * તેનું નામ ઉચ્ચારીને બોલે કે, " ...., બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે હું તમારૂં બાપ્તિસ્મા કરૂં છું. આમેન."

ત્યાર પછી તે શાસ્ત્રમાંનું કોઇ આશીર્વચન ઉચ્ચારે, જેમકે ગણ. ૬ ; ૨૪-૨૬ અથવા ૧ થેસ્સા. ૫ ; ૨૩, ૨૪.

પછી સભા બાણી વળીને ધર્મપાળક એવું જાહેર કરે કે બાપ્તિસ્મા પામનારાઓ ખ્રીસ્તી મંડળીની સંગતમાં દાખલ થયા છે, એ માટે કે હવે પછી તેઓ જીંદગી પર્યંત ખ્રીસ્તની સેવા વિશ્વાસુપણાથી કરે.

ત્યાર બાદ ધર્મપાળકે પ્રાર્થના કરી ઇશ્વર પાસે માગવું કે તે પિતા તરીકે કૃપા કરીને બાપ્તિસ્મા પામનારાઓને સુશિક્ષણ આપે તથા તેમનું સંરક્ષણ કરે કે તેઓ [આગળ જતાં] તેના સ્વર્ગીય રાજ્યના વારસો થઇને તેની સેવા કરે. તે પ્રાર્થના સમાપ્ત કર્યા પછી ખ્રીસ્તની શિખવેલી પ્રભુપ્રાર્થના બોલવામાં આવે તો ઘટિત છે.

ગીત ગવાયા પછી, જો યોગ્ય લાગે તો, બાપ્તિસ્મા પામેલાઓને, [બાળકોનાં માબાપને] તથા સભામાં હાજર થએલા માણસોને શિખામણરૂપી બોધ કરવો. છેલ્લે આશીર્વચન ઉચ્ચારીને બાપ્તિસ્માના સંસ્કારની ક્રિયા સમાપ્ત કરવી.

---

*પ્રેસ્બીટેરિયન મંડળીમાં આ ચાલુ રીત છે, પરંતુ પાણીમાં ડુબકી મરાવીને પણ બાપ્તિસ્મા પળાવી શકાય છે.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

સૂચના. આવા ચોરસ કૌંસમાં [ ] આવેલાં વાક્યોનો ઉપયોગ કેવળ બાળકના બાપ્તિસ્મા વખતે કરવો.

૧. પ્રસ્તાવનારૂપી વાક્યો.

આપણી સહાય તો આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કરનાર યહોવાહના નામમાં છે. ગીત. ૧૨૪; ૮.

યહોવાહની કૃપા તેનાથી બીનારાઓ પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે, ને તેમનાં સંતાનનાં સંતાન ઉપર તેનો ન્યાય હોય છે; જે જે તેનો કરાર માને છે તથા તેની આજ્ઞાઓ પાળવાને યાદ રાખે છે તે તે પર તે કૃપા કરે છે. ગીત. ૧૦૩; ૧૭, ૧૮.

[આ નાનાઓમાંથી એકનો નાશ થાય, એવી તમારા આકાશમાંના બાપની ઇચ્છા નથી. મા. ૧૮; ૧૪.]

૨. શાસ્ત્રવાંચન તથા સંસ્કારનો ઉત્તેજનદાયક ખુલાસો.

શાસ્ત્રવાંચન.

નીચે લખેલાં વાક્ય આ પ્રસંગને માટે યથાયોગ્ય જણાશે: યિર્મે. ૩૧; ૩૧-(૩૩), ૩૪. હઝ. ૩૬; ૨૫-(૨૭), ૩૨. માર્ક ૧; ૪-૮. યોહા. ૩; ૧-(૮), ૧૫. રૂમી. ૬; ૧-૧૧. ગલા. ૩; ૨૬-૨૯. તીત. ૩; ૪-૭.

[બાળકોના બાપ્તિસ્મા વખતે-મા. ૧૮; ૧૦-૧૪. માર્ક ૧૦; ૧૩-૧૬. પ્રે. કૃ. ૨; ૩૮-(૩૯), ૪૨.]

સંસ્કારનો ખુલાસો.

વહાલાઓ, આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રીસ્તે પુનરૂત્થાન પામ્યા પછી, બાપ્તિસ્માના પવિત્ર સંસ્કારની સ્થાપના કરતી વેળાએ, પોતાના શિષ્યોને જે વચન કહી સંભળાવ્યાં તે ઉપર ધ્યાન આપીએ:—

> "ઈસુએ (શિષ્યોની) પાસે આવીને તેઓને કહ્યું કે, આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર

આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કીધી તે સર્વ પાળવાનું તેઓને શિખવતા જાઓ; ને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." મા. ૨૮; ૧૮–૨૦.

એ ઉપરથી જણાય છે કે બાપ્તિસ્મા ઇસુ ખ્રીસ્તથી ઠરાવેલો નવા કરારનો એક સંસ્કાર છે કે જે વડે દશ્ય મંડળીમાં વિધિપૂર્વક દાખલ થવાય છે. કેવળ એમ નહિ, પણ ખ્રીસ્તમાં કલમરૂપે મેળવાઇએ છીએ, તેના લોહી વડે પાપનિવારણ પામીએ છીએ, તેના આત્માથી પુનર્જનિત થઇએ છીએ, દેવના કુટુંબમાં દત્તકપુત્રપણું પામીએ છીએ, અનંતજીવન પામવાને અર્થે પુનરૂત્થાનમાં ઉઠાડાઇએ છીએ તથા નવા જીવનમાં ચાલવા સારૂ ઇસુ ખ્રીસ્તની મારફતે દેવને અર્પિત થઇએ છીએ, એવી નિશાણી તથા મુદ્રા પણ આ સંસ્કારમાં રહેલી છે, એમ સમજવું.

[વળી બાપ્તિસ્માદ્વારા બાળકોને પણ દશ્ય મંડળી મધ્યે વિધિસહિત સ્વીકારવામાં આવે છે, ને એમ તેઓ જગતના તથા મંડળી બહારના વિધર્મી લોકથી જુદાં કરાઇને વિશ્વાસીઓની સંગતમાં જોડાએલાં થાય છે. કેમકે દેવપુત્રે નાનાં બાળકોનો આવકાર કરીને તથા તેમને ભેટીને આશીર્વાદ આપતાં કહ્યું કે, દેવનું રાજ્ય એવાંઓનું છે.]

ઇશ્વરકૃપા તથા તેથી જે તારણ તે આ સંસ્કાર સાથે એવો નિકટનો સંબંધ ધરાવે છે કે કોઇ પણ માણસ આ સંસ્કાર રહિત પુનર્જન્મ કે ઉદ્ધાર પામી ન શકે, એવું માનવું ભૂલ ભરેલું છે. તેમ બધા બાપ્તિસ્મીઓ અવસ્ય પુનર્જન્મ પામે છે, એમ સમજવું નહિ. વળી બાપ્તિસ્માની અસર સંસ્કાર પાળતી વેળાએજ સાર્થક થાય છે, એવો અગત્યનો નિયમ પણ નથી, તથાપિ આ સંસ્કારના સદુપયોગ વડે તેમાં સુચવેલી ઇશ્વરકૃપાનું વચન આપવામાં આવે છે, એટલુંજ નહિ પણ તે કૃપા પ્રભુ પવિત્ર આત્માને યોગે દર્શાવવામાં તથા લાગુ કરવામાં આવે છે. તે આત્મા જીવનદાતા છે ને તે પોતાની ઇચ્છાનુસાર માણસને સજીવન કરે છે.

તે માટે તે આપણામાં એવો વિશ્વાસ ઉપજાવે કે તેની પાસેથી સર્વ ઇષ્ટ આત્મિક દાન પામીએ, એવી તેની વિનંતી કરીએ.

૩. પ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા અવિનાશી પરમેશ્વર, તું ગરજવાનનો સહાય તથા મદદ પામવા માટે તારે શરણે આવેલાઓનો આશ્રય છે; વિશ્વાસ કરનારાઓ પ્રત્યે તું જીવનદાતા તથા મુએલાઓ પ્રત્યે તું પુનરૂત્થાનરૂપ છે. તારી પાસે આવીને અમે આ તારા સેવક [બાળક]ના હકમાં માગીએ છીએ કે તે તારો આ પવિત્ર સંસ્કાર પામવા આવીને આત્મિક પુનર્જન્મ વડે પાપનિવારણ પામે. હે પ્રભુ, તું તેનો અંગીકાર કરી આ સંસ્કાર વડે તેને આશીર્વાદ આપે, એવી વિનંતી કરીએ છીએ. તેં તારા પ્રિય પુત્રની મારફતે જે વચન આપ્યું કે, માગો તો તમને અપાશે, શોધો તો તમને જડશે, ઠોકો તો તમારે સારૂ ઉઘાડાશે, તે વચન મુજબ તું એવું કર કે અમ માગનારાઓને અપાય, અમ શોધનારાઓને મળે, ને અમ ઠોકનારાઓને સારૂ તારૂં બારણું ઉઘાડવામાં આવે, એવી રીતે કે આ તારો સેવક [બાળક] તારા સ્વર્ગીય સ્નાનનો સાર્વકાળિક આશીર્વાદ પામે, ને જે સનાતન રાજ્યનું વચન તેં ખ્રીસ્તની મારફતે અપાવ્યું છે તેમાં તે પ્રવેશ કરે. ખ્રીસ્ત ઇસુને નામે માગીએ છીએ. આમેન.

૪. વિશ્વાસની કબુલાત તથા માનતાઓ.

પુખ્ત ઉમરના માણસોને ધર્મપાળક કહે છે—	બાળકનાં માબાપને ધર્મપાળક કહે છે—
તમે આ પવિત્ર સંસ્કાર પામવાની ઇચ્છા જણાવી છે માટે તમારે ઈશ્વર તથા આ સભા આગળ તમારા વિશ્વાસની કબુલાત આપવી તથા હું પ્રભુ ઇસુનો શિષ્ય છું એવું પ્રગટ કરવું, એ જરૂરનું તથા યથાયોગ્ય છે.	આ બાળકને પ્રભુને અર્થે પાળવાની તથા ઉછેરવાની તમારી ફરજ છે, તે માટે ઈશ્વર તથા આ સભા આગળ તમે તમારા વિશ્વાસની કબુલાત આપો, એ જરૂરનું તથા યથાયોગ્ય છે.

(૧) વિશ્વાસની કબુલાત.

સર્વસમર્થ ઈશ્વર જે પિતા, આકાશ તથા પૃથ્વીનો પેદા કરનાર, તેને તમે માનો છો?

વળી તેનો એકનોએક પુત્ર, આપણો પ્રભુ જે ઇસુ ખ્રીસ્ત, તેને તમે માનો છો?

તે પવિત્ર આત્માને યોગે ગર્ભસ્થાનમાં રહી, મરિયમ કુંવારીથી જન્મ્યો ;

તેણે પોંતિયસ પીલાતની હસ્તક દુઃખ વેઠયું ;

તે વધસ્તંભે જડાયો, તે મરણ પામ્યો, તે દટાયો ને અદૃશ્ય લોકમાં જઈ ઉતર્યો ;
તે ત્રીજે દહાડે મુએલાંમાંથી ઉઠયો ;

તે આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ ઈશ્વર પિતાને જમણે હાથે બેઠા છે ;

ત્યાંથી જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાય કરવા સારૂ તે પાછો આવવાનો છે ; એવું તમે માનો છો ?

વળી પવિત્ર આત્માને તમે માનો છો ?

પવિત્ર સાર્વત્રિક મંડળી, પવિત્ર લોકોની સંગત, પાપની ક્ષમા, શરીરનું પુનરૂત્થાન તથા સર્વકાળનું જીવન, એ વાતો તમે માનો છો ?

જવાબ.—હા, એ બધી વાતો હું માનું છું.

અથવા—

એકજ જીવવંત તથા સત્ય ઈશ્વર, જે પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા, તેને તમે માનો છો તથા કબુલ કરો છો ?

જવાબ.—હા, તેને માનું છું તથા કબુલ કરૂં છું.

પસ્તાવા તથા ખ્રીસ્ત પર વિશ્વાસ વિષે.

તમારાં પાપનો ખરો પસ્તાવો કરીને તમે પાપની માફી તથા સર્વકાળનું જીવન પામવા સારૂ આપણા તારનાર ઈસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરો છો ?

જવાબ.—હા, હું વિશ્વાસ કરૂં છું.

(૨) ઇનકાર.

પુખ્ત ઉમરના માણસને લગતો.

જગત, દેહ તથા શેતાનને, તેઓનાં સઘળાં કામ સુદ્ધાં તમે નકારો છો; ને પિતા તરીકે ઇશ્વરને, તારનાર તરીકે ઇસુ ખ્રીસ્તને તથા પવિત્ર કરનાર તરીકે પવિત્ર આત્માને સ્વીકારીને એક ત્રિએક દેવની સેવાને અર્થે પોતાનું અર્પણ કરો છો?

જવાબ.—હા, હું એમ કરૂં છું.

બાળકને લગતો.

જે વિશ્વાસ તમે અત્યારે કબૂલ કીધો છે તે વિશ્વાસથી બાપ્તિસ્મા પામવા તથા મંડળીમાં દાખલ થવા સારૂ તમે આ બાળકને અર્પણ કરો છો, એવા હેતુથી કે આગળ જતાં તે જગત, દેહ તથા શેતાનને તેઓનાં સર્વે કામ સુદ્ધાં નકારનાર થાય?

જવાબ.—હા, હું એમ કરૂં છું.

ખાસ ઇનકાર.

અન્ય ધર્મ છોડીને આવનારા ઉમેદવારોના સંબંધમાં વપરાય, એવા ખાસ ઇનકારમાં ખ્રીસ્તી ધર્મના વિરોધી મતનો નકાર કરવો. નીચે લખેલો પ્રશ્ન હિન્દુ ધર્મનો ત્યાગ કરનારા ઉમેદવારોને લાગુ પડે, એવો નમુનો છે.

અસત્ય દેવો તથા તેમની ભક્તિને લગતી બધી વાતો, પાપનિવારણના સર્વે વ્યર્થ ઉપાયો, જ્ઞાતિબંધનના સઘળા ભેદ તથા જે કંઈ ઇશ્વરના વચનથી વિરૂદ્ધ છે, તે સઘળાનો તમે નકાર કરો છો?

જવાબ.—હા, તે સર્વને હું નકારૂં છું.

(૩) વચન.

પુખ્ત ઉમરના માણસોને માટે.

ઇશ્વરની સહાય પર આધાર રાખતાં તમે એવું વચન આપો છો કે હું તેની પવિત્ર આજ્ઞાઓને વિશ્વાસુપણાથી પાળીશ, સર્વ આત્મિક સાધનોનો ઉપયોગ કરીશ, પ્રભુ મને આબાદી બક્ષે તેના પ્રમાણમાં મારી મિલ્કતમાંથી આપીશ, ને જીંદગી પર્યંત ખ્રીસ્તનો વિશ્વાસુ સેવક રહીશ?

જવાબ.—હા, એવું વચન આપું છું.

બાળકનાં માબાપને માટે.

ઇશ્વરના પવિત્ર આત્માની સહાયના વચન પર આધાર રાખતાં તમે એવી આદરયુક્ત માનતા કરો છો કે ખ્રીસ્તની સુવાર્તાને અનુસરતી ચાલ તથા વર્તણુક રાખીને હું મારા બાળકને પ્રભુના બોધ તથા શિક્ષણમાં ઉછેરીશ?

જવાબ.—હા, એવી માનતા કરૂં છું.

ધર્મપાળક કહે છે:—પ્રભુ તમારૂં [તથા બાળકનું] રક્ષણ કરો, ને જેથી આ વચનો વિશ્વાસુપણાથી પાળી શકો એવી કૃપા તમને બક્ષો. આમેન.

૫. બાપ્તિસ્મા પહેલાંની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા અનાદ્યનંત પરમેશ્વર, તારા અતિ પ્રિય પુત્ર ઈસુ ખ્રીસ્તે અમને સઘળાં પાપથી શુદ્ધ કરવા સારૂ પોતાનું અમૂલ્ય લોહી વહેવડાવીને પોતાના શિષ્યોને એવી આજ્ઞા કરી કે સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપતા જાઓ. તારી પાસે આવીને અમે એવી વિનંતી કરીએ છીએ કે તારાથી સ્થપાએલો સંસ્કાર જે હમણાં પાળવામાં આવશે તે પર તારો એવો આશીર્વાદ આવે કે અમે તારા ઠરાવ મુજબ પૃથ્વી પર જે કરીએ છીએ તે આકાશમાં માન્ય થાય.

હે કૃપાનિધિ, તું એવું કર કે આ માણસમાં [બાળકમાં] જે જુનું માણસપણું તેને એવી રીતે દાટવામાં આવે કે નવું માણસપણું તેનામાં ઉઠાડવામાં આવે. તેનામાંથી સઘળી દૈહિક વાસનાઓનો નાશ થાય, એવી રીતે કે તેનામાં આત્માને લગતાં સર્વ લક્ષણો સજીવન થઈને વૃદ્ધિ પામે. તે શેતાન, જગત તથા દેહ પર જય મેળવે, માટે પરાક્રમ તથા સામર્થ્ય તું તેને પમાડ.

જે આત્મિક ઉપયોગને અર્થે તેં આ પાણી ઠરાવ્યું છે તે સાર્થક થાય એવો તેની સાથે આશીર્વાદ આપ, ને તે વડે જે માણસ [બાળક] અત્યારે બાપ્તિસ્મા પામનાર છે તે તારી પરિપૂર્ણ કૃપા પામે ને તારાં વિશ્વાસુ છોકરાંના ગણમાં તે સદા ગણાય, એવી વિનંતી અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે કરીએ છીએ તે કૃપા કરીને સાંભળ. આમેન.

૬. જળસંસ્કારની ક્રિયા.

(આ ક્રિયા થતી વેળાએ સભાસદોએ ઊભા રહેવું.)

બાપ્તિસ્મા લેનારનું નામ ઉચ્ચારીને ધર્મપાળક કહે કે,......, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે હું તારૂં બાપ્તિસ્મા કરૂં છું. **આમેન.**

આશીર્વચન.

પ્રભુ તને આશીર્વાદ આપો, ને તારૂં રક્ષણ કરો;
પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તારા પર પાડો, ને તારા પર કૃપા કરો;
પ્રભુ પોતાની રહેમનજર તારા પર રાખો, ને તને શાંતિ આપો.
આમેન.

અથવા—

શાંતિનો દેવ પોતે તને પુરો પવિત્ર કરો. અને આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના આવવા સુધી તારો આત્મા તથા પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથા નિર્દોષ રખાઓ. તારો તેડનાર જે વિશ્વાસુ છે, તે તે કરશે. આમેન.

જાહેર વચન.

આ માણસને [બાળકને] અત્યારે ખ્રીસ્તના ઠરાવ મુજબ તેની મંડળીમાં દાખલ કરવામાં આવ્યો છે, એ માટે કે તે વધસ્તંભે જડાએલા ખ્રીસ્ત પરનો વિશ્વાસ કબુલ કરે, તેની ધ્વજા તળે રહી પાપ, જગત તથા શેતાનની વિરૂદ્ધ હિમ્મતથી લડે તથા જીંદગી પર્યંત ખ્રીસ્તનો વિશ્વાસુ યોદ્ધો તથા સેવક રહે. માટે જેમ ખ્રીસ્તે આપણો અંગીકાર કર્યો છે તેમ તમે ઈશ્વર પિતાના મહિમાને અર્થે તેનો પ્રભુમાં અંગીકાર કરો.

૭. બાપ્તિસ્મા પછીની પ્રાર્થના.

પુખ્ત ઉમરના માણસોને માટે.

હે અતિ કરૂણાળુ પિતા, અમે અંતઃકરણપૂર્વક તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ કે તારી પ્રસન્નતા પ્રમાણે તેં આ તારા સેવકને અંધકારના પરાક્રમથી છોડાવીને તેને તારી પવિત્ર મંડળીમાં દાખલ કર્યો છે, એ માટે કે તારા પ્રિય પુત્રના લોહી વડે જે અમૂલ્ય લાભો ખરીદવામાં આવ્યા છે તેનો તે ભાગીદાર થાય. હવે તેના હકમાં માગીએ છીએ કે ખ્રીસ્ત જે ખરો દ્રાક્ષવેલો

બાળકો માટે.

હે અતિ કરૂણાળુ પિતા, અમે અંતઃકરણપૂર્વક તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ કે આ નાનું બાળક તારા પ્રિય પુત્રના લોહી વડે ખરીદાએલા લાભો પામે માટે તારી પ્રસન્નતા પ્રમાણે તેં તારી મંડળીમાં તેનો અંગીકાર કર્યો છે. હવે તેના હકમાં માગીએ છીએ કે ખ્રીસ્ત જે ખરો દ્રાક્ષવેલો, તેનામાં તે કલમરૂપે મેળવાય ને તેનામાં સદા રહીને તે તેની ભરપુરીમાંથી પામે.

તેનામાં તે કલમરૂપે મેળવાય, ને તેનામાં સદા સુધી રહીને તે તેની ભરપુરીમાંથી પામે. તે પોતાને પાપ સંબંધી મુએલો ગણીને રોજ જુના માનવપણાને વધસ્તંભે જડે એ માટે કે તારા પુત્રના મરણનો ભાગીદાર થઇને તે તેના પુનરૂત્થાનનો પણ ભાગીદાર થાય.

બાપ્તિસ્મામાં જે તારી કૃપા રહેલી છે તે તે કદી ખોઇ નાખે નહિ, પણ વિશ્વાસની સારી લડાઇ લડીને તે નિરંતર પોતાના પવિત્ર ઇકરારમાં લાગુ રહે.

તારી એવી વિનંતી કરીએ છીએ કે સંબોધક જે પવિત્ર આત્મા તેને વડે તું તારા આ સેવકને સમર્થ કર, ને રોજ તેનામાં આત્માનાં વિવિધ કૃપાદાનો વધાર. સુબુદ્ધિ તથા સમજનો આત્મા, સલાહ તથા પરાક્રમનો આત્મા, જ્ઞાન તથા તારા ભયનો આત્મા તેના પર રહે, એ માટે કે તે પોતાની માનતાઓ પુરી કરી આત્માનાં ફળ પુષ્કળતાથી ઉપજાવે, ને એમ તેની મારફતે તારી મંડળીના લોક દિલાસો તથા સામર્થ્ય પામે. સર્વ પાખંડી મતથી તથા ફાટફુટ કરાવનારી ભૂલથી, ધર્મત્યાગથી તથા અવિશ્વાસથી, તેમ શેતાનના સર્વે

આ પવિત્ર સંસ્કારમાં પ્રભુ ઇસુએ આ બાળકને પોતાના હાથમાં લઇને આશીર્વાદ દીધો છે માટે તે આખા મનથી ઉદ્ધારનાર તરીકે ખ્રીસ્તનો હૃદયપૂર્વક અંગીકાર કરનાર થાય, ને ઇસુમાં પુરૂં તારણ તથા સઘળી આત્મિક ઇચ્છાઓની તૃપ્તિ છે, એમ જાણીને તે તેનામાં આનંદ માણે.

તે જ્ઞાનમાં તથા કદમાં, ને દેવની તથા માણસની પ્રસન્નતામાં, વધતો જાય. તારાથી તે કદી જુદો ન પડે, પણ સમજણો થાય ત્યારે તે પોતે બાપ્તિસ્માની માનતાઓ ખરા ભાવથી ગ્રહણ કરે, ને સારો ઇકરાર કબુલ કરતાં તે અંત સુધી ટકીને પરિપૂર્ણ તથા સદાનો જય પામે.

(વળી આ માબાપ વિષે તારી ઉપકારસ્તુતિ કરતાં માગીએ છીએ કે તેઓ તારા હાથથી આ બાળકને દાન તરીકે સ્વીકારીને તારી સેવા તથા તારા મહિમાને અર્થે તેને કેળવવામાં ઉદ્યોગી, બુદ્ધિમાન તથા વિશ્વાસુ નીવડે. તેઓના ઘરનાં સઘળાં માણસોને આશીર્વાદ આપીને તું તેઓને તેમનાં બાળકો વડે [આ બાળક વડે] દિલાસો તથા આશિષ અપાવ.)

વળી આ સભામાં હાજર

ફાંદાઓથી તેનું સંરક્ષણ કર. પરીક્ષણ વેળાએ તેને પડખે રહીને તેને જય પમાડ, ને હે દયાળુ પિતા, અમારો તારનાર પ્રભુ ઈસુ ખ્રીસ્ત બીજીવાર મહિમામાં પ્રગટ થશે ત્યારે તારા આ સેવકનો ભાગ તારા સંતોની સંઘાતે થાય, એવી રીતે તું તેને અંત સુધી ટકાવી રાખ.

વળી આ સભામાં હાજર થએલાં સઘળાં ભાઈબ્હેનોના હકમાં માગીએ છીએ કે તેઓને અર્થે આ પવિત્ર સંસ્કારની ક્રિયાથી આશીર્વાદ મળે, એ માટે કે અમે ઉપકારસ્તુતિ સહિત પોતાનું બાપ્તિસ્મા યાદ કરીને તેમાં બક્ષેલી કૃપાને લીધે તને સદા ધન્યવાદ આપીએ. બાપ્તિસ્મામાં આપેલાં વચનો વિસારે મૂકવાથી તથા ઉલ્લંઘવાથી અમે જે જે અયોગ્ય કર્યું તે તું માફ કર, ને એનેએજ આત્મા વડે એકજ શરીરમાં બાપ્તિસ્મી થયા છીએ, એવું સમજીને અમે હવેથી પવિત્રતા તથા ન્યાયીપણામાં તથા ભાઈ પરની પ્રીતિમાં ચાલીએ, એવું કર. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

થએલાં સઘળાં ભાઈબ્હેનોના હકમાં માગીએ છીએ કે તેઓને અર્થે આ પવિત્ર સંસ્કારની ક્રિયાથી આશીર્વાદ મળે, એ માટે કે અમે ઉપકારસ્તુતિ સહિત પોતાનું બાપ્તિસ્મા યાદ કરીને તેમાં બક્ષેલી કૃપાને લીધે તને સદા ધન્યવાદ આપીએ. બાપ્તિસ્મામાં આપેલાં વચનો વિસારે મૂકવાથી તથા ઉલ્લંઘવાથી અમે જે જે અયોગ્ય કર્યું તે તું માફ કર, ને એનેએજ આત્મા વડે એકજ શરીરમાં બાપ્તિસ્મી થયા છીએ, એવું સમજીને અમે હવેથી પવિત્રતા તથા ન્યાયીપણામાં તથા ભાઈ પરની પ્રીતિમાં ચાલીએ, એવું કર. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

પછી પ્રભુપ્રાર્થના, મરજીમાં આવે તો, કરાવી શકાય.

૮. સ્તોત્રગાયન.

૯. શિખામણરૂપી બોધ.

૧૦. આશીર્વચન.

પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

પ્રભુભોજનમાં પ્રવેશ.

પ્રભુભોજનની પ્રવેશક ક્રિયાની અનુક્રમણિકા.

૧. સ્તોત્રગાયન.
૨. પ્રસ્તાવનારૂપી વાક્યો.
૩. ઉમેદવારોનાં નામ જાહેર કરવાં.
૪. વિશ્વાસનામું તથા વચન.
૫. પ્રાર્થના.
૬. પ્રવેશ.
૭. પ્રાર્થના.
૮. મંડળીને નિવેદન.
૯. સ્તોત્રગાયન.
૧૦. [બોધ.]
૧૧. પ્રાર્થના.
૧૨. આશીર્વચન.

સૂચનાસંગ્રહ.

જેઓ બાળપણમાં બાપ્તિસ્મા પામ્યા છે, ને પુખ્ત ઉમરના થઇને પ્રભુની સેવા કરવાની ઇચ્છા જણાવે તેઓ, તેમજ જેઓએ પુખ્ત ઉમરમાં બાપ્તિસ્મા લીધું હોય તેઓ પણ, ખ્રીસ્તી ધર્મ વિષે જોઇતું શિક્ષણ પામ્યા પછી પ્રભુની મેજનો સંસ્કાર પાળવાની માગણી કરે, એવું ઉત્તેજન આપવું.

એજ અર્થે એક વર્ગ ઉઘાડવો, તેમાં જેઓ પ્રભુભોજનમાં ભાગ લેવા ચાહે તેઓને મંડળીનો ધર્મપાળક (અથવા જે કોઇ લાયક માણસને તેણે નિમ્યો હોય તે) શિખવે ને પવિત્ર ક્રિયામાં ભાગ લેવા યોગ્ય રીતે તૈયાર કરે.

નીચે લખેલી બાબતો તેમને શિખવવામાં આવે તો સારૂં :—

(અ). બાપ્તિસ્માનો અર્થ ને તેથી થતા લાભ.

(આ). પસ્તાવો તથા વિશ્વાસ કરવાની અગત્ય, પ્રભુની ગમ વળવું એટલે શું તે, અને માણસના હૃદયમાં પવિત્ર આત્માનું કાર્ય તે વિષે.

(ઇ). વિશ્વાસનામામાં સમાએલા અને મંડળીની પ્રશ્નોત્તરાવળીમાં શિખવવામાં આવેલાં ખ્રીસ્તી ધર્મનાં મૂળતત્ત્વો.

(ઈ). દસ હુકમ, અને પ્રભુ તથા તેના પ્રેરિતોના શિક્ષણ તથા નમુનામાં દર્શાવ્યા પ્રમાણેની ખ્રીસ્તી માણસની ફરજ; તેમજ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ તથા પ્રાર્થના કરવાથી, ને પરમેશ્વર માટે કામ કરવાથી, ખ્રીસ્તી માણસે કેવી રીતે ખ્રીસ્તની સેવા તથા તેનું અનુકરણ કરવાનો મહાવરો કરવો જોઇએ, તે વિષેની હકીકત.

(ઉ). પ્રભુભોજનનો સંસ્કાર—તેની સ્થાપના તથા તેનો અર્થ, ને જેઓ વિશ્વાસથી તેમાં ભાગ લે છે તેમને જે હક મળે છે ને જે વિશેષ જવાબદારી વધે છે તે. એ બધું શિખવતાં કાળજી રાખવી જોઇએ કે ઉમેદવારો સંસ્કાર પાળવાની ક્રિયાનો દરેક ભાગ સમજે, તેમજ સંસ્કાર પાળ્યા પહેલાં, પાળતી વખતે તથા પાળ્યા પછી, મનન તથા પ્રાર્થના કરતાં તેઓ આ પવિત્ર ક્રિયાનો યથાર્થ તથા લાભકારક ઉપયોગ કરતાં શીખે.

જે ઉમેદવાર પ્રભુભોજનમાં બેસવાના હોય તેમની લાયકી વિષે સ્થાનિક સભાને જ્યારે ખાતરી થાય ત્યારે સંસ્કાર પાળવા પહેલાં કોઇ પણ વખતે ભજનસભા ભરવી જોઇએ, ને તે વખતે, વડીલો તથા સભાની રૂબરૂ, તેમને પ્રભુભોજનમાં ભાગ લેવાનો હક આપે. આ ભજનસેવા પ્રભુભોજન માટે તૈયારીની સભા વખતે અથવા જે વખત સ્થાનિક સભા ઠરાવે તે વખતે થઇ શકે.

ઠરાવેલે વખતે ઉમેદવારો દેવળમાં હાજર થાય, ને ધર્મપાળક પાસે વડીલો ભેગા થાય, ત્યાર પછી ગીત ગાવામાં આવે અથવા પવિત્ર શાસ્ત્રમાંથી વાંચવામાં આવે.

ત્યાર પછી બધા લોકોને ભેગા થવાનું કારણ સમજાવીને ધર્મપાળક ઉમેદવારોને નામ લઇને આગળ બોલાવે. તેઓ આગળ આવ્યા પછી ઇશ્વર તથા સભાની રૂબરૂ તેઓ પોતાનો વિશ્વાસ કબુલ કરે ને જે વચનોથી તેઓ ખ્રીસ્તને આધીન રહેવા ને તેની મંડળીના વિધિઓ પાળવા બંધાએલા છે તેનો તેઓ નવેસરથી અંગીકાર કરે, એમ પાળક તેમને ગંભીરતાથી આગ્રહ કરે.

ત્યાર પછી તેઓએ જે વિશ્વાસ કબુલ કર્યો તે કાયમ રાખવા માટે પરમેશ્વર તેમને કૃપા બક્ષે એવી ધર્મપાળક પ્રાર્થના કરાવે. એમ કર્યા પછી તેમને પ્રભુભોજન-સંસ્કારમાં ભાગ લેવાનો તથા મંડળીના સભાસદોના સંપૂર્ણ હકમાં સહભાગી થવાનો અધિકાર ગંભીરતાથી આપવામાં આવે. ત્યાર બાદ પ્રથમ ધર્મપાળક પોતે ને પછી વડીલો આ નવા સભાસદોને મિલાપનો જમણો હાથ આપે.

ત્યાર પછી પરમેશ્વર પોતાની કૃપાથી પોતાનાં આ છોકરાંનું રક્ષણ કરે ને તેઓમાં પોતાના આત્માનાં દાનની વૃદ્ધિ કરે, એવી પ્રાર્થના ધર્મપાળક કરાવે. પછી આ લોકોને મંડળીની પરિપૂર્ણ સંગતમાં દાખલ કરવામાં આવ્યા છે, એ વાત તે મંડળીને જાહેર કરે, ને તેઓ તેમના પર પ્રભુને લીધે પ્રેમ કરે એવો તેઓને બોધ આપે.

ગીત ગાયા પછી, મરજી હોય તો નવાં દાખલ થએલાંઓને બોધ કરવામાં આવે, ને પ્રાર્થના કર્યા પછી ધર્મપાળક આશીર્વચન ઉચ્ચારે.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

૧. સ્તોત્રગાયન.

૨. શાસ્ત્રનાં વાક્યો.

આપણી સહાય તો આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કરનાર યહોવાહના નામમાં છે. ગી. ૧૨૪ ; ૮.

જુવાનો તથા કન્યાઓ, વૃદ્ધો તથા બાળકો,
તે સર્વ, યહોવાહના નામની સ્તુતિ કરો. ગી. ૧૪૮ ; ૧૨, ૧૩.

૩. પ્રસ્તાવનારૂપી હેવાલ.

પ્રભુમાં પ્રિય ભાઈઓ, જે માણસોનાં નામ હમણાં તમને વાંચી સંભળાવવામાં આવશે તેઓના જ્ઞાન તથા મનના ખરાપણા વિષે સ્થાનિક સભાને ખાતરી થઈ છે. બાપ્તિસ્માના પવિત્ર સંસ્કારને દ્વારે તેઓને અગાઉ ખ્રીસ્તની મંડળીમાં દાખલ કરવામાં આવ્યા છે, માટે તેઓ પોતાનો વિશ્વાસ કબુલ કરે ને બાપ્તિસ્માને વખતે લીધેલી માનતાઓનું ગ્રહણ કરે, આ વાતના આપણે હવે સાક્ષી થવાના છીએ. વળી તેમને પ્રભુભોજનમાં ભાગ લેવાનો ને મંડળીના સભાસદના સંપૂર્ણ હકમાં સહભાગી થવાનો અધિકાર આપવાને પ્રભુ આગળ હાજર થયા છીએ.

[પછી ધર્મપાળક ઉમેદવારોનાં **નામ વાંચી સંભળાવે** એટલે તેઓ આગળ આવીને ઊભાં રહે.]

૪. વિશ્વાસની કબુલાત તથા માનતાઓ.

વહાલાંઓ, તમારૂં બાપ્તિસ્મા થયું ત્યારે તમે ખ્રીસ્તમાં કલમરૂપે મેળવાઈ ગયાનું ચિહ્ન પામ્યાં હતાં ને તેની ખાસ પ્રજા થવાને ગંભીર રીતે બંધાયાં હતાં. હવે પરમેશ્વરની દયાથી તમે તેની પવિત્ર સુવાર્તાની બાબતો વિષે બોધ પામ્યાં છો. વળી પ્રભુની મેજના ભાગીદાર થવા અને તેની મંડળીની સંપૂર્ણ સંગતમાં રહેવા ચાહો છો, માટે તમે તમારો વિશ્વાસ જાહેરાંતમાં કબુલ કરો ને તમારા બાપ્તિસ્માને વખતે લીધેલી માનતાઓનો ફરીથી અંગીકાર કરો, એ ઘટિત છે. કેમકે તમને યાદ હશે કે, શાસ્ત્રમાં એમ લખ્યું છે કે, " માણસોની આગળ જે કોઈ

મને કબુલ કરશે તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબુલ કરીશ." ને વળી એમ પણ લખ્યું છે કે, "ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ કરાય છે, ને તારણને અર્થે મ્હોંથી કબુલાત કરવામાં આવે છે."

એ માટે ઈશ્વર જે તમારાં હૃદયો જુએ છે તેની રૂબરૂ હું તમને ગંભીરતાથી પુછું છું કે:—

(અ) વિશ્વાસનામું.

સર્વસમર્થ ઈશ્વર જે પિતા, આકાશ તથા પૃથ્વીનો પેદા કરનાર, તેને તમે માનો છો?

વળી તેનો એકનોએક પુત્ર, અમારો પ્રભુ, જે ઈસુ ખ્રીસ્ત, તેને તમે માનો છો?

તે પવિત્ર આત્માને યોગે ગર્ભસ્થાનમાં રહી, મરિયમ કુંવારીથી જનમ્યો, તેણે પોંતિયસ પીલાતની હસ્તક દુઃખ વેઠ્યું, તે વધસ્તંભે જડાયો, તે મરણ પામ્યો, તે દટાયો, ને અદૃશ્ય લોકમાં જઈ ઉતર્યો, તે ત્રીજે દહાડે મુએલાંમાંથી ઉઠ્યો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ ઈશ્વર પિતાને જમણે હાથે બેઠો છે, ત્યાંથી જીવતાંઓનો તથા મુએલાં-ઓનો ન્યાય કરવા સારૂ તે પાછો આવવાનો છે, એવું તમે માનો છો?

વળી પવિત્ર આત્માને તમે માનો છો?

પવિત્ર સાર્વત્રિક મંડળી, પવિત્ર લોકોની સંગત, પાપની ક્ષમા, શરીરનું પુનરૂત્થાન તથા સર્વકાળનું જીવન, એ વાતો તમે માનો છો?

જવાબ:—હા, એ બધું હું દૃઢ મનથી માનું છું.

(આ) સમર્પણ.

શું તમે તમારા બાપ્તિસ્માની માનતાનો અંગીકાર કરતાં ત્રિએક દેવની સેવાને અર્થે પોતાનું અર્પણ કરો છો, એટલે પરમેશ્વર પિતાને તમારો બાપ, પરમેશ્વર પુત્રને તમારો બોધક, યાજક તથા રાજા, ને પરમેશ્વર પવિત્ર આત્માને તમને શુદ્ધ કરનાર તથા મદદ કરનાર માનો છો?

જવાબ:—હા, એ હું દૃઢ મનથી માનું છું.

(ઇ) વચન.

શું તમે ખ્રીસ્તના સર્વ વિધિઓને આધીન રહેવા, આત્મિક સાધનોનો વિશ્વાસુપણાથી ઉપયોગ કરવા, પોતાની કમાણી પ્રમાણે તમારી માલમિલકતમાંથી આપવા, પ્રભુના રાજ્યના વધારાને માટે બનતું કરવા ને ખ્રીસ્તમાં જે તમારા ભાઈઓ છે તે સર્વની સાથે શાંતિથી તથા પ્રીતિથી વર્તવાનું વચન આપો છો ?

જવાબ:—હા, હું આમ કરવાનું વચન આપું છું.

૫. પ્રાર્થના.

હે અતિ દયાળુ પિતા, તારાં જે આ છોકરાંને તેં તારા વહાલા પુત્રના અમૂલ્ય લોહીથી ખરીદેલાં ને પવિત્ર આત્માની મારફતે શુદ્ધ કરેલાં છે તેઓ હાલ રાજીખુશીથી પોતાને તને, એટલે પોતાના પ્રભુ દેવને, સમર્પિત કરે છે, માટે તેમના પર દયાદૃષ્ટિ કર, તેમનું અર્પણ સ્વીકાર, ને તેમને તારા પવિત્ર લોકોના ગણમાં દાખલ કર. તારી અતિશય કૃપાથી તેમનાં અંતઃકરણ એવાં તૈયાર કર કે તેઓ તારા પવિત્ર સંસ્કારનો પુરેપુરો લાભ પામે. જીવનની રોટલીથી તેઓનું પોષણ કર, ને ખ્રીસ્તનું લોહી જે સઘળાં પાપથી શુદ્ધ કરે છે તેથી તેઓને ધોઈ નાખ, કે જેથી તેઓ આત્માથી દોરાઈને ન્યાયમાર્ગે ચાલે, ને ખ્રીસ્ત ઈસુ જે દેવનું હલવાન તેની પાછળ જાય. તેમને કદી તારાથી જુદાં થવા ન દે. પણ સર્વ કપટથી તેઓનું રક્ષણ કર, કે તેઓ દેવના રાજ્યાસનની આગળ નિર્દોષ રહે. તને, એટલે પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને, હમણાં તથા સર્વકાળ સુધી મહિમા થાઓ. આમેન.

૬. પ્રવેશ.

વહાલાંઓ, ઈશ્વર તથા આ મંડળીની આગળ તમે સારો ઠરાવ કર્યો છે, તેથી હું હાલ મંડળીના રાજા તથા શિરપતિ પ્રભુ ઈસુને નામે પ્રગટ કરૂં છું કે હવે તમને પ્રભુભોજનમાં ભાગ લેવાની રજા આપવામાં આવે છે અને પૃથ્વી પરની દૃશ્ય મંડળીની પરિપૂર્ણ સંગત રાખનારા સભાસદના હક સોંપવામાં આવે છે, એ બતાવવાને અમે તમને મિલાપનો જમણો હાથ આપીએ છીએ.

[અહીં ધર્મપાળક ને પછી વડીલો પણ દરેકને મિલાપનો જમણો હાથ આપે.]

શાંતિનો દેવ પોતે તમને પુરા પવિત્ર કરો. અને આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના આવવા સુધી તમારો આત્મા તથા પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથા નિર્દોષ રખાઓ. તમારો તેડનાર જે વિશ્વાસુ છે, તે તે કરશે. આમેન.

૭. પ્રાર્થના.

હે પ્રભુ, તારી કૃપાથી તારાં આ છોકરાંનું રક્ષણ કર, કે તેઓ સદા તારાંજ રહે; ને તેઓ તારા સર્વકાળના રાજ્યમાં પ્રવેશ કરે ત્યાં સુધી તેઓમાં તારો પવિત્ર આત્મા રોજ રોજ વધાર.

ઓ આકાશમાંના અમારા બાપ, ઇત્ય.

૮. મંડળીને નિવેદન.

આ માણસોને પ્રભુભોજનના સંસ્કારમાં ભાગ લેવાની રજા આપવામાં આવી છે તેમજ દૃશ્ય મંડળીની પરિપૂર્ણ સંગત રાખનારા સભાસદના હક સોંપવામાં આવ્યા છે, માટે પ્રેમથી તેઓનો અંગીકાર કરો.

તમે એક બીજા પર ઉપકારી થાઓ, એક બીજાના ભાર ઉંચકો, ને એમ ખ્રીસ્તનો નિયમ પુરો કરો.

૯. સ્તોત્રગાયન.

૧૦. [બોધ.]

૧૧. પ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા અતિ દયાળુ પિતા, તારાં આ છોકરાંને હાલ તારી પવિત્ર મંડળીની પરિપૂર્ણ સંગતમાં દાખલ કરવામાં આવ્યાં છે તેમને લીધે તારો ઉપકાર માનીએ છીએ. હે પ્રભુ, તારા પવિત્ર આત્મા વડે તેમને સ્થિર કર ને તારી કૃપાનાં વિવિધ પ્રકારનાં દાન, એટલે સુબુદ્ધિ તથા સમજનો આત્મા, સુલેહ તથા પરાક્રમનો આત્મા, જ્ઞાન તથા પરમેશ્વરના ભયનો આત્મા, તે તેઓમાં રોજરોજ વધારતો રહે, એવી અમે વિનંતી કરીએ છીએ. તારા પુત્રના શરીરરૂપી મંડળીમાં જે કામ બજાવવા સારૂ તેં તેમને તેડ્યાં છે તેને માટે તેમને તૈયાર કર.

ભુંડાના સર્વ હુમલાથી તેઓનું રક્ષણ કર, એ સારૂ કે જેણે તેમના ઉપર પ્રીતિ કરી તેને આસરે તેઓ વિશેષ જય પામે. વળી તેઓ સર્વ બુદ્ધિ તથા સમજણમાં વૃદ્ધિ પામીને અને તારી ઇચ્છા વધારે ને વધારે જાણીને તને પસંદ પડે એવી રીતે ચાલે. તેઓ સર્વ સારાં કામમાં ફળવંત નીવડે ને દેવ વિષેનું જ્ઞાન અધિકાધિક પામતાં જાય, એવું તું કર. તેમને ઠોકર ખાવાથી બચાવી રાખ, ને સર્વ ભુંડાં કામથી તેઓને છોડાવ. તેઓને જ્ઞાન તથા તારા વચનની આધીનતામાં એવી રીતે દોરી જા કે તેઓ આખરે સર્વકાળનું જીવન પામે, એવું અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે અમે માગીએ છીએ, કે જે તારી ને પવિત્ર આત્માની સાથે, એકજ દેવ, સદા સર્વકાળ સુધી જીવે છે તથા રાજ્ય કરે છે. આમેન.

૧૨. આશીર્વચન.

સર્વશક્તિમાન ઇશ્વર, પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર ને તમારી સાથે સદા હોજો. આમેન.

પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર.

પ્રભુભોજનના સંસ્કારની ક્રિયાની અનુક્રમણિકા.

૧. સ્તોત્રગાયન.
૨. સંબોધનરૂપી પ્રાર્થના.
૩. પ્રાવેશક બોધ.
૪. પ્રાર્થના.
૫. સ્તોત્રગાયન.
૬. સંસ્કારની સ્થાપના વિષેનાં શાસ્ત્રવાક્યોનું વાંચન.
૭. [ટુંકો બોધ.]
૮. ઉપકારસ્તુતિની પ્રાર્થના.
૯. સંસ્કારની ખાસ ક્રિયા.
૧૦. બોધભાષણ અથવા શાસ્ત્રવાંચન.
૧૧. આભારની પ્રાર્થના.
૧૨. આભાર માનવાનું સ્તોત્રગાયન.
૧૩. આશીર્વચન.
૧૪. કુશળતા.

સૂચનાસંગ્રહ.

પ્રભુભોજન વારંવાર પાળવું જોઇએ, ને તે સંસ્કાર પાળવાનો યોગ્ય વખત ઘણું કરીને પ્રભુના દિવસની મુખ્ય ભજનક્રિયાનો સમય છે.

ઓછામાં ઓછા એક અઠવાડીઆ પહેલાં તે સંસ્કાર પાળવાની ખબર અગાઉથી આપવી, એટલા માટે કે લોક આ સ્વર્ગીય ભોજનને માટે પોતાનાં મન ભાવિકપણાથી તૈયાર કરે. સંસ્કાર પાળવા પહેલાંના અઠવાડીઆમાં કોઇએક દિવસે તૈયારી માટે પ્રાર્થનાસભા ભરવી, તે ઉપરાંત પાળક ઘણીવાર આ વિધિ વિષે, ને જેઓ આ પવિત્ર સંસ્કારમાં ભાગ લેવા ધારતા હોય તેમણે કેવી તૈયારી કરવી જોઇએ તે વિષે, મંડળીના લોકને શિખામણ આપે, એ ઇષ્ટ છે.

ભજનક્રિયાને વખતે શાંતિ ને ગંભીરતા સચવાય એવી ગોઠવણ વડીલોએ આગળથી કરવી. ચિઠ્ઠીઓ અથવા તેવા પ્રકારની બીજી કોઇ સંજ્ઞાઓ સંસ્કાર પહેલાંના દિવસોમાં વહેંચવામાં આવે તો ઠીક. તેથી પ્રભુભોજનમાં બેસનારાઓની સંખ્યા જણાઇ આવે, ને વળી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવે.

ખ્રીસ્તી મંડળીની કોઇ પણ શાખાની સાથે પુરો સંબંધ રાખનાર, એવો કોઇ માણસ ભોજન વખતે હાજર હોય તો તેને પ્રભુભોજનમાં બેસવાને નોતરૂં આપવું. વળી જે પ્રભુભોજનમાં હજી સુધી બેઠાં ન હોય એવાંઓને સેવાના અંત સુધી હાજર રહેવાને ઉત્તેજન આપવું, ને જે હાજર રહી શકતાં નથી તેઓને બહાર નીકળવાની યોગ્ય તક આપવી, જેથી આ પવિત્ર સેવાને જે શાંત વ્યવસ્થા ઘટે તેમાં ભંગ પડે નહિ.

ભજનસેવાની શરૂઆતમાં સ્તુતિ તથા પ્રાર્થના કર્યા પછી ધર્મપાળકે લોકોને નીચેની બાબતમાં ચેતવણીરૂપી બોધ કરવો:—જાણી જોઇને જે કોઇ હઠ પકડી પાપ કરતાં રહે તે જો સંસ્કારમાં ભાગ લેશે તો તેમાં કેટલું જોખમ છે તે તેણે તેમને બતાવવું, ને વળી જે કોઇ ખરા મનથી પોતાનાં પાપનો પસ્તાવો કરે છે ને પોતાના પડોસી તરફ પ્રીતિથી વર્તે છે તે દરેકને આત્માની શાંતિ તથા બળ મેળવવાને વાસ્તે પ્રભુની મેજ પાસે આવવાને નોતરૂં દેવું.

પાપની માફી માટે ટુંકી પ્રાર્થના કર્યા પછી સ્તુતિનું ગીત ગાવું.

પછી ધર્મપાળકે રોટલી તથા દ્રાક્ષરસ પરથી લુગડું ઉપાડીને સંસ્કારની સ્થાપનાની વાત વાંચવી, ને પછી પરમેશ્વરની ભલાઇને માટે, ને ખાસ કરીને તેનાથી યોજેલા તારણોપાયને લીધે, ઉપકારસ્તુતિદર્શક પ્રાર્થના કરવી. આ પ્રાર્થનામાં નીચેની બાબતોનો સમાવેશ થાય, એટલે આપણા પ્રભુનું દુઃખસહન તથા મરણ, એ સંસ્કારની સ્થાપનાનું સ્મરણ, પરમેશ્વરની સેવામાં ભજનારાનું સમર્પણ, સંસ્કાર સાર્થક થાય માટે રોટલી તથા દ્રાક્ષરસ પર પ્રભુના આશીર્વાદની માગણી. વળી આ પૃથ્વી પર આત્મિક યુદ્ધ કરતી મંડળીને માટે વિનંતી અને

આકાશમાં જય પામેલી મંડળીને માટે સ્તુતિ, કરવામાં આવે. પછી પ્રભુની ખાસ હજુરમાં આવવાની વિનંતી કર્યા બાદ ધર્મપાળક તથા સભાસદો પ્રભુપ્રાર્થના સાથે બોલે.

ત્યાર પછી સંસ્કાર સ્થાપન કરતાં પ્રભુનાં વચનોનો પહેલો ભાગ—"જે રાતમાં પ્રભુ ઇસુ...ભંજાએલું છે; મારી યાદગીરીને સારૂ એ કરો"—એ બોલતાં પાળક રોટલીનો કકડો પોતાના હાથમાં લઇને ભાંજે. પછી જે વડીલો હાજર હોય તેમને તે આપીને પોતે પણ લે, ને ખાધા પછી વડીલો સભાસદોને પણ પીરસે.

સઘળાં રોટલી ખાઇ રહ્યા પછી ધર્મપાળક પોતાના હાથમાં વાટકો લે, ને દ્રાક્ષરસ તેમાં રેડતાં સ્થાપનાનાં વચનોનો બીજો ભાગ—"એમજ વાટકો પણ લઇને," વિ.—બોલે, ને પહેલાંની માફક પોતે પીએ ને વડીલોને પાય, ને તેઓ લોકોને પણ પીરસે.*

સઘળાંએ ભાગ લીધા પછી સંસ્કારનાં વાસણો ગંભીરતાથી મેજ પર મૂકીને લુગડાથી ઢાંકવાં, ને ત્યાર પછી પાળક આ સંસ્કારમાં દર્શાવેલી ઇશ્વરની કૃપા વિષે ટુંકો બોધ આપીને લોકોને એવું શિખવે કે તેઓ અભક્તિ તથા દૈહિક વિષયોને નકારીને પોતાની ચાલચલગતમાં ઇશ્વરનો મહિમા દર્શાવે અને ધન્ય આશાપ્રાપ્તિની ને આપણા તારનાર ઇસુ ખ્રીસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ જુએ. (મરજી હોય તો ઉપરોક્ત બોધ આપવાને બદલે પવિત્ર શાસ્ત્રનાં કેટલાંએક વાકયો વાંચે.)

પછી ઇશ્વરે આ સંસ્કારદ્વારા પોતાની દયા બક્ષી છે તે માટે ધર્મપાળકે પ્રાર્થના કરતાં ઇશ્વરનો ઉપકાર માનવો, ને સ્તુતિનું ગીત ગાયા પછી તેણે આશીર્વચન ઉચ્ચારવું. ત્યાર પછી થોડી વાર સુધી સઘળા લોકોએ મનમાં પ્રાર્થના કરતા રહેવું.

ઘણી મંડળીમાં એવી શુભ રીત ચાલે છે કે સંસ્કારની ભજનક્રિયા પૂરી થયા પછી પાળક, વડીલો તથા સભાસદો ખ્રીસ્તમાં એક શરીરરૂપ હોવાની નિશાણી તરીકે એક બીજાના હાથ મેળવીને કુશળતા કરે છે.

* અથવા—મરજી હોય તો વડીલો પહેલવહેલાં લોકોને રોટલી તેમજ દ્રાક્ષરસ પીરસે ને ધર્મપાળક તથા તેઓ પછીથી લે.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

૧. સ્તોત્રગાયન.

૨. સંબોધનરૂપી પ્રાર્થના.

હે સર્વશક્તિમાન ઈશ્વર, તારી આગળ હરેક મન ઉઘાડું છે, તું અમારી હરેક ઇચ્છા જાણે છે, ને તારાથી ગુપ્ત રહે એવું કંઈ નથી; માટે અમારાં મનમાં પવિત્ર આત્મા રેડીને અમારા વિચારો શુદ્ધ કર. તેથી અમે તારા પર પુરી પ્રીતિ રાખી શકીએ, ને તારા પવિત્ર નામની યોગ્ય સ્તુતિ કરી શકીએ, એવું અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તની ખાતર માગીએ છીએ. આમેન.

૩. પ્રવેશક બોધ.

જરૂર હોય તો [ ] કૌંસમાં આવેલાં વાક્ય પડતાં મૂકી શકાય.

વહાલાંઓ, આપણે હવે ખ્રીસ્તના શરીર તથા લોહીનો પવિત્ર સંસ્કાર પાળવાનાં છીએ. [આપણો તારનાર ખ્રીસ્ત, જે દેવ તેમજ માણસ છે, તેના દુ:ખ તથા મરણથી જગતનું તારણ પુરૂં થયું છે, તેને લીધે આપણે પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો ઉપકાર નમ્રતાથી તથા ખરા મનથી માનવો જોઈએ. કેમકે જ્યારે આપણે નાલાયક પાપીઓ અંધકારમાં તથા મરણની છાયામાં પડી રહેલાં હતાં, ત્યારે તે આપણને દેવનાં છોકરાંનો હક પમાડવા તથા આપણને સર્વકાળના જીવનમાં પહોંચાડવા આપણે માટે મરણ પામ્યો, હા, વધસ્તંભના મરણને આધીન થયો. આવી રીતે આપણો ધણી તથા તારનાર, ઈસુ ખ્રીસ્ત, જે આપણે માટે મરણ પામ્યો તેની અપાર પ્રીતિ, તેમજ તેણે પોતાનું અમૂલ્ય લોહી વહેવડાવીને જે અગણિત લાભ આપણે માટે મેળવ્યા છે તે પણ આપણે હમેશાં યાદ રાખીએ, માટે તેણે આ પવિત્ર મર્મ તેની પ્રીતિની પ્રતીતિ તરીકે તેના મરણની નિત્યની યાદગીરીને સારૂ સ્થાપન કર્યાં તથા ઠરાવ્યા છે; તેથી આપણને મોટો તથા અનંત દિલાસો મળે છે. પરંતુ] શાસ્ત્રના કહ્યા પ્રમાણે તમારામાંના પ્રત્યેકે પોતાને પારખવું, ને એમ આ રોટલીમાંથી ખાવું ને આ વાટકામાંથી પીવું. કેમકે આપણે

ખરો પસ્તાવો કરીને તથા ખરો વિશ્વાસ રાખીને આ પવિત્ર સંસ્કારના ભાગીદાર થઈએ તો ઘણોજ લાભ છે, તેમજ તેનો અયોગ્ય રીતે સ્વીકાર કરીએ તો મોટા જોખમમાં પડીએ. માટે ભાઈઓ, તમે પોતાનો ન્યાય કરો, એ માટે કે પ્રભુથી તમારો ન્યાય ન ઠરાવાય. કેમકે અયોગ્ય રીતે જે ખાય તથા પીએ, તે પ્રભુના શરીરનો ભેદ ન જાણીને, ખાધાથી તથા પીધાથી પોતા પર દંડ આણે છે.

એ માટે, જે કોઈ વિશ્વાસીઓના ગણમાંનો નથી, તેમજ જે સર્વ જાણીજોઈને અને પોતાના અંતઃકરણમાં ઉપજેલો બાદ ન ગણકારતાં પાપ કર્યાં કરતા હોય એવાને હું ચેતવણી આપું છું ને આગ્રહથી પણ કહું છું કે તે આ પવિત્ર મેજ અશુદ્ધ ન કરે, કેમકે પવિત્ર સંસ્કાર પવિત્ર લોકોનેજ વાસ્તે છે; અજવાળાને અંધકારની સંગત હોયજ નહિ.

પરંતુ તમારામાંના જેટલા ખરા મનથી તથા આતુરતાથી તમારાં પાપનો પસ્તાવો કરો છો ને પોતાના પડોશી પર ખરી પ્રીતિ રાખો છો ને પરમેશ્વરની આજ્ઞાઓ પાળવાનો તથા હવેથી તેના પવિત્ર માર્ગમાં રહીને નવા જીવનમાં ચાલવાનો ઇરાદો રાખો છો, તેટલાએ, વિશ્વાસથી સન્નિધ આવીને, તમારા દિલાસાને અર્થે આ પવિત્ર સંસ્કારના ભાગીદાર થવું. ખરો પસ્તાવો કરીને તથા ખરા વિશ્વાસથી સર્વશક્તિમાન પરમેશ્વરની તરફ જે કોઈ વળે છે તે સર્વને તેણે પાપની માફી આપવાનું વચન આપ્યું છે, માટે તેની દયા પર ભરોસો રાખો.

૪. પ્રાર્થના.

હે પ્રભુ, અમારા પર દયા કર.

હે ખ્રીસ્ત, અમારા પર દયા કર.

હે જગતનાં પાપ હરણ કરનાર દેવના હલવાન, તું અમારા પર દયા કરીને હાલ તથા સર્વકાળ તારી શાંતિ અમને આપ. આમેન.

અથવા—

હે સર્વશક્તિમાન ઈશ્વર, તેં તારા એકનાએક પુત્ર ઈસુ ખ્રીસ્તને આખા જગતનાં પાપના નિવારણને અર્થે યજ્ઞ તથા પ્રાયશ્ચિત્ત થવા સારૂ આપ્યો છે, માટે અહીં જે હાજર છે તેઓમાંના જેટલા પસ્તાવો કરીને

તારી તરફ વળે છે તેઓના પર દયા કર; અમારાં સર્વ પાપ માફ કરીને અમને સર્વ અન્યાયથી મુક્ત કર; હરેક સારૂં કામ કરવામાં અમને સ્થિર તથા બળવાન બનાવ ને સર્વકાળનું જીવન પામવા અમને નિભાવ. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે અમે એ બધું માગીએ છીએ. આમેન.

૫. સ્તોત્રગાયન.

૬. પ્રભુભોજનની સ્થાપના વિષે શાસ્ત્રવાક્યોનું વાંચન.

(આ વાંચ્યા પહેલાં પ્રભુભોજનનાં વાસણો પરથી લુગડાં કાઢી લેવાં).

પ્રભુમાં વહાલાંઓ, આ પવિત્ર સંસ્કાર સ્થાપન કરવાની વાત ધ્યાન દઇને સાંભળો.

જે રાતમાં પ્રભુ ઇસુ પરસ્વાધીન કરાયો તેમાં તેણે રોટલી લીધી ને સ્તુતિ કરીને તથા આશીર્વાદ માગીને ભાંગી; ને શિષ્યોને આપીને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂ ભંગાએલું છે, મારી યાદગીરીને સારૂ એ કરો. અને એમજ, ભોજન કર્યાં પછી, તેણે વાટકો પણ લઇને તથા સ્તુતિ કરીને તેઓને આપતાં કહ્યું કે, તમે સહુ એમાંનું પીઓ; કેમકે એ નવા કરારનું મારૂં લોહી છે, જે પાપોની માફીને અર્થે તમારે સારૂ તથા ઘણાઓને સારૂ વહેવડાવવામાં આવે છે. તમે જેટલી વાર એ પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો.

જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો ને આ વાટકામાંનું પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનું મરણ દેખાડો છો.

(માત્થી ૨૬; ૨૬–૨૮. માર્ક ૧૪; ૨૨–૨૫. લુક ૨૨; ૧૯, ૨૦. ૧ કરીં. ૧૧; ૨૩–૨૬).

૭. [ટુંકો બોધ.]

૮. ઉપકારસ્તુતિની પ્રાર્થના.

હે ઇશ્વર, તેં તારા વહાલા પુત્રના લોહીથી પરમપવિત્ર સ્થાનમાં પેસવાનો એક નવો તથા જીવતો માર્ગ પડદામાં થઇને એટલે તેના શરીરમાં થઇને ઉઘાડયો છે, માટે અમે તને એવી વિનંતી કરીએ છીએ

કે તું તારા પવિત્ર આત્માથી અમને શુદ્ધ કર, એવી રીતે કે અમે અમારૂં આ સ્તુત્યર્પણ તને ચઢાવવાને માટે નિર્મળ હૃદયથી સન્નિદ્ધ આવીએ.

અમે અમારાં મન ઊચ્ચ વાનાં પર લગાડીએ છીએ, હા, પ્રભુની ભણી રાખીએ છીએ. હે અમારા પ્રભુ દેવ, અમે તારો ઉપકાર માનીએ છીએ, કેમકે એમ કરવું યોગ્ય તથા ઘટારત છે. હા, હમેશાં તારો ઉપકાર માનવો એ ખરેખર યોગ્ય તથા ઘટારત છે તેમજ અમારી ફરજ પણ છે, કેમકે તેં અમને પેદા કર્યાં ને સહીસલામત રાખ્યાં છે, વળી તેં કૃપા તથા રેહેમનો મુગટ અમને પહેરાવ્યો છે.

પણ અમારે તારી વિશેષ સ્તુતિ આને લીધે કરવી જોઈએ કે તેં અમને સર્વકાળના મરણથી બચાવી રાખ્યાં છે ને અમને તારા પુત્ર ઈસુ ખ્રીસ્તને આસરે સર્વકાળના જીવનની આનંદપૂર્વક આશા આપી છે. તેને તેં જગતમાં એટલા માટે મોકલ્યો કે તે અમારા તારણને અર્થે વધસ્તંભે મરણ ભોગવે; તે હાલ તારી સાથે અનંત પરાક્રમ તથા મહિમામાં રાજ્ય કરે છે.

હે પરાક્રમી દેવ, સ્વર્ગીય રાજા, અમે તારૂં માહાત્મ્ય કબુલ કરીએ છીએ ને તારી સ્તુતિ કરીએ છીએ, ને પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા ત્રણે મળીને સર્વકાળ સુધી એકજ સ્તુતિપાત્ર પરમેશ્વર માનીને તારૂં ભજન તથા તારી આરાધના કરીએ છીએ.

એ માટે દૂતો તથા મુખ્ય દૂતો તથા આખી આકાશમાંની મંડળીની સાથે અમે તારા મહિમાવાન નામનાં વખાણ કરતાં તથા તેનું મહત્વ દર્શાવતાં સર્વકાળ સુધી તારૂં સ્તોત્ર ગાઈએ છીએ. પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યોનો યહોવાહ. આખી પૃથ્વીનું જે ભરપુરપણું તે તેનું ગૌરવ છે. પરાત્પર દેવ, પ્રભુ! તારો મહિમા થાઓ. હોસાના! પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે. પરમ ઊંચામાં હોસાના!

હે સર્વશક્તિમાન પરમેશ્વર, અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તના પિતા, તારા પુત્ર અમારા પ્રભુએ વધસ્તંભ પર એકજવાર જે આત્મસમર્પણ કર્યું તેનું અમે સ્મરણ કરીએ છીએ, હા, તારી આગળ જે સંસ્કાર તેણે સ્થાપન કર્યો તે વડે હાલ સ્મરણ કરીએ છીએ. હે પિતા, અમારૂં આ આત્મિક સ્તુત્યર્પણ સ્વીકાર, ને અમે અમારા આત્માઓ તથા શરીરોનું

જીવતું અર્પણ તારા પુત્ર ઈસુ ખ્રીસ્તની મારફતે કરીએ છીએ ત્યારે તું અમારો અંગીકાર કર. તું હાલ તારા વચન તથા પવિત્ર આત્માના બળથી તારાં આ દાન એટલે રોટલી તથા દ્રાક્ષરસ પર આશીર્વાદ મોકલ ને તેને પવિત્ર કર, જેથી અમે તેમાં ભાગ લઈને ખ્રીસ્ત જે અમારે સારૂ વધસ્તંભે જડાએલો તેનો અમે વિશ્વાસથી અંગીકાર કરીએ, ને તેનો આહાર એવી આત્મિક રીતે કરીએ કે ખ્રીસ્ત અમારી સાથે ને અમે તેની સાથે એકરૂપ થઈએ.

અમારા ઉપર એટલુંજ નહિ પણ સાર્વત્રિક મંડળી જે આખા જગતમાં વેરાએલી છે તે પર પણ તારો આશીર્વાદ રેડ; તારા લોકોને સત્ય, ઐક્ય તથા પ્રીતિનો આત્મા આપ. જેઓ સંકટમાં, મંદવાડમાં કે કોઈ પણ બીજા દુઃખમાં પડેલા છે તેઓને દિલાસો દે ને તેઓનું રક્ષણ કર. જેઓ તારાથી વેગળા છે તેઓના પર તું દયા રાખ, અને સર્વ ખોવાએલાં ઘેટાંને તારા વાડામાં ભેગાં કર. વળી તારા જેટલા સેવકો વિશ્વાસ રાખીને તથા પોતાની લડાઈ પૂરી કરીને તારી પાસે વિસામો ભોગવવા પાર પહોંચ્યા છે, ને વિશેષે કરીને તેઓમાં જે કોઈ અમારા ઓળખીતા હોય, તેઓ સર્વને માટે અમે તારા પવિત્ર નામની સ્તુતિ કરીએ છીએ, ને તને એવી વિનંતી કરીએ છીએ કે તું પ્રભુનો દિવસ જલદી લાવ કે જેમાં તારા પર પ્રેમ કરનારાઓને સારૂ તેં જે સિદ્ધ કર્યું છે તે અમે તેઓની સાથે નિહાળીએ.

હે દયાળુ પ્રભુ, અમે અમારા પોતાના કંઈ પુણ્ય પર ભરોસો રાખીને તારી આ મેજ પાસે આવવાની હિમ્મત ધરતા નથી, પણ તારી ભિન્ન ભિન્ન પ્રકારની અનહદ કૃપાથી સન્નિધ આવીએ છીએ. તારી મેજ તળેના કકડા વીણી ખાવાને પણ અમે યોગ્ય નથી. તો પણ તું નિરંતર એવો ને એવો કૃપાદૃષ્ટિ કરનાર પ્રભુ છે. માટે, હે દયાળુ પ્રભુ, તું એવું કર કે અમે તારા વહાલા પુત્ર ઈસુ ખ્રીસ્તનું શરીર એવી રીતે ખાઈએ ને તેનું લોહી પીએ કે અમારાં પાપિષ્ટ શરીર તથા આત્મા તેનાથી શુદ્ધ કરવામાં આવે, અને એમ અમે તેના પવિત્ર લોહીથી ધોવાઈને સદા તેનામાં રહીએ ને તે અમારામાં રહે.

ઓ આકાશમાંના અમારા બાપ, ઇત્ય.

૯. સંસ્કારની ખાસ ક્રિયા.

(અ) રોટલીનું ભાંજવું.

ધર્મપાળક :—પ્રભુની શાંતિ સર્વકાળ સુધી તમારી સાથે હોજો.

જે રાતમાં પ્રભુ ઇસુ પરસ્વાધીન કરાયો તેમાં તેણે રોટલી લીધી **[પાળક હાથમાં રોટલી લે છે]** ને સ્તુતિ કરીને ભાંગી **[પાળક રોટલી ભાંજે છે]** ને શિષ્યોને આપીને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂ ભંજાએલું છે.

[રોટલી પીરસવામાં આવે છે].

(આ) દ્રાક્ષરસનું રેડવું.

ધર્મપાળક :—એમજ તેણે વાટકો પણ લઇને **[પાળક પોતાના હાથમાં વાટકો લે છે]** કહ્યું કે, આ વાટકો મારા રક્તમાં નવો કરાર છે જે તમારે સારૂ વહેવડાવવામાં આવે છે. તમે જેટલી વાર એ પીઓ છો તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો.

[દ્રાક્ષરસ પીરસવામાં આવે છે].

(બધાંએ રોટલી તથા દ્રાક્ષરસ લીધા પછી સંસ્કારનાં વાસણો ગંભીરતાથી મેજ પર મૂકવાં ને લુગડાથી ઢાંકવાં જોઇએ.)

૧૦. બોધભાષણ અથવા શાસ્ત્રવાંચન.

માત્થી ૫ ; ૩–૧૨ ; યોહા. ૧૫ ; ૧–૧૨ ; ગલા. ૫ ; ૨૨–૨૪ ; એફે. ૫ ; ૧–૧૪ ; ફિલિ. ૪ ; ૪–૯ ; કલો. ૩ ; ૧૨–૧૭ ; એવાં એવાં વચનો વાંચી શકાય.

૧૧. આભારની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા અનાદ્યનંત ઇશ્વર, અમે ખરા મનથી તારો ઉપકાર માનીએ છીએ કે અમને તેં હાલ અમારા તારનાર ઇસુ ખ્રીસ્તના મહા મૂલ્યવાન શરીર તથા લોહીનો આત્મિક ખોરાક ખવડાવવાની કૃપા કરી છે; તેથી અમને ખાતરી થઈ છે કે અમે

વિશ્વાસથી તારા પુત્રના માર્મિક શરીરના ખરેખર અવયવો છીએ, અને તારા સર્વકાળના રાજ્યના વારસ છીએ, એવી આશા રાખી શકીએ છીએ. હવે, હે આકાશવાસી પિતા, તું તારી કૃપાથી અમને એવી મદદ આપ કે અમે તારી પવિત્ર સંગત હમેશાં પામતા રહીએ, ને અમારે માટે તેં જે સદાચારનો માર્ગ ઠરાવી આપ્યો છે તેમાં ચાલીને અમે સઘળાં જોઈતાં શુભ કૃત્યો કરી શકીએ, એવી અમારી વિનંતી છે. વળી તું અમારા ઉપર એવી કૃપા કર કે અમે હવેથી સર્વ દૈહિક તથા ભ્રષ્ટ વિષયો તથા ઇચ્છાઓ રોજ રોજ મારી નાખતા રહીએ, અને સામર્થ્યથી સામર્થ્ય સુધી આગળ વધતા, તથા તારા પરાક્રમ વડે રક્ષણ પામતા, અમે સદા તારી સ્તુતિને અર્થે જીવન ગાળીએ. ઇસુ ખ્રીસ્ત, જે અમારા આત્માઓનો ત્રાતા, તેને નામે આ સર્વ માગીએ છીએ. પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા, ત્રિએક દેવ, તને સર્વ મહિમા તથા માન સદા સર્વકાળ સુધી હોજો. આમેન.

૧૨. આભાર માનવાનું સ્તોત્રગાયન.

૧૩. આશીર્વચન.

દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક તે પિતા તથા તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના જ્ઞાન તથા પ્રેમમાં તમારાં હૃદયોને તથા મનોને સંભાળો. સર્વશક્તિમાન પરમેશ્વર, એટલે પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારી મધ્યે ને તમારી સાથે સદા સર્વકાળ સુધી રહો. આમેન.

અથવા હેબ્રી. ૧૩; ૨૦, ૨૧. **અથવા** ૨ કરી. ૧૩; ૧૪.

૧૪. કુશળતા.

પ્રસંગાનુસાર વિધિઓ.

લગ્નક્રિયાનો વિધિ.

લગ્નક્રિયાની અનુક્રમણિકા.

સૂચનાસંગ્રહ.

લગ્નનો સંબંધ એ ઇશ્વરથી ઠરાવેલો પવિત્ર સંબંધ છે, તે માણસ જાતના અરસપરસના વ્યવહારનો તથા સંસારનો પાયો છે, વળી માણસોના હિતાર્થે તે ભારે અગત્યનો પણ છે. માટે લગ્નની ક્રિયા બહુ ગંભીરતાએ તથા આદરભાવે કરાવવી જોઇએ.

મંડળીના સભાસદો એકઠા થયા પછી ધર્મપાળક પોતાની જગ્યાએ ઊભા થઇને સ્તુતિ કરાવે ને તે અરસામાં વર કન્યા દેવળમાં આવી ધર્મપાળક આગળ ઊભાં થાય. વરને ડાબે પક્ષે કન્યા ઊભી રહે.

પછી મંડળીના બધા સભાસદો ઊભા થાય, ને પાળક પવિત્ર શાસ્ત્રમાંનાં થોડાંએક વાકયો વાંચી સંભળાવે; આ વખતે તે પ્રથમ મંડળીને અને તે પછી લગ્ન કરનારાંને ગંભીરતાએ બોધ તથા ચેતવણી આપે કે આ લગ્ન સંબંધી જો કોઇને કંઇ વાંધો હોય તો તે હમણાંજ પ્રગટ કરે.

હવે જો એવો કંઇ વાંધો ના હોય તો પછી ધર્મપાળક પ્રભુની સહાય તથા આશીર્વાદ માગી પ્રાર્થના કરાવે.

તે પછી જે સવાલો પુછવાના છે તે પ્રથમ પુરૂષને અને ત્યાર પછી સ્ત્રીને ધર્મપાળક પુછે, ને તેઓ તેના જવાબ આપે. આ પ્રસંગે તેઓ એક બીજાના જમણા હાથ પકડીને પાળકના સૂચવ્યા પ્રમાણે અરસપરસ વિશ્વાસુ થવાને વચન આપે.

ત્યારબાદ તેઓ હવે પરણેલાં પુરૂષ તથા સ્ત્રી થયાં છે એવું ધર્મપાળક જાહેર કરે તથા તેઓ પર પ્રભુનો આશીર્વાદ આવે એવી વિનંતી કરે.

પછી ગીત ગાવામાં અથવા વાંચવામાં આવે ને પવિત્ર શાસ્ત્રમાંનાં પ્રસંગાનુસાર વચનો પાળક વાંચી સંભળાવે તથા નવાં પરણેલાંને બોધ આપે.

ત્યાર પછી પાળક ફરી પ્રાર્થના કરાવે ને આશીર્વચન ઉચ્ચારે.

એ બધું થયા બાદ નવું પરણેલું જોડું તથા બન્નેના સાક્ષીઓ રજીસ્ટરમાં પોતાની સહીઓ કરે.

નવાં પરણેલાં દમ્પતિ તથા તેમની સાથેનાં માણસો દેવળમાંથી નીકળી જાય ત્યાં સુધી મંડળીના સભાસદો પોતપોતાની જગ્યાએ ઊભા રહે.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

૧. [સ્તોત્રગાયન.]

[પરણનારી બાઈ દેવળમાં આવ્યા પછી ગીત ગાવામાં આવે.]

૨. પ્રાસ્તાવિક વાક્યો.

(બધા સભાસદો આદરભાવે ઊભા રહે ને ધર્મપાળક નીચે આપેલાં શાસ્ત્રવાક્યો સંભળાવે.)

અમારી સહાય તો આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કરનાર યહોવાહના નામમાં છે. ગીત. ૧૨૪ : ૮.

જો યહોવાહ ઘર ન બાંધે તો તેના બાંધનારા અમથો શ્રમ કરે છે. ગીત. ૧૨૭ ; ૧.

હે યહોવાહ, અમે તારા પર આશા રાખી છે તે પ્રમાણે તારી કૃપા અમારા પર થાઓ. ગીત. ૩૩ ; ૨૨.

૩. મંડળીના સભાસદોને બોધ.

વહાલાં ભાઈબહેનો, પરમેશ્વરની સમક્ષ આપણે એકઠાં થયાં છીએ એ સારૂ કે આ પુરૂષ તથા આ સ્ત્રીનાં લગ્ન આપણે કરાવીએ. લગ્નનો સંબંધ પવિત્ર સંબંધ છે ; આપણાં આદિ માતાપિતાની નિર્દોષ અવસ્થામાં તેની સ્થાપના પ્રભુથી થઈ હતી. વળી ગાલીલના કાના ગામમાં લગ્ન પ્રસંગે પ્રભુ ઈસુ કૃપા કરી હાજર થયો, ને તેજ વખતે તેણે પોતાનો પહેલો ચમત્કાર કર્યો હતો. વળી લગ્ન વિષે શાસ્ત્રમાં લખેલું છે કે તે સઘળાં માણસોને માટે માન યોગ્ય સંબંધ છે, ને ખ્રીસ્ત તથા તેની મંડળી વચ્ચેની માર્મિક એકતા દર્શાવનારી એંધાણી છે. એ કારણોને લીધે કોઈએ અયોગ્ય રીતે અથવા વગર વિચારે લગ્ન કરવું ન જોઈએ ; પણ જેઓ લગ્ન કરે છે તેઓએ ઈશ્વરની બીક રાખીને ગંભીરતાએ ને પરમેશ્વરે શા કારણથી આ સંબંધ સ્થાપ્યો હતો, તેમ વિવાહિત સ્ત્રીપુરૂષને માથે શી શી ફરજો રહેલી છે તે વિષે યોગ્ય વિચાર કરીને લગ્ન કરવું જોઈએ. પુરૂષોનું તથા સ્ત્રીઓનું એકમેકનું ભલું થાય, સંસારમાં

સુધારો થાય તથા પરસ્પર દિલાસો મળે; ને તેઓ એક બીજાનાં સહાયકારી થાય; વળી કુટુંબની અંદર અરસપરસ જે પવિત્ર સંબંધો હોય છે તે જાળવવામાં આવે; ને છોકરાં, કે જેઓ વિષે પવિત્ર શાસ્ત્રમાં કહેલું છે કે તેઓ પ્રભુ તરફથી વારસો કે મિલકત છે, તેઓને ધાર્મિકપણાએ તથા સભ્યતાએ ઉછેરવામાં તથા કેળવવામાં આવે; એવા એવા ઉદ્દેશોથી લગ્નની સ્થાપના ઈશ્વરે કરી હતી.

આ પવિત્ર સંબંધમાં આવવાની ભાવના રાખીને આ બે જણ અહીં આવેલાં છે. માટે તેઓનાં લગ્ન કાયદા પ્રમાણે થવામાં જો કંઈ વાંધો છે એવું કોઈ જાણે તો તેણે તે વાંધો હમણાંજ જાહેર કરવો જોઈએ, નહિ તો પછી તે વિષે કોઈવાર બોલવુંજ નહિ.

૪. લગ્ન કરનારાંને ચેતવણી.

હું તમ બેઉને ઘણી ગંભીરતાએ તથા હૃદયથી ફરમાવું છું કે જો તમારા જાણવામાં એવો કંઈ વાંધો કે બાધ હોય કે જેને લીધે તમ બેઉનાં લગ્ન કાયદેસર કરી ન શકાય તો આ વખતે તે વાંધો જાહેર કરવો જોઈએ. જો એવો વાંધો તમારા જાણવામાં હોય ને તે આ વખતે છાનો રાખવામાં આવે તો ખાતરીથી જાણજો કે ન્યાયકાળે જ્યારે બધાં હૃદયોની ગુપ્ત વાતો પ્રગટ કરવામાં આવશે ત્યારે તે વિષે તમારે જવાબ દેવો પડશે. વળી તમે જરૂર જાણજો કે જેઓનાં લગ્ન પ્રભુના વચનમાં ઠરાવેલી પદ્ધતિની વિરૂદ્ધ કરવામાં આવે છે તેઓનાં લગ્ન કાયદેસર લગ્ન ગણવામાં આવશે નહિ.

થોડી વાર થોભ્યા પછી ધર્મપાળક કહે,—

હવે કોઈ કંઈ બાધ બતાવતું નથી માટે થનાર લગ્નક્રિયા પર પરમેશ્વરનો આશીર્વાદ માગીએ.

૫. પ્રાર્થના.

હે સર્વશક્તિમાન પરમેશ્વર, સઘળાં માણસોના પેદા કરનાર તથા પાળણ કરનાર, તારી પાસેથી હરેક સારૂં તથા સંપૂર્ણ દાન આવે છે; અમે તારાં સર્વ સારાં દાનોને લીધે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ, ને આ ટાણે અમે લગ્નની સ્થાપનાને સારૂ તારો ખાસ ઉપકાર માનીએ

છીએ. તેં લગ્ન સ્થાપ્યું હતું એ સારૂ કે પ્રીતિ જાળવવામાં આવે ને તે પવિત્ર તથા પૂર્ણ થાય. હવે આ માણસો કે જેઓને આ પવિત્ર સંબંધમાં જોડવામાં આવશે તેઓને કૃપા કરીને આશીર્વાદ પમાડ. આજની બાહ્ય ક્રિયા કે જે પ્રત્યક્ષ રૂપે તેઓને એક કરી બતાવશે તે માંહેની તથા ખરેખરી એકતા દર્શાવનારી થાય, એવું કર. વળી આ તારા સેવકો જે વચનો એક બીજાને આપે ને તારા પવિત્ર નામે પવિત્ર તથા વિશ્વાસુ થવાની પ્રતિજ્ઞા લે તેમાં, હે પ્રભુ, તું તેઓને સહાય આપ. વળી હે પ્રભુ, અમે જાણીએ છીએ કે તારા આશીર્વાદ વગર કશું ફતેહમંદ થઈ શકે નહિ, માટે કૃપા કરીને આ વખતે હાજર થઈને આનંદ પમાડ તથા આશિષ આપ. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

૬. લગ્ન કરનારાં સ્ત્રી પુરૂષને પુછવાના પ્રશ્નો.

ત્યાર પછી ધર્મપાળક નીચે પ્રમાણે સવાલો પુછે—

————,* પરમેશ્વરની ફરમાવેલી રીતિએ તમે આ બાઈને પરણીને તમારી ખરી સ્ત્રી કરી લેવા ચાહો છો? તમે તેના પર પ્રીતિ રાખશો, તેને પાળશો. તેને માન આપશો, સુખ દુઃખમાં, મંદવાડ કે તનદુરસ્તીને વખતે તમે તેની બરદાસ્ત કરશો; ને તમ બેઉ જીવશો ત્યાં લગી બીજા બધાને તજીને એકલી તેનેજ વળગી રહેશો?

ઉત્તરમાં પુરૂષ કહેશે—

હા, હું એ પ્રમાણે કરીશ.

પછી ધર્મપાળક સ્ત્રીને પુછે—

————,† પરમેશ્વરની ફરમાવેલી રીતિએ તમે આ પુરૂષને પરણીને તમારો ખરો ધણી કરી લેવા ચાહો છો? તેને આધીન થઈને તમે તેની આજ્ઞા માનશો, તેની સેવા કરશો, તેના પર પ્રીતિ રાખશો, ને તેને માન આપશો? વળી સુખમાં કે દુઃખમાં, મંદવાડે કે તનદુરસ્તીને વખતે તમે તેની બરદાસ્ત કરશો; ને તમ બેઉ જીવશો ત્યાં લગી બીજા બધાને તજીને એકલા તેનેજ વળગી રહેશો?

* પુરૂષનું નામ ઉચ્ચારવું. † સ્ત્રીનું નામ ઉચ્ચારવું.

ઉત્તરમાં સ્ત્રી કહેશે—

હા, હું એ પ્રમાણે કરીશ.

૭. અરસપરસ વચન લેવાં.

ત્યાર પછી ધર્મપાળક કહેશે—

તમે એક બીજાનો જમણો હાથ પકડીને મારી સાથે બોલો—

પુરૂષે આ પ્રમાણે બોલવું—

હું........................તમને........................ પરમેશ્વરની ફરમાવેલી રીતિએ પરણીને મારી ખરી સ્ત્રી કરી લઉં છું. વળી આજ દિવસથી મરણ પર્યંત, સંપત્તિમાં કે વિપત્તિમાં, સારી હાલતમાં કે માઠી હાલતમાં, સુખમાં કે દુઃખમાં, હું તમારા પર પ્રીતિ રાખીશ ને તમને પાળીશ; એવું વચન હું અત્યારે આપું છું.

પછી સ્ત્રીએ આ પ્રમાણે બોલવું—

હું........................તમને........................ પરમેશ્વરની ફરમાવેલી રીતિએ પરણીને મારો ખરો ધણી કરી લઉં છું. વળી આજ દિવસથી મરણ પર્યંત, સંપત્તિમાં કે વિપત્તિમાં, સારી હાલતમાં કે માઠી હાલતમાં, સુખમાં કે દુઃખમાં હું તમારા પર પ્રીતિ રાખીશ ને તમારી સેવાચાકરી કરીને પ્રભુમાં તમને આધીન રહીશ; એવું વચન હું અત્યારે આપું છું.

૮. જાહેર વચન.

ત્યારે ધર્મપાળક બધાંના સાંભળતાં કહેશે—

આ બે જણે....................તથા.................... ખ્રિસ્તી ધર્મની રીતિએ પોતાનાં લગ્ન કરાવવાની ભાવના પ્રગટ કરી છે, ને પરમેશ્વરની સમક્ષ તથા આ મંડળીની આગળ તેને લગતાં વચનો આપ્યાં છે, વળી અરસપરસ પ્રતિજ્ઞા આપી છે. આ પ્રતિજ્ઞા તેઓએ એક બીજાના હાથ પકડ્યાથી મુદ્રિત કીધી છે. તેથી હું પરમેશ્વર બાપ તથા પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેમને પરણેલાં ધણીધણીઆણી, ભરથાર બાયડી, ઠરાવું છું. આમેન.

જેઓને પરમેશ્વરે જોડ્યાં છે તેઓને કોઈ માણસે જુદાં ન પાડવાં.

૯. આશીર્વચન.

પ્રભુ તમને આશીર્વાદ આપો, ને તમારૂં રક્ષણ કરો;

પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તમારા પર પાડો, તથા તમારા પર કૃપા કરો;

પ્રભુ પોતાની રહેમનજર તમારા પર રાખો, ને તમને શાંતિ આપો. આમેન.

૧૦. [સ્તોત્રગાયન.]

ગીતશાસ્ત્રમાંનું ૧૨૮ મું ગીત વંચાય, અથવા પ્રસંગાનુસાર કોઇ પણ ગીત ગાવામાં આવે.

૧૧. શાસ્ત્રવાંચન.

એફે. ૫; ૨૨–૩૩.

વહુઓ, જેમ પ્રભુને તેમ પોતાના વરોને, તમે આધીન થાઓ; કેમકે વર વહુનું શિર છે, જેમ ખ્રીસ્ત મંડળીનું શિર છે તેમ; ને તે શરીરનો ત્રાતા છે. અને જેમ મંડળી ખ્રીસ્તને આધીન છે, તેમ વહુઓએ સર્વમાં પોતાના વરોને [આધીન] થવું. વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ કરો, જેમ ખ્રીસ્તે પણ મંડળી પર પ્રીતિ કીધી, ને તેને વાસ્તે પોતાને સોંપ્યો તેમ, એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે એને પવિત્ર કરે, એ સારૂ કે તેને પોતાની પાસે મહિમાવંતી રાખે, એટલે એવી મંડળી કે જેને ડાઘ કે કરચલી કે એવું કંઈ ન હોય; પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય. એમજ વરોએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની વહુઓ પર પ્રેમ કરવો; જે પોતાની વહુ પર પ્રેમ કરે છે, તે પોતા પર પ્રેમ કરે છે; કેમકે કોઈ માણસે પોતાના દેહનો દ્વેષ કદી કીધો નહિ; પણ તેનું પાળણ તથા પોષણ કરે છે; જેમ પ્રભુ પણ મંડળીનું [કરે છે] તેમ. કેમકે આપણે તેના શરીરના અવયવો, એટલે તેના માંસનાં તથા હાડકાંઓનાં છીએ. એ માટે માણસ પોતાનાં માબાપને મૂકશે ને પોતાની વહુની સાથે જોડાશે, ને તે બંને એક દેહ થશે. આ મોટો ભેદ છે; પણ હું ખ્રીસ્ત તથા મંડળી સંબંધી બોલું છું. પરંતુ

તમે પણ એમ કરો કે, હરેક જેમ પોતા પર તેમ પોતાની વહુ પર પ્રેમ કરે; ને વહુ પોતાના વરની મર્યાદા રાખે.

અથવા—

૧ કરીં. ૧૩; ૧—૧૩.

જો હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મને પ્રીતિ ન હોય, તો વાજનાર પિત્તળ કે ઠણઠણનાર ઝાંજના જેવો હું થયો છું. અને જો મને ભવિષ્યજ્ઞાન હોય, ને હું સર્વ મર્મો તથા સર્વ વિદ્યા જાણું, ને જો પૂરો વિશ્વાસ મને હોય, એવો કે મારાથી પર્વતો ખસેડાય, પણ મને પ્રીતિ ન હોય, તો હું કંઈ નથી. અને જો હું કંગાલોને પાળવાને મારી આખી સંપત આપું, ને જો હું મારૂં શરીર બળવાને સોંપું, પણ મને પ્રીતિ ન હોય, તો મને કંઈ લાભ થતો નથી. પ્રીતિ સહનશીળ તથા પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી; પ્રીતિ વડાઈ કરતી નથી, ફુલતી નથી, વિશોભિત રીતે વર્ત્તતી નથી, પોતાનુંજ શોધતી નથી, સંતાપતી નથી, ભુંડું ધારતી નથી; અન્યાયમાં હરખાતી નથી, પણ સત્યમાં હરખાય છે; સઘળું ખમે છે, સઘળું ખરૂં માને છે, સઘળાની આશા રાખે છે, સઘળાનું સહન કરે છે. પ્રીતિ કદી ખુટતી નથી, પણ ભવિષ્યદાનો હોય તો તેઓ જતાં રહેશે; ભાષાઓ હોય, તો તેઓ સમાપ્ત થશે; વિદ્યા હોય તો તે જતી રહેશે. કેમકે આપણે અપૂર્ણ જાણીએ છીએ; ને અપૂર્ણ ભવિષ્યવાદ કહીએ છીએ; પણ જ્યારે સંપૂર્ણતા આવશે, ત્યારે અપૂર્ણતા જતી રહેશે. જ્યારે હું બાળક હતો, ત્યારે બાળકની પેઠે બોલતો હતો, બાળકની પેઠે વિચારતો હતો, બાળકની પેઠે સમજતો હતો, પણ જ્યારે પુરૂષ થયો, ત્યારે મેં બાળકની વાતો મૂકી દીધી. કેમકે હમણાં આપણે દર્પણને આસરે ઝાંખું ઝાંખું જોઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું; હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ જણાએલો છું તેમ જાણીશ. અને હવે વિશ્વાસ તથા આશા તથા પ્રીતિ એ ત્રણે રહે છે; પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે.

૧૨. બોધ.

પછી વિવાહિત સ્ત્રી પુરૂષને બોધ આપવામાં આવે.

૧૩. પ્રાર્થના.

હે અનાદ્યનંત પરમેશ્વર, માણસજાતના પેદા કરનાર તથા રક્ષણ કર્તા, સર્વ આત્મિક કૃપાના બક્ષનાર, તથા અનંતકાળનું જીવન આપનાર, આ પુરૂષ તથા સ્ત્રી, જેઓ તારાં સેવકો છે, તેઓ પર આશીર્વાદ મોકલી દે. તેઓનાં લગ્ન પવિત્ર થાય, ને તેથી તેઓનું હિત થાય તથા તેઓનું સદાનું કલ્યાણ થાય, એવું કર. તેઓ એક બીજા પ્રત્યે સદા વિશ્વાસુ, પ્રેમી તથા સત્ય થાય, ને શાંતિ તથા સુખમાં પોતાના દહાડા ગુજારે એવું કર. પોતાની બધી ફરજો તેઓ યોગ્ય રીતિએ બજાવી શકે, માટે તેમને બળ તથા બુદ્ધિ પમાડ. એક બીજાથી તેમને અખુટ આનંદ પ્રાપ્ત થાય, ને તેમની આશાઓ ફળીભૂત થાય. તેમની અરસ-પરસની પ્રીતિમાં ઘટાડો કે વહેમ કે ક્ષય કદી ન થાય. આ જગતમાંનાં જોખમો મધ્યે તથા પરીક્ષણો મધ્યે તું તેઓનું રક્ષણ કર. જીવનભર તેઓને તજી ન દે, પણ હે આકાશમાંના પિતા, તેઓને ધર્મના તથા પવિત્રાઈના માર્ગમાં દોરી લે, ને તારા વહાલા પુત્ર પ્રભુ ઈસુ ખ્રીસ્તની નિકટ સંગતમાં તેઓને રાખ. તેઓના ઘરનું બધું કામ તેઓ તારી બીક રાખીને તથા તારા પર ભાવ રાખીને તારા મહિમાને અર્થે ચલાવે, તેઓની પાસે જે બધું છે તે તારૂં આપેલું છે, ને તારી સેવામાં વાપરવા સારૂ આપેલું છે, એમ તેઓ સમજે.

હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે તું તેઓને તારા માર્ગમાં રાખ ને આ ક્ષણભંગુર જગતમાં જે ફેરફારો તથા આપત્તિઓ થાય તે બધામાં તેઓનો વિશ્વાસ દૃઢ રહે, ને આશામાં તથા પ્રીતિમાં તેઓ ઐક્ય જાળવે, એવી રીતે કે મરણથી પણ તેઓ જૂદાં ન થાય, ને એમ તેઓ અંતે તારા રાજ્યના અનંત આનંદ તથા મહિમામાં પ્રવેશ પામે. પ્રભુ ઈસુ અમારા તારનારને નામે માગીએ છીએ. આમેન.

૧૪. આશીર્વચન.

હવે દેવની શાંતિ, જે સર્વ સમજણ કરતાં અધિક છે, તે દેવના તથા આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના જ્ઞાનમાં તથા પ્રેમમાં તમારાં હૃદયોને તથા મનોને સંભાળી રાખો; અને સર્વશક્તિમાન દેવનો, એટલે બાપ,

પુત્ર તથા પવિત્ર આત્માનો આશીર્વાદ તમારા પર તથા તમારી સાથે હમણાં ને હમેશાં થાઓ. આમેન.

૧૫. રજીસ્ટરમાં સહીઓ લેવી.

દફનક્રિયાનો વિધિ.

દફનક્રિયાની અનુક્રમણિકા.

I. મરનારના ઘરમાં અથવા દેવળમાં થતી ક્રિયા.

૧. શાસ્ત્રવાક્યો.
૨. સંબોધનરૂપી પ્રાર્થના.
૩. શાસ્ત્રવાંચન.
૪. [સ્તોત્રગાયન.]
૫. પ્રાર્થના.
૬. [સ્તોત્રગાયન.]
૭. આશીર્વચન.

II. કબર આગળની ક્રિયા.

૧. શાસ્ત્રવાક્યો.
૨. સંબોધનરૂપી પ્રાર્થના.
૩. શાસ્ત્રવાંચન.
૪. [સ્તોત્રગાયન.]
૫. પ્રાર્થના.
૬. શબને કબરમાં ઉતારતી વેળાએ બોલાય તે વચનો.
૭. પ્રાર્થના.
૮. આશીર્વચન.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

I. મરનારના ઘરમાં અથવા દેવળમાં થતી ક્રિયા.

૧. શાસ્ત્રવાક્યો.

મરનારના ઘરમાં અથવા દેવળમાં જ્યારે બધાં માણસો એકઠાં થાય, ત્યારે ધર્મપાળકે અથવા (પાળક ન હોય તો) બીજા કોઇ ભાઇએ પવિત્ર શાસ્ત્રમાંથી એક અથવા બે શાસ્ત્રવાક્યો વાંચી સંભળાવી આ ક્રિયાનો આરંભ કરવો.

અમારી સહાય તો આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કરનાર યહોવાહના નામમાં છે. ગીત. ૧૨૪ ; ૮.

અમે અમારા સર્વ પિતૃઓના જેવા તારી આગળ પારકા તથા પ્રવાસી છીએ ; પૃથ્વી પર અમારા દહાડા છાંયડારૂપ છે, ને કાયમપણું છેજ નહિ. ૧ કાળ. ૨૯ ; ૧૫.

દેવ આપણો આશ્રય તથા સામર્થ્ય, ને સંકટને સમયે હાજરાહજુર મદદગાર છે. એ માટે જો કે પૃથ્વી બદલાઇ જાય, ને જો કે પર્વતો સમુદ્ર મધ્યે હાલતા થાય, જો કે તેનું પાણી ગર્જના કરે તથા વલોવાય, જો કે તેના ઉછળવાથી પર્વતો કાંપે તો પણ આપણે નહિ બીએ. ગીત. ૪૬ ; ૧–૩.

ગરીબોને સારૂ આશ્રો, કંગાલને સારૂ તેના સંકટની વેળાએ આશ્રો, તોફાન સામે ઓથો, તડકા સામે છાયા, એવો તું થયો છે; કારણ કે ભયંકરનો ફુંકારો કોટ પરના તોફાન જેવો છે. યશા. ૨૫ ; ૪.

હું જાણું છું કે મારો ખંડી લેનાર જીવે છે, ને તે આખરે પૃથ્વી પર ઊભો રહેશે ; ને મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ વગર શરીરે હું દેવને જોઇશ ; તેને હું પોતાની મેળે જોઇશ, ને મારી આંખો જોશે, ને બીજાની નહિ. અયૂ. ૧૯ ; ૨૫–૨૭.

આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દેવ તથા બાપ, જે કરૂણાનો બાપ તથા બધા દિલાસાનો દેવ, તેની સ્તુતિ થાઓ. તે અમારી સર્વ વિપત્તિમાં અમને દિલાસો દે છે, એ સારૂ કે જે દિલાસો અમે પોતે દેવથી પામીએ છીએ, તેણે કરીને જેઓ કોઈ પણ વિપત્તિમાં છે તેઓને અમે દિલાસો આપવાને શક્તિમાન થઈએ. ૨ કરીં. ૧ ; ૩, ૪.

૨. સંબોધનરૂપી પ્રાર્થના.

હે સર્વશક્તિમાન અનાદ્યનંત ઈશ્વર, તું દુ:ખિતનો દિલાસો, અને આપત્તિમાં આવી પડેલાને સામર્થ્ય આપનાર છે; જે બધા તારી આગળ દુ:ખની બૂમો પાડતાં આવી પ્રાર્થના કરે, તેઓ બધાં એમ જાણે કે અમારી વિપત્તિમાં તારી કૃપા અમારી સાથે છે. પ્રભુ ઈસુ ખ્રીસ્ત અમારા તારનારને નામે માગીએ છીએ. આમેન.

અમારા આકાશવાસી પિતા, તારી કૃપા અપાર છે, અને તારો પ્રેમ અવિકારી છે. કૃપા કરીને અમારા દુ:ખ તરફ નજર કર, અને તારા પ્રિય પુત્રને લીધે તારાં પવિત્ર વચનો સાંભળવાને અમોને એવા શક્તિમાન કર, કે શાસ્ત્રમાં સમાએલા દિલાસા અને હિમ્મતથી અમે આશાવાન થઈએ. તારા પવિત્ર આત્માનો દિલાસો અમને આપ, કે જેથી અમે અમારાં ઘણાં પાપ તારી આગળ કબુલ કરીએ; વળી હે પ્રભુ, એવું કર કે તારી કૃપા વિષે ખાતરી તથા સર્વકાળના જીવનના આશીર્વાદ વિષે આશા અમે જોરથી પકડી રાખીએ. અમારો પ્રભુ ઈસુ ખ્રીસ્ત કે જે મરણ પામ્યો, અને પાછો ઉઠયો, અને તારી પાસે સદા રહે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

૩. શાસ્ત્રવાંચન.

નીચે દર્શાવેલા ભાગમાંથી એક અથવા બે ભાગનું અથવા તેને મળતા આવે એવા ભાવાર્થના કોઇ ફકરાનું વાંચન કરવામાં આવે.

મરણ.

ગીત. ૩૯. ૯૦. સભા. ૧૨; ૧–૮.

શુદ્ધિકારક દુ:ખ.

હેબ્રી. ૧૨; ૧–૧૩. યશા. ૫૪; ૭–૧૨.

ગીત. ૨૫. ૪૨. ૭૭. ૮૮. ૧૪૩.

પુનરૂત્થાન.

૧ કરી. ૧૫; ૨૦–૫૮. યોહા. ૧૧; ૧૭–૪૪.

લુક ૭; ૧૧–૧૬. ૧ થેસ્સા. ૪; ૧૩–૧૮.

પ્રે. કૃ. ૯; ૩૬–૪૨.

ભવિષ્યનો મહિમા અને ખ્રીસ્ત સાથે સદાનો મિલાપ.

રૂમી. ૮ ; ૧૮–૩૯. ૨ કરીં. ૪ ; ૭–૧૮.

૨ કરીં. ૫ ; ૧–૧૦. પ્રક. ૨૧ ; ૧–૪, ૨૨–૨૭ : ૨૨ ; ૧–૭.

મરણ આવનાર જાણી ધાર્મિક વર્તણુક રાખવાની અગત્ય.

૧ પીત. ૧ ; ૧૩–૨૫. લુક ૧૨ ; ૩૫–૪૭.

૧ થેસ્સા. ૫ ; ૧–૧૧.

બાળકની દફનક્રિયા વખતે.

૧ રાજા. ૧૭ ; ૧૭–૨૪. ૨ રાજા. ૪ ; ૧૮–૩૭.

૨ શમૂ. ૧૨ ; ૧૫–૨૩. માર્ક ૫ ; ૩૫–૪૨.

માત્થી ૧૯ ; ૧૩–૧૬. માત્થી ૧૮ ; ૧-૬. ૧૦-૨૪.

વૃદ્ધ માણસની દફનક્રિયા વખતે.

અયૂ. ૫ ; ૨૬. ગીત. ૯૦ ; ૯, ૧૦.

૪. [સ્તોત્રગાયન.]

૫. પ્રાર્થના.

હે સાર્વકાળિક સ્તુતિમાન ઈશ્વર, મેઘો તથા અંધકાર તારી આસપાસ છે ; પણ ન્યાયીપણું તથા ઈન્સાફ તારા રાજ્યાસનનો પાયો છે ; તારા મુખ આગળ કૃપા તથા સત્યતા હોય છે. અમારૂં શરીર તથા હૃદય ક્ષય પામે છે, તોપણ સર્વકાળ સુધી હે ઈશ્વર, તું અમારા હૃદયનો ગઢ તથા અમારો હિસ્સો છે. કૃપાળુ પ્રભુ, અમારા આકાશવાસી બાપ, તું અમોને તારાં પવિત્ર વચનોની મારફતે શિખવે છે કે તું મનુષ્યપુત્રોને દુઃખી કરવા કે સંતાપમાં નાખવા ચહાતો નથી. અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે આ તારા સેવકોના દુઃખ પર કૃપાદૃષ્ટિ કર. જ્યારે તેઓ રૂદન કરે છે ત્યારે તેઓ આ તારી શિક્ષાના કારણથી નિર્ગત ન થઈ જાય, તેમજ તેઓ કચકચ ન કરે ; પણ ગતકાળની તથા વર્તમાનકાળની તારી અગણિત કૃપા, ખ્રીસ્ત ઈસુમાં તારો પ્રેમ, અને તારાં વચનો યાદ કરે ; અને પોતાને નમ્રતાથી શિક્ષણ પામવાને તથા

સુધારવાને તારા હાથમાં સોંપે. પિતાના જેવી તારી માયાળુ શિક્ષાથી તેમને શુદ્ધ કર. આ દુઃખમાં તેમના આત્મા ધીરજ રાખવાનું કૃપાદાન પામે, ને તારી આશીર્વાદિત ઇચ્છા સમજીને તેઓ દુઃખ સહન કરે. તારી દયા તથા ભલાઈની જાણ મેળવી તેઓ દિલાસો પામે. એવું કર કે સંસારી બંધનથી તેઓ મુક્ત થાય એ માટે કે તેઓ વધારે નિકટ સંબંધ રાખી તને વળગી રહે. હે પ્રભુ, તું તો મરણમાંથી જીવન ઉપજાવે છે, ને તેમના દુઃખને સર્વકાળના આનંદમાં ફેરવી શકે, એવો છે. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

અથવા—

ઓ દયાળુ પિતા, અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપ, અમે નમ્રતાથી તથા ખરા અંતઃકરણથી તારા જે સેવકો અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તમાં ઊંઘી ગયા છે, ને પોતાના વિશ્વાસનું ફળ, એટલે આત્માનું તારણ પામ્યા છે, તેઓને લીધે તારો આભાર માનીએ છીએ. તેઓ પૃથ્વી પર પ્રવાસી હતા ત્યારે તેં તેમના પર ભલાઈ તથા કૃપાથી મહેરબાની કરી તેને લીધે અમે તારા નામની સ્તુતિ કરીએ છીએ, તથા તારો આભાર માનીએ છીએ. ઓ અમારા દેવ, અમારા તથા તેઓના બાપ, અમે તારા નામની સ્તુતિ કરીએ છીએ કે તેમની વિપત્તિ તથા પરીક્ષાનો અંત આવ્યો છે, માંદગી અને મરણમાંથી તેઓ પસાર થઈ ગયા છે, અને તેઓના આત્મા તારી પાસે આવ્યા છે. તેમનાં શરીરો ન્યાયીઓના પુનરૂત્થાનની વાટ જુએ છે. જે સારો નમુનો તેઓ મૂકી ગયા છે, તેને અમે અનુસરનારા થઈ અમારી આગળ મૂકેલી દોડ ધીરજથી દોડીએ, અને સારૂં કરતાં અમે થાકીએ નહિ. જ્યારે અમે તારી ધમકી પામીએ ત્યારે અમે નિર્ગત ન થઈએ; અને જ્યારે અમે આ ક્ષણભંગુર દુનિયા મૂકીએ, ત્યારે અમે અમારાં વહાલાંઓ જેઓ પ્રભુમાં ઊંઘી ગએલાં છે, ને જેઓ તારા મહિમાવાન રાજ્યમાં પેઠાં છે, તેઓની સાથે ફરી મળીએ. ત્યાં તો મંદવાડ નથી, નિસાસા નથી, દુઃખ નથી, દિલગીરી અને મરણ નથી, કેમકે પ્રથમની વાતો જતી રહી છે. પ્રભુ ઇસુ જે મરણ પામ્યો, ને જે સદા જીવે છે, તેના નામની ખાતર આ બધું માગીએ છીએ. આમેન.

૬. [સ્તોત્રગાયન.]

૭. આશીર્વચન.

હવે શાંતિનો દેવ, જે સર્વકાળના કરારના લોહીથી ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઇસુને મરી ગએલાંમાંથી પાછો લાવ્યો, તે તમને હરેક સારા કામને સારૂ એવા પુરા કરે કે તમે તેની ઇચ્છા પ્રમાણે કરો, ને તેની દૃષ્ટિમાં જે સંતોષકારક છે, તે આપણામાં ઇસુ ખ્રીસ્તને લીધે તે કરાવે, તેને સદા સર્વકાળ ગૌરવ થાઓ. આમેન.

II. કબર આગળની ક્રિયા.

૧. શાસ્ત્રવાકયો.

ધર્મપાળકે અથવા (પાળક ન હોય તો) બીજા કોઇ ભાઇએ પવિત્ર શાસ્ત્રમાંનાં નીચે દર્શાવેલાં વાકયોમાંથી કેટલાંક વાંચી સંભળાવી અહીંની ક્રિયાનો આરંભ કરવો.

ઇસુએ તેને કહ્યું કે, પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે. અને જે કોઈ જીવતાં મારા પર વિશ્વાસ કરે છે, તે કદી નહિજ મરશે. યોહા. ૧૧: ૨૫, ૨૬.

દેવના પ્રેમમાં તથા ખ્રિસ્તની ધીરજમાં પ્રભુ તમારાં હૃદયોને લાવો. તેણે મરણને નિરર્થક કીધું, ને સુવાર્તાથી જીવન તથા અમરપણું પ્રકાશિત કીધું છે. ૨ થેસ્સા. ૩; ૫. ૨ તીમ. ૧: ૧૦.

જેમ બાપ પોતાનાં છોકરાં પર દયાળુ છે, તેમ યહોવાહ પોતાથી બીનારાં પર દયાળુ છે. કેમકે તે આપણું બંધારણ જાણે છે, આપણે ધૂળના છીએ એવું તે સંભારે છે. ગીત. ૧૦૩; ૧૩, ૧૪.

અમે અમારા સર્વ પિતૃઓના જેવા તારી આગળ પારકા તથા પ્રવાસી છીએ; પૃથ્વી પર અમારા દહાડા છાંયડારૂપ છે; ને કાયમપણું છેજ નહિ. ૧ કાળ. ૨૯; ૧૫.

માણસના દિવસો ઘાસના જેવા છે, ખેતરમાંના ફૂલની પેઠે તે ખીલે છે, કેમકે વા તેના પર થઈ વાય છે, ને તે હતું ન હતું થઈ જાય છે, ને તે કયાં હતું એ કોઈને માલમ પડતું નથી. ગીત. ૧૦૩; ૧૫, ૧૬.

તમારૂં આયુષ્ય કેવું છે? કેમકે તમે તો ધુંવર જેવા છો, જે થોડી વાર દેખાય છે, ને પછી જતી રહે છે. યાકુ. ૪; ૧૪.

સર્વ દેહ ઘાસજ છે, ને તેનું સર્વ સૌંદર્ય ખેતરના ફૂલ જેવું છે. ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચિમળાય છે; પણ આપણા દેવની વાત સર્વકાળ સુધી સ્થિર રહેશે. યશા. ૪૦; ૬–૮.

એક માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો, કારણ કે સઘળાંએ પાપ કીધું. રૂમી. ૫; ૧૨.

માણસોને એક વાર મરવું એવું ઠરાવેલું છે, ને ત્યાર પછી ન્યાયમાં જવું. હેબ્રી. ૯; ૨૭.

આપણ સર્વને ખ્રીસ્તના ન્યાયાસનની આગળ પ્રગટ થવું પડશે, કે પ્રત્યેક શરીરથી જે કીધું છે, સારૂં હોય કે ભુંડું હોય, તે પ્રમાણે તે ફળ પામે. ૨ કરીં. ૫; ૧૦.

પ્રભુ સર્વકાળ સુધી કાઢી મૂકશે નહિ, કેમકે જો કે તે દુઃખ પમાડે તો પણ તે પોતાની ઘણી કૃપા પ્રમાણે દયા કરશે. કેમકે તે રાજીખુશીથી દુઃખ દેતો નથી, ને મનુષ્યોના પુત્રોને ખેદિત કરતો નથી. યિર્મે. વિ. ૩; ૩૧–૩૩.

ઓ મારા પુત્ર, તું પ્રભુની શિક્ષા હલકી ન ગણ, ને તેનાથી ધમકી પામીને નિર્ગત ન થા. કેમકે જે પર પ્રભુ પ્રીતિ કરે છે, તેને તે શિક્ષા કરે છે, ને જે હરેક પુત્રનો તે અંગીકાર કરે છે, તેને તે કોરડા મારે છે. હેબ્રી. ૧૨; ૫, ૬.

તે યહોવાહ છે, તેની નજરમાં જે સારૂં લાગે તે તે કરો. ૧ શમૂ. ૩; ૧૮.

૨. સંબોધનરૂપી પ્રાર્થના.

હે સર્વશક્તિમાન પરમેશ્વર, અમારા આકાશવાસી બાપ, તું અમારો આશ્રય તથા સામર્થ્ય, ને સંકટને સમયે હાજરાહજુર મદદગાર છે. અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે અમોને તું બળવાન કર કે જેથી અમે તારા પર ભરોસો રાખીએ. અમે એવું જાણીએ કે અમારા અબળપણા પર જેને દયા આવી નહિ શકે એવો પ્રમુખ્ય યાજક અમોને નથી, એ માટે દયા પામવાને તથા યોગ્ય સમયે સહાયને સારૂ કૃપા પામવાને હિમ્મતથી કૃપાસનની પાસે આવીએ. ખ્રીસ્ત ઈસુ અમારા પ્રભુના નામની ખાતર માગીએ છીએ. આમેન.

૩. શાસ્ત્રવાંચન.

નીચે દર્શાવેલા પવિત્ર શાસ્ત્રના ફકરામાંથી કોઇ પણ ફકરો વાંચી શકાય.

ગીત. ૯૦.

હે પ્રભુ, પેઢી દર પેઢી તું અમારો આશ્રય થયો છે.

પર્વતો ઉત્પન્ન થયા હતા, ને તેં પૃથ્વી તથા જગતને રચ્યાં હતાં, ત્યાર પહેલાં, એટલે અનાદિકાળથી તે અનંતકાળ સુધી, તું ઇશ્વર છે.

તું માણસોને ધૂળમાં ફેરવી નાંખે છે; ને કહે છે, હે મનુષ્યપુત્રો, પાછા વળો.

કેમકે તારી દૃષ્ટિમાં હજાર વર્ષો વિતી ગએલા કાળના દિવસ જેવાં, ને રાતના એક પહોરના જેવાં છે.

તું તેઓને પૂરની માફક તાણી જાય છે; તેઓ નિદ્રા જેવાં છે; સવારમાં તેઓ ઉગતા ઘાસના જેવાં છે.

સવારમાં તે ખીલે છે તથા વધે છે; સાંજે તે કપાય છે તથા ચિમળાય છે.

કેમકે તારા કોપથી અમારો નાશ થાય છે, ને તારા રોષથી અમને ત્રાસ લાગે છે.

તેં અમારા અન્યાય તારી સન્મુખ, અમારાં ગુપ્ત પાપો તારા મુખના પ્રકાશમાં, મૂક્યાં છે.

કેમકે અમારા સર્વ દિવસો તારે રોષે વિતી જાય છે; અમે અમારાં વર્ષો નિસાસાની પેઠે પૂરાં કરીએ છીએ.

અમારી વયના દિવસ સિત્તેર વર્ષ છે, અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ હોય, તો પણ તેઓનો ગર્વ માત્ર શ્રમ તથા વ્યર્થતા છે; કેમકે તે વહેલી થઈ રહે છે, ને અમે ઉડી જઇએ છીએ.

તારા કોપનું બળ, ને તારી જે બીક રાખવી, તે પ્રમાણે તારો રોષ, તે કોણ જાણે છે?

તું અમને અમારા દિવસ એવી રીતે ગણવાને શિખવ કે અમને જ્ઞાનવાળું હૃદય પ્રાપ્ત થાય.

હે યહોવાહ, પાછો આવ; ક્યાં સુધી? ને તારા સેવકો પર કરૂણા કર.

સવારમાં તારી કૃપાથી અમને તૃપ્ત કર, એ માટે કે અમે અમારા સર્વ દિવસ હર્ષનાદ કાઢીને આનંદ કરીએ.

જે દિવસોમાં તેં અમને દુઃખિત કીધા છે, ને જે વર્ષોમાં અમે ભુંડું જોયું છે, તે પ્રમાણે અમને આનંદિત કર.

તારા સેવકોને તારાં કૃત્ય, ને તેઓના દીકરાઓ પર તારો મહિમા, દેખાય.

અને અમારા પર પ્રભુ અમારા દેવની શોભા થાય; ને તું અમારા હાથનાં કામ અમારે સારૂ સ્થાપિત કર; હા, અમારા હાથનાં કામ તું સ્થાપિત કર.

ગીત. ૧૩૦.

હે યહોવાહ, ઉંડાણોમાંથી મેં તને વિનંતી કીધી.

હે પ્રભુ, મારો સાદ સાંભળ, મારી પ્રાર્થનાના પોકાર પર તારા કાન ધર.

હે યાહ, જો તું દુષ્ટ કામો જોઈ લે, તો, હે પ્રભુ, કોણ ઉભો રહી શકે?

પરંતુ તારૂં ભય રહે માટે તારી પાસે માફી છે.

હું યહોવાહની રાહ જોઉં છું, મારો આત્મા રાહ જુએ છે; ને તેના વચન પર હું આશા રાખું છું.

સવારની રાહ જોનારા કરતાં,—હા, સવારની રાહ જોનારા કરતાં—પ્રભુને સારૂ મારો આત્મા વધારે રાહ જુએ છે.

હે ઇસ્રાએલ, યહોવાહનો ભરોસો રાખજે, કેમકે યહોવાહની પાસે કૃપા છે, ને તેની પાસે અખૂટ ઉદ્ધાર છે.

ને તે ઇસ્રાએલને તેનાં સર્વ અપકર્મથી તારશે.

ગીત. ૩૯ ; ૪–૧૩.

હે યહોવાહ, મારો અંત તથા મારા આયુષ્યનું માપ તે કેટલું છે, એ મને જણાવ ; હું કેવો ક્ષણભંગુર છું તે મને શિખવ.

જો, તેં મારા દિવસ ચાર આંગળ જેટલા કીધા છે, ને મારૂં આયુષ્ય તારી આગળ શૂન્ય જેવું છે; નિશ્ચે દરેક માણસ પોતાની શ્રેષ્ઠ હાલતમાં છતાં તદન વ્યર્થપણું છે.

નિશ્ચે પ્રત્યેક માણસ આભાસરૂપે ચાલે છે; નિશ્ચે તેઓ અમથા ગભરાય છે; તે સંગ્રહ કરે છે, અને તે કોણ ભોગવશે એ તે જાણતો નથી.

અને હવે, પ્રભુ, હું શાની વાટ જોઉં? મારી આશા તારા પર છે.

મારાં સર્વ ઉલ્લંઘનથી મારો છૂટકો કર; મૂર્ખોથી મારી મશ્કરી થાય એવું ન કર.

હું મુંગો રહ્યો, મેં મારૂં મુખ ઉઘાડયું નહિ, કેમકે તેં એ કીધું.

તારો પીડાપાત મારાથી દૂર કર; તારા હાથના ધક્કાથી મારો ક્ષય થાય છે.

તું માણસને તેના અન્યાયને લીધે ઠપકાથી શિક્ષા કરે છે, ત્યારે તું તેની સુંદરતાનો પતંગિયાની પેઠે નાશ કરે છે; નિશ્ચે દરેક માણસ વ્યર્થ છે.

હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળ, ને મારી હાંકને કાન ધર; મારાં આંસુ જોઈને તું ચૂપ ન રહે; કેમકે હું તારી સાથે પરોણા તરીકે છું, જેમ મારા સર્વ પિતૃઓ હતા, તેમ હું પણ મુસાફર છું.

હું અહીંથી જાઉં ને હતો ન હતો થાઉં ત્યાર પહેલાં મને દરગુજર કર કે હું બળ પામું.

૧ કરીં. ૧૫ ; ૨૦–૨૮, ૩૫–૫૮.

પણ હવે ખ્રીસ્ત મુએલાંઓમાંથી ઉઠયો છે, તે ઊંઘી ગએલાંઓનું પ્રથમ ફળ થયો છે. કેમકે માણસથી મરણ થયું, એ માટે માણસથી મુએલાંઓનું ઉત્થાન પણ થયું. કેમકે જેમ આદમમાં સર્વ મરે છે, તેમ ખ્રીસ્તમાં સર્વ સજીવ કરાશે. પણ પ્રત્યેક પોતપોતાને અનુક્રમે, ખ્રીસ્ત

પ્રથમ ફળ, ત્યાર પછી તે આવશે ત્યારે જેઓ ખ્રીસ્તના તેઓ સજીવન કરાશે. જ્યારે તે દેવ બાપને રાજ્ય સોંપી દેશે, જ્યારે તે સઘળું ધણીપણું તથા સઘળો અધિકાર તથા પરાક્રમ તોડશે ત્યારે અંત આવશે. કેમકે તે પોતાના પગ તળે સર્વ શત્રુઓને પાડી નાંખે, ત્યાં સુધી તેણે રાજ્ય કરવું જોઇએ. જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે. કેમકે તેણે પોતાના પગ તળે સર્વ વસ્તુઓ આધીન કીધી; પણ જ્યારે તેણે કહ્યું કે, સર્વ આધીન કરાયાં છે, ત્યારે સર્વને સ્વાધીન કરનાર જૂદો છે, તે સાફ દેખાય છે. પણ જ્યારે સર્વ તેને આધીન કરાશે, ત્યારે જેણે સર્વ તેને આધીન કીધાં છે, એને દીકરો પોતે પણ આધીન થશે, એ સારૂ કે દેવ સર્વમાં સર્વ થાય.

પણ કોઈ કહેશે કે મુએલાં શી રીતે ઉઠાડાય છે? અને કેવાં શરીરથી આવે છે? ઓ નિર્બુદ્ધ, તું જે વાવે છે તે જો મરે નહિ તો જીવાડાય પણ નહિ; ને તું જે વાવે છે તે થવાનું શરીર નથી, પણ કેવળ દાણા વાવે છે, કદાપિ ઘઉં કે બીજા કોઈના. અને દેવ પોતાની ઇચ્છા પ્રમાણે તેને શરીર આપે છે, ને પ્રત્યેક બીને પોતપોતાનું શરીર. સર્વ દેહ એકજ જાતના નથી, પણ માણસોનો દેહ જૂદો, પશુઓનો જૂદો, ને માછલાંઓનો જૂદો, ને પક્ષીઓનો જૂદો છે. અને આકાશી શરીરો તથા પૃથ્વી પરનાં શરીરો છે; પણ આકાશીઓનો મહિમા જૂદો, તથા પૃથ્વી પરનાંનો જૂદો. સૂર્યનો મહિમા જૂદો, ને ચંદ્રનો મહિમા જૂદો, ને તારાઓનો મહિમા જૂદો, કેમકે મહિમાએ તારા તારામાં ફેર છે. અને મુએલાંઓનું પુનરૂત્થાન પણ એવું છે; વિનાશમાં તે વવાય છે, અવિનાશમાં ઉઠાડાય છે; અપમાનમાં વવાય છે, મહિમામાં ઉઠાડાય છે; અબળપણામાં વવાય છે, પરાક્રમમાં ઉઠાડાય છે; પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠાડાય છે. જો પ્રાણી શરીર છે, તો આત્મિક શરીર પણ છે. અને એમજ લખ્યું છે કે, પહેલો માણસ આદમ જીવતો પ્રાણી થયો, છેલ્લો આદમ જીવાડનાર આત્મા થયો. પણ આત્મિક પહેલું ન હતું, પણ પ્રાણી; ને પછી આત્મિક. પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે, બીજો માણસ આકાશથી પ્રભુ છે. જે ધૂળનો તે જેવો છે તેવા જેઓ

ધૂળના તેઓ પણ છે; ને જે આકાશી તે જેવો છે તેવા જેઓ આકાશી તેઓ પણ છે. અને જેમ આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું.

હવે ભાઈઓ, હું એ કહું છું કે, માંસ તથા રક્ત દેવના રાજ્યના વારસ થઈ શકતાં નથી; ને વિનાશીપણું અવિનાશીપણાનો વારસ થતું નથી. જુઓ, હું તમને મર્મ કહું છું; આપણે સહુ ઊંઘીશું નહિ, પણ એક ક્ષણમાં, એક પલકભરમાં, છેલ્લા રણશિંગડાના વાગતામાં સર્વ બદલાઈ જઈશું; કેમકે રણશિંગડું વાગશે, ને મુએલા અવિનાશી ઉઠાડાશે, ને આપણે બદલાઈશું. કેમકે આ વિનાશીને અવિનાશીપણું પહેરવું તથા આ મરનારને અમરપણું પહેરવું પડે છે. અને જ્યારે આ વિનાશી અવિનાશીપણું પહેરશે, ને આ મરનાર અમરપણું પહેરશે, ત્યારે આ લખેલી વાત પુરી થશે કે, મરણ જયમાં ગળાઈ ગયું છે. અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે; ને પાપનું સામર્થ્ય નિયમ છે; પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને આસરે આપણને જય આપે છે, તેની સ્તુતિ થાઓ. એ માટે, મારા પ્રિય ભાઈઓ, તમે સ્થિર તથા દૃઢ થાઓ, તથા પ્રભુના કામમાં સદા વધતા જાઓ; કેમકે તમે જાણો છો કે તમારૂં કામ પ્રભુમાં નિષ્ફળ નથી.

૧ થેસ્સા. ૪; ૧૩–૧૮.

પણ ભાઈઓ, ઊંઘી ગયલા વિષે તમે અજાણ્યા રહો એવી અમારી ઇચ્છા નથી, એ સારૂ કે બીજા જેઓને આશા નથી તેઓની પેઠે તમે ખેદ ન કરો. કેમકે જો આપણે વિશ્વાસ કરીએ છીએ કે, ઈસુ મરણ પામ્યો ને પાછો ઉઠયો, તો તેમજ ઈસુમાં જેઓ ઊંઘી ગયા તેઓને પણ દેવ તેની સાથે લાવશે. કેમકે પ્રભુની વાતથી અમે તમને કહીએ છીએ, કે પ્રભુના આવવાની વેળાએ આપણે જે જીવતા રહેનારા તે ઊંઘેલાઓની આગળ જનારા નથી. કેમકે સાદથી, પ્રમુખ્ય દૂતની વાણીથી, તથા દેવના રણશિંગડાથી પ્રભુ પોતે આકાશથી ઉતરશે; ને ખ્રીસ્તમાં જેઓ મુએલા તેઓ પહેલા ઉઠશે. પછી આપણ જીવતા રહેનારા ગગનમાં

પ્રભુને મળવા સારૂ તેઓની સાથે વાદળોમાં તણાઈ જઈશું, ને તેમજ સદા પ્રભુની સાથે થઈશું. તો એ વાતોથી એક બીજાને સુબોધ કરો.

યોહા. ૧૪ ; ૧–૩.

તમારા મનને ગભરાવા ન દો; તમે દેવ પર વિશ્વાસ કરો, મારા પર પણ વિશ્વાસ કરો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; હું તો તમારે કાજે જગ્યા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે કાજે જગ્યા તૈયાર કરીશ તો પાછો આવીશ, ને તમને મારી પાસે લઈશ, એ માટે કે જ્યાં હું રહું છું ત્યાં તમે પણ રહો.

પ્રક. ૭ ; ૯–૧૭ : ૨૧ ; ૧–૫, ૨૨–૨૭ : ૨૨ ; ૧–૭.

એ પછી મેં જોયું, ને જુઓ, સર્વ દેશમાંથી આવેલાની, સર્વ કુળ તથા લોક તથા બોલીના માણસોની એક મોટી સભા જે કોઈથી ગણાય નહિ; તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઊભા રહ્યા; તેઓએ શ્વેત વસ્ત્ર પહેરેલાં હતાં, ને તેઓના હાથમાં ખજુરીની ડાળીઓ હતી; ને તેઓ મોટી વાણીએ પોકારીને કહે છે કે, અમારો દેવ, રાજ્યાસન પર જે બેઠેલો છે, તેને તથા હલવાનને તારણસ્તુતિ હોજો. અને સઘળા દૂતો રાજ્યાસનની તથા વડીલોની તથા ચારે પ્રાણીઓની આસપાસ ઊભા રહેતા હતા, ને તેઓએ રાજ્યાસનની આગળ ઊંધા પડીને દેવનું ભજન કરતાં કહ્યું કે, આમેન; ધન્યતા તથા મહિમા તથા જ્ઞાન તથા ઉપકારસ્તુતિ તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ સુધી અમારા દેવને થાઓ: આમેન. અને તે વડીલોમાંથી એકે જવાબ દેતાં મને કહ્યું કે, જેઓએ શ્વેત વસ્ત્ર પહેરેલાં તેઓ કોણ છે, ને ક્યાંથી આવ્યા? ને તેને મેં કહ્યું કે, ઓ મારા સાહેબ, તું જાણે છે. અને તેણે મને કહ્યું, જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે; ને તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, ને હલવાનના લોહીમાં ઉજળાં કીધાં. એ માટે તેઓ દેવના રાજ્યાસનની આગળ છે, ને તેના મંદિરમાં રાત દહાડો તેની સેવા કરે છે; ને રાજ્યાસન પર જે બેઠેલો તે તેઓ પર મંડપરૂપે રહેશે. તેઓને ફરી ભૂખ નહિ લાગશે, ને ફરી તરસ પણ નહિ લાગશે, ને સૂર્યનો તડકો અથવા

કંઈ પણ ગરમી તેઓના પર નહિ પડશે; કેમકે જે હલવાન રાજ્યાસનની મધ્યે છે, તે તેઓનો પાળક થશે ને જીવનના પાણીના ઝરાઓ પાસે તેઓને દોરી લેશે; ને દેવ તેઓની આંખો પરથી હરેક આંસુ લોહી નાખશે.

અને નવું આકાશ તથા નવી પૃથ્વી મેં દીઠાં, કેમકે પહેલું આકાશ તથા પહેલી પૃથ્વી જતાં રહેલાં છે; ને સમુદ્ર સદાને માટે લોપ થયો છે. અને મેં પવિત્ર નગર, નવું યરૂશાલેમ, દેવની પાસેથી આકાશથી ઉતરતું દીઠું, ને જેમ કન્યા પોતાના વરને સારૂ સણગારેલી હોય તેમ તે તૈયાર કીધેલું હતું. અને રાજ્યાસનથી મોટી વાણી એમ કહેતી મેં સાંભળી કે, જુઓ, દેવનો મંડપ માણસોની પાસે છે, ને તે તેઓની સાથે વસશે, ને તેઓ તેના લોક થશે, ને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે. અને તે તેઓની આંખોમાંનું હરેક આંસુ લોહી નાખશે; ને મરણ ફરી થનાર નથી; ને શોક કે રડવું કે કષ્ટ ફરી થનાર નથી; પ્રથમની વાતો જતી રહેલી છે. અને રાજ્યાસન પર જે બેસે છે, તેણે કહ્યું કે, જુઓ, હું સઘળું નવું કરૂં છું.

અને મેં તેમાં મંદિર દીઠું નહિ, કેમકે સર્વસમર્થ પ્રભુ દેવ તથા હલવાન તેનું મંદિર છે. અને નગરમાં સૂર્ય કે ચંદ્ર પ્રકાશ કરે એવી જરૂર નથી, કેમકે દેવના મહિમાએ તેને પ્રકાશિત કીધું છે, ને હલવાન તેનો દીવો છે. અને કુળો તેના અજવાળામાં ચાલશે, ને પૃથ્વીના રાજાઓ પોતાનો મહિમા તેમાં લાવે છે. અને દિવસે તેના દરવાજા કદી બંધ નહિ થશે, કેમકે ત્યાં રાત પડશે નહિ. અને તેઓ કુળોનો મહિમા તથા કીર્તિ તેમાં લાવશે; ને જે કંઈ અશુદ્ધ, ને જે અમંગળપણું તથા અસત્ય કરનાર છે, તે તેમાં પેસનારજ નથી. જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં છે તેઓજ પેસશે.

અને જીવનના પાણીની નદી, સ્ફટિકના જેવી ચળકતી, નગરના રસ્તા મધ્યે, દેવના તથા હલવાનના રાજ્યાસનમાંથી નીકળતી તેણે મને દેખાડી. અને નદીના બે કિનારા પર જીવનનું ઝાડ હતું, જેને બાર પ્રકારનાં ફળ લાગતાં હતાં; દર માસે તે પોતાનું ફળ આપતું હતું; ને તે ઝાડનાં પાતરાં કુળોને નિરોગી કરવા સારૂ હતાં. અને ત્યાં કોઈ શાપ

કદી થનાર નથી, પણ તેમાં દેવનું તથા હલવાનનું રાજ્યાસન થશે, ને તેના દાસ તેની સેવા કરશે, ને તેનું મ્હોં જોશે; ને તેઓના કપાળ પર તેનું નામ થશે. અને ફરીથી રાત પડશે નહિ; ને તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમકે પ્રભુ દેવ તેઓ પર પ્રકાશ કરશે, ને તેઓ સદા સર્વકાળ સુધી રાજ્ય કરશે.

અને તેણે મને કહ્યું કે, એ વાતો વિશ્વાસુ તથા સત્ય છે; ને પ્રભુ જે ભવિષ્યવાદીઓના આત્માઓનો દેવ, તેણે જે વહેલું થવું જોઈએ, તે પોતાના સેવકોને દેખાડવા સારૂ પોતાના દૂતને મોકલ્યો છે. અને જુઓ, હું વહેલો આવું છું. આ પુસ્તકમાંનાં ભવિષ્યવચનો જે પાળે છે તેને ધન્ય છે.

બાળકની દફનક્રિયા કરતી વખતે.

૨ શમૂ. ૧૨; ૧૬–૨૩.

માટે દાઊદે તે બાળકને સારૂ દેવની આગળ કાલાવાલા કર્યા; ને દાઊદે ઉપવાસ કીધો, ને અંદર જઈને આખી રાત તે ભોંય ઉપર પડી રહ્યો. અને તેને જમીન પરથી ઉઠાડવા સારૂ તેના ઘરના વડીલો ઉઠીને તેની પાસે [ઊભા રહ્યા]: પણ તે ઉઠયો નહિ: તેમ તેઓની સાથે તેણે રોટલી પણ ખાધી નહિ. અને સાતમે દિવસે એમ થયું કે, તે બાળક મરણ પામ્યું. અને બાળક મરી ગયું છે, એ ખબર તેને કહેતાં દાઊદના ચાકરો બીધા; કેમકે તેઓએ કહ્યું કે, જો, બાળક જીવતું છતાં અમે તેની સાથે બોલતા તો તે અમારૂં કહેવું સાંભળતો નહિ; ત્યારે જો અમે તેને કહીએ કે, બાળક મરી ગયું છે, તો તે કેટલો દુઃખી થશે! પણ દાઊદે જોયું કે તેના ચાકરો એકબીજાના કાનમાં વાતો કરે છે, ત્યારે દાઊદ સમજ્યો કે બાળક મરી ગયું છે; ને દાઊદે પોતાના ચાકરોને કહ્યું કે, શું બાળક મરી ગયું? ને તેઓએ કહ્યું કે, તે મરી ગયું છે. ત્યારે દાઊદ જમીન પરથી ઉઠયો, ને સ્નાન કરીને પોતાને અંગે અત્તર ચોળ્યું, ને પોતાનાં વસ્ત્રો બદલ્યાં; ને યહોવાહના ઘરમાં જઈને તેણે ભજન કર્યું; પછી તે પોતાને ઘેર આવ્યો; ને તેણે માગ્યું ત્યારે તેઓએ તેની આગળ અન્ન પીરસ્યું, ને તેણે ખાધું. ત્યારે તેના ચાકરોએ તેને કહ્યું કે, તેં એમ

કેમ કર્યું? બાળકના જીવતાં તું ઉપવાસ તથા વિલાપ કરતો હતો; પણ બાળક મુઆ પછી તેં ઉઠીને અન્ન ખાધું. અને તેણે કહ્યું, બાળકના જીવતાં હું ઉપવાસ તથા વિલાપ કરતો હતો; કેમકે મેં કહ્યું કે, કોણ જાણે છે કે, યહોવાહ મારા પર કૃપા કરીને બાળકને જીવતું નહિ રાખે? પણ હવે તે મરણ પામ્યું છે, તો શા માટે મારે ઉપવાસ કરવો? શું હું તેને પાછો લાવી શકું? હું તેની પાસે જઈશ, પણ તે મારી પાસે નહિજ આવશે.

માર્ક ૧૦; ૧૩-૧૬.

અને તેઓ તેની પાસે બાળકો લાવ્યા કે તે તેઓને અડકે; ને શિષ્યોએ તેઓને ધમકાવ્યા. પણ ઈસુ તેઓને જોઈને નાખુશ થયો, ને તેણે તેઓને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવાંઓનું છે. હું તમને ખચીત કહું છું કે, જે કોઈ બાળકની માફક દેવનું રાજ્ય સ્વીકારશે નહિ, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. અને તેણે તેઓને બાથમાં લીધાં, ને તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ દીધા.

માત્થી ૧૮; ૧૦.

આ નાનાઓમાંના એકને તમે ન વખોડો માટે સાવધાન રહો. કેમકે હું તમને કહું છું કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાંના બાપનું મ્હોં સદા જુએ છે.

યશા. ૪૦; ૧૧.

ઘેટાંપાળકની પેઠે તે પોતાના ટોળાનું પાલન કરશે, તે બચ્ચાંને પોતાના હાથથી એકઠાં કરીને તેમને પોતાની ગોદમાં ઉંચકી લેશે, તે ધવાડનારીઓને સંભાળીને ચલાવશે.

ગી. ૨૩.

યહોવાહ મારો પાળક છે; મને કશી ખોટ પડશે નહિ,
તે લીલા બીડમાં મને સુવાડે છે;
તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે,
તે મારા આત્માને તાજો કરે છે;

પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.
હા, જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું,
તોએ હું કંઇ પણ ભુંડાઇથી બિહીશ નહિ, કેમકે તું મારી સાથે છે.
તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.
મારા શત્રુઓની આગળ તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે;
તેં મારા માથા પર તેલ ચોળ્યું છે; મારો વાટકો ઉભરાઇ જાય છે:
નિશ્ચે મારી જીંદગીના સર્વ દિવસોમાં સત્વ તથા દયા મારી સાથે આવશે,
ને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ.

૪. [સ્તોત્રગાયન.]

૫. પ્રાર્થના.

હે સર્વશક્તિમાન તથા દયાળુ ઇશ્વર, જેમ બાપ પોતાનાં છોકરાં પર દયાળુ છે, તેમ તું તારાથી બિહીનારાં પર દયાળુ છે. તું અમારૂં બંધારણ જાણે છે, અને અમે ધૂળના છીએ, એવું તું સંભારે છે. જેઓ પર તેં વિપત્તિ આવવા દીધી છે, ને જેઓ મૃત્યુછાયાના અંધકારમાં છે, તેઓ પર તારી મોટી રેહેમ તથા કૃપાદૃષ્ટિ કર. આ ગંભીર અવસરમાં અમારી સાથે સાર્વકાળિક વાતો સંબંધી બોલ. જ્યારે અમે જીવન તથા મરણને લગતો મર્મ નીહાળીને ગભરાઇએ છીએ ત્યારે અમને દિલાસો પમાડીને એવી ખાતરી કરાવ કે, જે પ્રેમ ઇસુ ખ્રીસ્ત અમારા પ્રભુમાં છે તેથી જીવન કે મરણ કદી જુદા પાડી શકતું નથી.

હે સર્વ દેહધારીઓના દેવ, તેં અમોને અનંતજીવનની મોટી આશા તારા વહાલા પુત્ર ઇસુ ખ્રીસ્તની સુવાર્તામાં આપેલી છે, અને કબરમાંથી તેના મહિમાવંત ઉત્થાનથી તે આશાની અમોને ખાતરી પમાડી છે, તેને લીધે અમે અતિ નમ્રતાથી અને અંતઃકરણથી આજ તારો આભાર માનવા ચાહીએ છીએ. વળી જેઓ પ્રભુમાં ઊંઘી ગયા છે તેઓના વિષે તારાં વચનોને લીધે અમે તારી સ્તુતિ કરીએ છીએ. વળી તેં અમોને એવા પરલોકની વાતો પ્રગટ કરી છે કે ત્યાં દુઃખ નથી, ત્યાં વિખુટા પડવાનું નથી, વળી તેં અમોને એવી ખાતરી આપી છે કે

બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, અને જેઓ ઇસુમાં ઊંઘી ગયા છે તેઓને તું તેની સાથે લાવશે, આ બધી વાતોને લીધે અમે તારો આભાર માનીએ છીએ. આ આશાથી અમે આનંદ કરીએ છીએ, અને અમારા પ્રિય મરનારને તારી પવિત્ર અને કૃપાળુ રક્ષામાં સ્વાધીન કરીએ છીએ, એવો વિશ્વાસ રાખીને કે, જો કે હમણાં તેને અમે જોતાં નથી તો પણ તે તારી પાસે સલામત છે, અને તે પોતાના શ્રમથી વિશ્રાંતિ ભોગવે છે, અને તેનાં કામ તેની પાછળ આવે છે. ઓ બાપ, જેઓ દુઃખમાં છે, તેઓને તું દિલાસો દે. જેઓ મરનારને માટે વિલાપ કરે છે, તેઓની પાસે તું આવ. તેમના પર કૃપા રાખ, તારી પ્રીતિથી તેમનાં હૃદયો ભર, તારી મહેરબાનીથી તેમને સારી આશા પમાડ, તેમના અંધકારમાં તારો પ્રકાશ પ્રકાશે, અને તેમની દિલગીરીના વખતમાં તેઓ તારી શાંતિ, જે સર્વ સમજ કરતાં અધિક છે, તેથી ભરપૂર થાય.

ઓ સ્તુતિમાન પરમેશ્વર, અમારાં જે મિત્રો મરણદ્વારે અમારાથી વિખુટાં પડયાં છે અને જેઓ હવે અમારી આંખ આગળથી જતાં રહેલાં છે, અને પોતાની મહેનતથી વિસામો પામીને હાલમાં, હે પિતા, તારી સોડમાં આવી પહોંચ્યાં છે તેમને સંભારતાં તારી સ્તુતિ કરીએ છીએ. તેઓ ખ્રીસ્તને અનુસરતાં તેમજ અમે તેમને અનુસરીએ. તને પસંદ પડે ત્યારે, હે પ્રભુ, અમે ફરીથી તેમની સાથે મુલાકાત કરીએ અને છેવટે તેમની સાથે પ્રીતિ તથા સેવારૂપી નિકટ બંધનથી બંધાઈએ, એવી આશા રાખતાં અમે તારાથી દિલાસો પામીએ. ખ્રીસ્ત ઇસુના નામની ખાતર માગીએ છીએ. આમેન.

[સંક્ષિપ્ત ક્રિયામાં નીચે દર્શાવેલા નમુના મુજબ કોઇ પ્રાર્થના કરી શકાય.]

ઇશ્વરેચ્છાને આધીન થવા માટે પ્રાર્થના.

ઓ પ્રભુ પરમેશ્વર, અમારા આકાશવાસી બાપ, તું એકલો અમારી જીંદગીનો સ્વામી તથા નિયંતા પરમેશ્વર છે. તારી પાસેથી અમારા આત્મા આવ્યા છે, ને તારી પાસે તેઓ પાછા જશે; તારી દૃષ્ટિમાં

યોગ્ય જણાય તેવી રીતે આપવાનો તથા લઈ લેવાનો તારો મુક્ત અધિકાર તથા સત્તા છે, એવું અમે કબુલ કરીએ છીએ. અમે અતિ નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે તારાં બધાં ન્યાયકૃત્યોને અમે ખરી ધીરજ તથા આધીનતાથી માન્ય કરીએ. જો કે તારા માર્ગોનો મર્મ અમે સમજી શકતા નથી, તોપણ સદા ખાતરી રાખીએ કે અમારા પર તું દુઃખ આવવા દે છે એમાં પણ તું વિશ્વાસુ તથા કૃપાળુ રહે છે. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

આવેલું દુઃખ લાભકારક થાય એને માટે પ્રાર્થના.

હે પરમેશ્વર, તારા દિવસો અનંત છે, અને તારી કૃપાનો કંઈ પાર નથી. અમે તારી વિનંતી કરીએ છીએ કે મનુષ્યની ટુંકી જીંદગી ને તેના અનિશ્ચિતપણા વિષે અમને જાણીતા કર. અમારા આયુષ્યના સર્વ દિવસોમાં તારો પવિત્ર આત્મા અમોને પવિત્રતા તથા ન્યાયીપણાને માર્ગે દોરે; એ માટે કે અમે અમારા જમાનામાં તારી સેવા કરીએ, શુદ્ધ અંતઃકરણ રાખીએ, તારી પવિત્ર મંડળીની સંગતમાં રહીએ, દૃઢ વિશ્વાસની ખાતરી પામીએ, બુદ્ધિસંપન્ન તથા પવિત્ર આશા રાખીને તારી પ્રસન્નતામાં તથા સર્વ માણસ પરની પ્રીતિમાં રહીએ, ને એમ અંતે તારા પાર પહોંચેલા સંતોની તેજસ્વી સેનામાં અમારો પણ સમાવેશ થાય. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે બધું માગીએ છીએ. આમેન.

દિલાસાને માટે પ્રાર્થના.

હે પ્રભુ ઈસુ ખ્રીસ્ત, અમે તારી વિનંતી કરીએ છીએ કે, આ તારા સેવકોને તેમના હાલના દુઃખમાં તું દિલાસો આપ. જેમ તારા લોકોને સંબોધક થવાને તેં તારા પવિત્ર આત્માને મોકલ્યો, તેમ તેઓનાં હૃદયોમાં તેના આવી વસવાથી તેઓને બળવાન કર; એ માટે કે જે આકાશી ઘરમાં તું સદા દૃષ્ટિએ પડે છે અને જ્યાં તારા પસંદ કરેલા લોક તને પોતાનો પ્રકાશ અને તૃપ્તિદાતા માની તારૂં ભજન કરે છે, વળી જ્યાં તું પિતાની સાથે તથા પવિત્ર આત્માની સાથે એક દેવ થઈને સર્વકાળ સુધી વસે છે, તે સર્વોત્તમ ઘરમાં જે આનંદ તેનું મનન તારા લોક કર્યાં કરે. આમેન.

મરનાર પર પ્રભુએ જે કૃપા રાખી તેના સ્મરણાર્થે.

ઓ પ્રભુ, તું તારા સંતોનું બળ છે, તું તારા સેવકોના આત્માઓને ખંડી લે છે. જે બધાં પ્રભુમાં મરણ પામ્યાં છે, ને જેઓ હમણાં પોતાના શ્રમથી વિશ્રાંતિ ભોગવે છે અને પોતાના વિશ્વાસનું ફળ, એટલે પોતાના આત્માનું તારણ, પામ્યા છે, તેઓને લીધે અમે તારા નામને ધન્યવાદ આપીએ છીએ. [વિશેષે કરીને આ તારા દાસ પર તારી પ્રીતિયુક્ત મહેરબાની તથા કૃપા તેં કરી છે, તેનું સ્મરણ કરીએ છીએ. તેનાં સંકટો અને પરીક્ષણોનો અંત આવ્યો છે. માંદગી તથા મરણ અને નાશવંત જીંદગીનાં બધાં જોખમો અને મુશ્કેલીઓ વિતી ગયાં છે. તેનો આત્મા અવિનાશી ઘરમાં એટલે તારી હજુરમાં, જ્યાં તારા પ્રતાપથી અનંત શાંતિ વસે છે ત્યાં, આવેલો છે; એને લીધે અમે તારા પવિત્ર નામને મહિમાવાન માનીએ છીએ.] ઓ પ્રભુ, એવું કર કે, અમે તારા સંતોના જયમાં આનંદ કરીને તેમના નમુનાથી લાભ પામીએ. તેમના વિશ્વાસનું તથા ધીરજનું અનુકરણ કરીએ, અને તેઓની માફક અમે પણ અવિનાશી, નિર્મળ તથા ન ચિમળાનાર વારસામાં પ્રવેશ કરીએ. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

પછી ધર્મપાળકે કહેવું કે :—

સ્ત્રીજન્ય મનુષ્ય અલ્પ કાળનું તથા તેની જીંદગીના દિવસો સંકટથી ભરપૂર છે, તે ફૂલની પેઠે ખીલી નીકળે છે, ને કાપી નંખાય છે; વળી તે છાયાની પેઠે જતું રહે છે, ને કાયમ રહેતું નથી.

અમે જીવતાં છતાં મરણછાયામાં રહેલા છીએ. ઓ પ્રભુ, તું અમારાં પાપોના કારણથી વાજબી રીતે નારાજ થયો છે. તારા વિના અમે કોની મદદ શોધીએ?

તેમ છતાં ઓ પરમ પવિત્ર પ્રભુ, હે સર્વશક્તિમાન દેવ, ઓ પવિત્ર ને અપાર દયાળુ તારનાર, અમને સર્વકાળના મરણની ભયંકર વેદનામાં સોંપી ન દે.

પ્રભુ, તું અમારા અંતઃકરણની ગુપ્ત વાતો જાણે છે; તારા પ્રાર્થના સાંભળનાર કાન અમારી પ્રાર્થના તરફ બંધ ન કર; પણ ઓ પરમ પવિત્ર પ્રભુ, ઓ સર્વશક્તિમાન દેવ, પવિત્ર ને કૃપાળુ તારનાર, પરમ ઈન્સાફી તથા અનાદ્યનંત ન્યાયાધીશ, અમારી છેલ્લી ઘડીએ મરણના દુઃખમાં અમને તારાથી વિખુટા પડવા ન દે.

૬. શબને કબરમાં ઉતારતી વખતનાં વચનો.

જ્યારે શબને કબરમાં ઉતારવામાં આવે છે, ત્યારે
ધર્મપાળકે કહેવું કે :--

સર્વશક્તિમાન પરમેશ્વરને પોતાની મહાન કૃપા પ્રમાણે એ યોગ્ય લાગ્યું કે આપણો વહાલો ભાઈ જે મરણ પામ્યો છે, તેના આત્માને ઈહલોકમાંથી તે બોલાવી લે; તેથી તેના મૃત શરીરને આપણે ભૂમિમાં, હા, માટી માટીમાં, રાખ રાખમાં અને ધૂળ ધૂળમાં સ્વાધીન કરીએ છીએ. આપણે એવી સંપૂર્ણ આશા રાખીએ છીએ કે આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તમાં જેઓ ઊંઘી ગયા છે, તેઓનું સાર્વકાળિક જીવનને સારૂ પુનરુત્થાન થશે. તે તારનાર ગૌરવી પરાક્રમ સહિત આવશે, તે વખતે જમીન તથા સમુદ્ર પોતામાં મરેલાંને પાછાં આપી દેશે. જેઓ પ્રભુમાં ઊંઘે છે, તેઓનાં મૃત શરીર બદલાઈ જશે, અને જે મહાન કૃત્યથી તે બધાંને પોતાને સ્વાધીન કરશે, તે પ્રમાણે તેના મહિમાવાન શરીર જેવા તેઓ થશે.

આકાશથી એક વાણી એમ કહેતી મેં સાંભળી કે, તું એમ લખ કે, હમણાંથી જે મરનારાઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે. આત્મા કહે છે કે હા, એ માટે કે તેઓ પોતાની મહેનતથી વિસામો પામે; કેમકે તેઓનાં કામ તેઓની પાછળ આવશે.

૭. પ્રાર્થના.

હે સર્વશક્તિમાન પરમેશ્વર, જેઓ અમારા પ્રભુમાં મરણ પામ્યા છે તેઓના આત્મા તારી સાથે રહે છે. અને વિશ્વાસુઓના આત્માઓ કે જેઓ દેહના બોજાથી મુક્ત થયા પછી આનંદમાં અને પરમ સુખમાં

તારી સાથે વસે છે તેઓને તું આ પાપી જગતનાં દુ:ખોમાંથી મુક્ત કરે એ તને યોગ્ય લાગ્યું, માટે અમે તારો અંત:કરણપૂર્વક ઉપકાર માનીએ છીએ. અમે તારી વિનંતી કરીએ છીએ, હે પ્રભુ, તને તારી કૃપાયુક્ત મહેરબાનીથી એ યોગ્ય લાગો કે તારા પસંદ કરેલાની સંખ્યા થોડી મુદ્દતમાં પરિપૂર્ણ કરવામાં આવે. વળી તારૂં રાજ્ય સત્વર આવે, અને જે બધા તારા પવિત્ર નામના ખરા વિશ્વાસમાં મરણ પામ્યા છે, તેઓની સાથે અમે આત્મિક શરીરથી વેષ્ટિત થઈને તારા સાર્વકાળિક ને અવિનાશી ગૌરવમાં સંપૂર્ણ સુખ ભોગવીએ. અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

અથવા—

હે સર્વ કૃપાના તથા પ્રીતિના દેવ, અમે અમારા મરનાર ભાઈને તારી શુભ અને પવિત્ર રક્ષામાં સોંપીએ છીએ. હવે અમે આ જગતમાં અમારૂં કામ કરવાને પાછાં જઈએ છીએ, પણ, હે પ્રભુ, તારા વિશ્વાસુ સેવકો તથા પુત્રો તારા આકાશી ઘરમાં એકઠા થશે તે મહિમાવંત દિવસની અમે નિત્ય રાહ જોઈએ. પૃથ્વી પર જે બધાં તારી વાટ જુએ છે તેમની સાથે, તથા જેઓ બધાં આકાશમાં તારી પાસે આવ્યાં છે તેમની સાથે કાયમનો મિલાપ અમે રાખીએ; તારી પ્રીતિથી દિલાસો પામતાં પામતાં તથા તારા બળથી આશ્રય મેળવતાં મેળવતાં અમે બાકી રહેલા વખતમાં તારી ઇચ્છા કાળજીથી પુરી કરીએ અને ધીરજથી અમારાં પરીક્ષણો સહીએ; અમે તારી સાથેના સમાધાનમાં અમારા દિવસો પુરા કરીએ, અને એમ અમે તારી કૃપાદ્વારા સાર્વકાળિક જીવનના આનંદમાં જઈએ. અમે તારી કૃપામાં રહીએ, ને મરણકાળે તારી આશિષ પામીએ. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

પ્રભુપ્રાર્થના.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ, તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યું છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર; અને

અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર, કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

૮. આશીર્વચન.

હવે શાંતિનો દેવ, જે સર્વકાળના કરારના લોહીથી ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઇસુને મરી ગએલાંમાંથી પાછો લાવ્યો, તે તમને હરેક સારા કામને સારૂ એવા પુરા કરે કે, તમે તેની ઇચ્છા પ્રમાણે કરો, ને તેની દૃષ્ટિમાં જે સંતોષકારક છે, તે આપણામાં ઇસુ ખ્રીસ્તને લીધે તે કરાવે, તેને સદા સર્વકાળ ગૌરવ થાઓ. આમેન.

અથવા—

પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

દીક્ષાક્રિયાઓ.

ઉપદેશકને લૈસન્સ આપવાની ક્રિયા.

લૈસન્સ આપવાની ક્રિયાની અનુક્રમણિકા.

૧. પ્રસ્તાવનારૂપી શાસ્ત્રવાક્યો.
૨. ઈશ્વર હાજર રહીને સુબુદ્ધિ આપે તે માટે પ્રાર્થના.
૩. શાસ્ત્રવાંચન.
૪. લૈસન્સ વિષે બોધદાયક ખુલાસો.
૫. ઉમેદવારને પ્રશ્નો પુછવા તથા વિશ્વાસનામા ઉપર સહી લેવી.
૬. સ્તોત્રગાયન.
૭. પ્રાર્થના—ઉપકારસ્તુતિ તથા વિનંતી.
૮. લૈસન્સની ખાસ ક્રિયા તથા આશીર્વાદ.
૯. લૈસન્સ પામનારાને બોધ.
૧૦. લૈસન્સ પામનારાના હકમાં પ્રાર્થના.
૧૧. સ્તોત્રગાયન.
૧૨. આશીર્વચન.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના કાનૂનમાં ઠરાવેલી રીતિઓ પૂરી કર્યા પછી વડીલસભા લૈસન્સ ક્રિયાને અર્થે ભેગી થાય ત્યારે પ્રમુખ ઉચ્ચારે કે

પરમેશ્વરની સેવાભક્તિ કરીએ.

ત્યારે બધા ઊભા રહેતાં પ્રમુખ નીચે મુજબ શાસ્ત્રવાકયો વાંચે.

૧. શાસ્ત્રવાકયો.

હે ઈશ્વર, તારે માટે સિયોનમાં સ્તુતિ સિદ્ધ કરેલી છે; ને તારી આગળ માનતા પૂરી કરાશે. જેને તું પસંદ કરીને પાસે લાવે છે, કે તે તારાં આંગણાંમાં વસે, તેને ધન્ય છે. અમે તારા ઘરની, એટલે તારા પવિત્ર મંદિરના પવિત્રસ્થાનની ઉત્તમતાથી તૃપ્ત થઈશું. ગીત. ૬૫; ૧, ૪.

ફસલ પુષ્કળ છે ખરી, પણ મજુરો થોડા છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે. માત્થી ૯; ૩૭, ૩૮.

બધા આદરભાવે ઘુંટણ ટેક્યા પછી પ્રમુખ પ્રાર્થના કરાવે.

૨. પ્રાર્થના.

હે પરમેશ્વર, અમારા આકાશવાસી પિતા, તેં સર્વ માણસોને એવી આજ્ઞા આપી છે કે પ્રાર્થના કરવી ને નિર્ગત થવું નહિ; વળી તારૂં મુખ શોધનારને તેં કદી નિષ્ફળ જવા દીધો નથી; માટે તારા પવિત્ર આત્માની સહાય આપીને અત્યારે અમારી પાસે તારી સેવા યોગ્ય રીતે કરાવ. અમે તારી આગળ અમારાં પાપ કબુલ કરીએ છીએ, તારી કૃપાને લીધે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ, ને તારી પાસેથી જોઈતા આશીર્વાદો માગીએ છીએ ત્યારે અમારૂં સાંભળ. આ પ્રસંગે અમે વિશ્વાસથી જે વાનાં યાચીએ છીએ તે અમે ખરેખર પામીએ, ને એમ અમારો ખપ પૂરો પાડવામાં આવે ને તારો મહિમા પ્રગટાય, એવું અમે અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ.

હે પ્રભુ, અમે માગીએ છીએ કે જે ગંભીર ક્રિયાને અર્થે તેં અમને ભેગા થવા દીધા છે તેમાં તું કૃપા કરીને અમારી સહાય કર. અમારા

ભટકતા વિચારોને રોકીને તારાજ પર અમારો ભાવ દૃઢ કરાવ. તારા ઘરની અંદર અમે આનંદિત થઈએ ને તારો જે પવિત્ર આત્મા તેં પચાસમે દિવસે તારી રાહ જોનારા શિષ્યો પર રેડયો તે આત્મા અત્યારે અમને પવિત્રતા, જ્ઞાનપ્રકાશ તથા સુબુદ્ધિ બક્ષે, એવી રીતે કે અમારી સેવા તારા પુત્રને નામે, ને તેના આત્માએ કરીને, તારી આગળ અર્પિત થવાથી તને માન્ય થાય ને અમને લાભકારક નીવડે. પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

અથવા—

હે સર્વશક્તિમાન પરમેશ્વર, આખી દુનીઆમાં તારી પવિત્ર સુવાર્તા પ્રગટ કરાવવાનો તેં હુકમ આપ્યો છે માટે હવે અમે, તારી મંડળીની એક સભા તરીકે, આ તારા સેવકને ધર્મબોધકના કામને અર્થે નિમવા માટે ભેગા થએલા છીએ ત્યારે અમારા પર કૃપાદૃષ્ટિ કર; ને આ તારા સેવકને તારા આપેલા શિક્ષણના જ્ઞાનથી એવો ભરપૂર કર, ને નિર્દોષ વર્તણુક વડે તેને એવો શોભાયમાન કર કે તે આ હોદ્દામાં રહીને વિશ્વાસુપણાથી તારી સેવા કરે, એવી રીતે કે તારા નામનું ગૌરવ થાય તેમ તારી મંડળીનું સંસ્થાપન કરાય. અમારો પ્રભુ ઈસુ ખ્રીસ્ત કે જે તારી સાથે તથા પવિત્ર આત્મા સાથે હમણાં તથા સર્વકાળ સુધી સજીવન રહીને રાજ્ય કરે છે, તેને નામે આ પ્રાર્થના કરીએ છીએ. આમેન.

પ્રાર્થના પછી, પ્રમુખ પવિત્ર શાસ્ત્રમાંથી નીચે સુચવેલાં પ્રકરણોમાંનું એક (અથવા તેના જેવું બીજું કોઇ પ્રકરણ) પસંદ કરીને શાસ્ત્રવાંચન કરે.

૩. શાસ્ત્રવાંચન.

યશાયાહ ૪૦; ૧–૧૧: ૫૨; ૧-૧૨. લુક ૧૦; ૧-૨૪. ૧ કરી. ૧; ૧૮-૩૧.

ત્યાર બાદ પ્રમુખ લેસન્સનો બોધદાયક ટુંક ખુલાસો કરે.

૪. બોધદાયક ખુલાસો.

ખ્રીસ્તમાંના ભાઈઓ, માણસોને બક્ષેલાં દાન મુજબ ઈશ્વર પોતાના પવિત્ર આત્માએ કરી તેમને તેની સેવા કરવા સારૂ તેડું આપે છે; ને પોતાના પસંદ કરાએલા સેવકો પર તે એવી કૃપા કરે છે કે તેઓ

સુવાર્તા પ્રગટ કરવાનું કામ કરીને ખ્રીસ્તની અશોધ્ય સંપત્તિ જાહેર કરે. પોતાની મંડળીને તેણે એવો હુકમ આપ્યો છે કે ધર્મસેવકોની વૃદ્ધિ માટે પ્રાર્થના કરવી એટલું નહિ, પણ એ પવિત્ર હોદ્દાને શોધનારાની પરીક્ષા તથા અજમાયસ પણ કરવી, એવા હેતુથી કે ઉતાવળથી કોઈની દીક્ષા કરવામાં ન આવે, પણ જેઓના બોધથી મંડળી સંસ્થાપિત થાય એવા શુદ્ધ અંતઃકરણના તથા સુચાલના માણસોને મંદિરની સેવાને અર્થે જુદા કરવામાં આવે. તેટલા માટે જેઓ તે સેવાને સારૂ અર્પિત થાય છે તેઓ અભ્યાસ, પ્રાર્થના તથા સુકૃત્યો કરવાથી પોતાને તૈયાર કરે એટલું નહિ, પણ ધર્મોપદેશ કરવાના અનુભવથી પોતાની યોગ્યતા અજમાવી જોવાને, અને સત્યની વાત બરાબર વહેંચી આપવા લાયક એવા કામ કરનાર મંડળી પ્રત્યે પોતાને દેખાડવાને, તેમને પ્રસંગ મળે એ યથાયોગ્ય છે. આપણી મંડળીની વ્યવસ્થા મુજબ આ બાબતની દેખરેખ પ્રેસ્બિટેરીને સોંપવામાં આવી છે, માટે થએલા આત્મિક અનુભવ વિષે, ધર્મસેવકના હોદ્દાને શોધવાના હેતુ વિષે, તથા ધર્મબોધકને જોઈતા જ્ઞાનની પ્રવીણતા વિષે પાળકપદના દરેક ઉમેદવારની પરીક્ષા કરવી, એ પ્રેસ્બિટેરીની ફરજ છે. એવી પરીક્ષા કર્યા પછી, ને તેનું પરિણામ સંતોષકારક સમજીને આ ગુજરાત તથા કાઠિયાવાડની વડીલસભા હાલ એ માટે આ સ્થળે મળી છે કે...........મંડળીના અધિકારથી ઠરાવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપે તો તેને ઉપદેશકનું લૈસન્સ આપી પાળકપદના ઉમેદવાર તરીકે તેના વિષે પ્રસન્નતા દર્શાવે.

ત્યારે ઉમેદવાર ઉઠી ઉભો રહે, એટલે પ્રમુખ તેને નીચે મુજબ પ્રશ્નો પુછે.

૫. પ્રશ્નો.

(૧) જે શાસ્ત્ર જુનો તથા નવો કરાર કહેવાય છે તે ઈશ્વરદત્ત વચન છે, અને શ્રદ્ધા તથા સદાચારનો અચૂક નિયમ છે, એવું તમે માનો છો?

જવાબ—હા, હું એમજ માનું છું.

(૨) હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત શાસ્ત્રને આધારે રચાએલું તથા તેને અનુસરતું છે એવું માનીને તમે તેનો

સ્વીકાર કરો છો અને તે વિષે કબુલાત આપો છો કે તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે?

જવાબ—હા, તેને સ્વીકારીને હું એવી કબુલાત આપું છું.

(૩) હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું બંધારણ તથા કાનૂનો ખરા ભાવથી સ્વીકારીને આ મંડળીમાં તમને મળતા હોદ્દાની ફરજો વિશ્વાસુ-પણાથી અદા કરવાનું તમે વચન આપો છો?

જવાબ—હા, મંડળીના નિયમો સ્વીકારીને એવું વચન આપું છું.

(૪) તમારૂં અંતઃકરણ તપાસવાથી તમે ખાતરીપૂર્વક કહી શકો છો કે ઈશ્વર પરની પ્રીતિ તથા મનુષ્યોના તારણની અભિલાષા, એ આ હોદ્દો શોધવાના તમારા મુખ્ય હેતુ છે?

જવાબ—હા, મારા અંતઃકરણપૂર્વક ધારવા પ્રમાણે એમજ છે.

(૫) પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા પર આધાર રાખીને તમારી સઘળી ખાનગી, વ્યાવહારિક તથા હોદ્દાને લગતી ફરજો અદા કરવામાં વિશ્વાસુ તથા ખંતીલા રહીને નિર્દોષ તથા નમુનારૂપી જીંદગી ગુજારવાનું વચન આપો છો?

જવાબ—હા, હું એમ કરવાને બંધાઉં છું.

ત્યાર બાદ ઉમેદવાર નીચે લખેલી કબુલાત પર સહી કરે:—

હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત શાસ્ત્રને આધારે રચાએલું, તથા તેને અનુસરતું છે એમ માનીને હું તેનો સ્વીકાર કરૂં છું, ને તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે એવી કબુલાત આપું છું.

ઉપર લખેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપવામાં આવે ને વિશ્વાસનામા પર સહી થાય ત્યાર બાદ સઘળા ઊભા રહી પ્રસંગને અનુકૂળ એવું કોઇ ગીત ગાતાં ઇશ્વરસ્તુતિ કરે.

૬. સ્તોત્રગાયન.

ત્યાર બાદ ઉમેદવાર ઘુંટણ ટેકવે ને પ્રમુખ પ્રાર્થનાદ્વારે ઉપકારસ્તુતિ તથા વિનંતી કરાવે.

૭. પ્રાર્થના.

હે સર્વસમર્થ પરમેશ્વર, તું સર્વ પ્રકાશ તથા જીવનના ઝરારૂપ છે, ને અમ તારા નાલાયક સેવકોને તેં સુવાર્તાની સેવા સોંપી છે, માટે અમે તારી વિનંતી કરીએ છીએ કે તું અમારા પર તારા મુખનો એવો પ્રકાશ પાડ કે તારો માર્ગ પૃથ્વી પર જણાય, ને તારૂં તારણ સર્વ દેશજાતિઓને પ્રગટ થાય.

હે પ્રભુ, અમે જે ઉપકારસ્તુતિનું અર્પણ તારી પાસે લાવીએ છીએ તેનો અંગીકાર કર. તારણના કામમાં તારો જે પ્રેમ દર્શાવવામાં આવે છે, તારા પવિત્ર આત્માનું જે દાન તેં બક્ષ્યું છે, ને તારી જે મંડળી તેં પૃથ્વી પર સ્થાપી છે તે સર્વને લીધે તારી સ્તુતિ કરીને તારૂં પવિત્ર નામ બુલંદ માનીએ છીએ. આ પ્રસંગે તારો વિશેષ ઉપકાર માનીએ છીએ કે અમારો પ્રભુ ઊંચસ્થાને ચઢી ગયો ત્યારે તેણે પ્રેરિતો તથા બોધકોને પસંદ કર્યા, ને "હું સર્વકાળ સુધી તમારી સાથે છું," એવું વચન આપીને તેમને મંડળીને સ્થાપવા તથા સુદૃઢ કરવાને માટે બહાર મોકલ્યા.

હવે, હે પ્રભુ, અમે તારી વિનંતી કરીએ છીએ કે આ સેવામાં ભાગ લેવાને તારા જે સેવકને તેડું મળ્યું છે તેના પર તું કૃપાદૃષ્ટિ કર. તે ખરા ભાવથી તારૂં કામ કરી શકે ને નમ્રતાથી તથા ધાર્મિકપણાથી તારી સન્મુખ ચાલી શકે, તે માટે તેને આશીર્વાદ દઈને શુદ્ધ કર, ને તારા પવિત્ર આત્માથી તેને ભરપૂર કર. નિષ્કપટ તથા આસ્થિત રહીને તે બોધકનું કામ કરી શકે, ને તું તેની પાસે જે કંઈ કામ કરાવવા માગે તે વિષે તારી આજ્ઞા ઉઠાવવા તે સદા તત્પર રહે, માટે તું તેની સહાય કર.

હે પ્રભુ, અમારા આકાશવાસી પિતા, તું સદા અબળને બળ આપનાર ને ગરજવાનનો ખપ પૂરો પાડનાર છે, માટે તેનો અંગીકાર કરીને તેને તારૂં પરાક્રમ તથા તારી કૃપા પમાડ. તારાં પવિત્ર વચનો વિષે તેને સમજણ આપ, એ માટે કે પોતે તેથી પ્રકાશિત થઈને તે બીજાઓ પ્રત્યે અજવાળારૂપી માર્ગદર્શક નીવડે. તેનામાં એવી આસ્થા દેખાય કે તારો મહિમા વધે, તેને એવી સુબુદ્ધિ પ્રાપ્ત થાય કે માનવાત્માઓ મેળવાઈને તારણ પામે, ને આ પૃથ્વી પર તારૂં રાજ્ય ફેલાવવામાં તે આશીર્વાદિત થાય.

આ અમારી વિનંતીઓ સાંભળ, કેમકે તારો પુત્ર, અમારો પ્રભુ ઈસુ ખ્રીસ્ત, જે તારી સાથે તથા પવિત્ર આત્મા સાથે અનંતકાળ સુધી એકજ દેવ હોઈને જીવે છે તથા રાજ્ય કરે છે, તેને નામે માગીએ છીએ. આમેન.

ત્યાર બાદ ઉમેદવાર ઊભો થાય ને પ્રમુખ લૈસન્સ આપવાની ખાસ ક્રિયા શરૂ કરે. આ ક્રિયા વખતે વડીલસભાના બધા સભાસદો ઊભા રહે.

૮. લૈસન્સની ખાસ ક્રિયા.

પ્રભુ ઈસુ ખ્રીસ્ત જે એકલો મંડળીનો રાજા તથા શિરપતિ છે, તેને નામે તથા આ પ્રેસ્બિટેરીને સોંપેલા અધિકારથી, અમે તને આ પ્રેસ્બિટેરીની હદની અંદર, અથવા જ્યાં કંઈ પરમેશ્વર તને કામ કરવાને માટે બોલાવે ત્યાં, સુવાર્તા પ્રગટ કરવાનો પરવાનો આપીએ છીએ.

[પ્રમુખ ઉમેદવારનો હાથ પકડીને આશીર્વાદ ઉચ્ચારે]

પરમેશ્વરનો આશીર્વાદ તમારા પર આવો ને તમારૂં અંતઃકરણ ખ્રીસ્તના આત્માથી ભરપૂર થાઓ. આમેન.

[ત્યાર પછી પ્રેસ્બિટેરીના સભાસદો અનુક્રમે લૈસન્સ પામનારને મિલાપનો જમણો હાથ આપે.]

ત્યાર બાદ પ્રમુખ, અથવા તો ક્રિયાનો આ ભાગ લેવા માટે જે પાળક આગળથી નિમાયો હોય તે લૈસન્સ પામેલા ઉપદેશકને બોધ આપે. આ બોધની વેળાએ લૈસન્સ પામનારે ઊભા રહેવું.

૯. બોધ.

પ્રિય ભાઈ, ઈસુ ખ્રીસ્તની મૂલ્યવાન સુવાર્તાના બોધકનું સેવાકાર્ય પૂર્ણ કરવા માટે તમને નિયમીત રીતે આ પ્રેસ્બિટેરીથી (ને અમારા ધાર્યા પ્રમાણે મંડળીના રાજા તથા શિરપતિથી પણ) તેડું મળ્યું છે. આ હોદ્દાને લગતી ફરજો યોગ્યતાથી અદા કરવા માટે પવિત્ર શાસ્ત્રમાં પ્રગટ કરેલી સુવાર્તાનો જ્ઞાનપ્રકાશ તમે પોતે પામો, એ અવશ્ય છે. માટે હવેથી ઈશ્વરદત્ત શાસ્ત્રનો તમારે ખાસ અભ્યાસ કરવો જોઈએ. તેના દરેક પાનાની માહિતી મેળવો. ખ્રીસ્તમાં જે સત્ય તે અધિકાધિક સમજવાને યત્ન કરો, એ સારૂ કે ખ્રીસ્ત—વધસ્તંભે જડાએલો પણ

પુનરૂત્થાન પામેલો, સ્વર્ગે ચઢી ગએલો પણ પાછો આવનાર ખ્રીસ્ત—તે તમારા બોધનો મુદ્દો થાય.

વળી કેવળ મ્હોંની વાતથી નહિ, પરંતુ સર્વે વાતે ખ્રીસ્તના આત્માથી પ્રેરાએલી જીંદગી વડે પણ, ખ્રીસ્તને પ્રગટ કરવો એ તમારી ફરજ છે. માટે જે કંઈ કરો છો તે સર્વમાં ખ્રીસ્તના જેવો ભાવ દર્શાવો. બીજાઓને શિખવવામાં તમે પોતે ખ્રીસ્ત વિષે શીખો, ને તેની પાસેથી એવું સુજ્ઞાન પામો કે તમારી રોજની વર્તણુક તથા ચાલમાં તારનારની મનોહર જીંદગીની શોભાનો પ્રતિછાયો તમારામાં દેખાય. તમે એવીજ રીતે વિધર્મીઓ મધ્યે તેની સુવાર્તા પ્રગટ કરી શકો માટે ઈશ્વર તમારામાં પોતાનો પુત્ર પ્રગટ કરાવે.

યાદ રાખો કે જે સેવાકાર્યનું કામ તમે શરૂ કરવાની તૈયારીમાં છો તે તમારે પોતાને બળે પૂર્ણ થાય, એવું નથી. માટે જે ધણી પોતાની સેવા કરવાને અર્થે હાલ તમને મોકલી દે છે તેની પાસેથી જોઈતાં પરાક્રમ, કૃપા તથા સુબુદ્ધિ શોધ્યાંજ કરો. પવિત્ર લડાઈ લડવા સારૂ તમે જાઓ છો પરંતુ પોતાના ખરચથી તમે જતા નથી. તમને જે મોકલનાર તે તમને નિભાવશે, એમ જાણીને તમારો જે સરદાર તથા તમારો જે સાથી તેની સંગતમાં નિરંતર રહેવું. દરેક કામ આરંભ્યા પહેલાં, તેમ દરેક કામ પૂર્ણ કર્યા પછી, ખ્રીસ્તને નામે ઈશ્વરની પ્રાર્થના કરવા ચૂકશો મા. પ્રાર્થના તે તમારા આત્મિક વાતાવરણરૂપ સમજીને તેમાં રહીને જીવન ગાળો.

આ ગંભીર સમયે ભવિષ્યના કામનું અવલોકન કરવું એ યુક્ત છે. તૈયારીના અભ્યાસનાં વર્ષો પૂરાં થયાથી તમારા જીવનચરિત્રનો એક અધ્યાય સમાપ્ત થયો છે. આજે બીજો એક અધ્યાય શરૂ થાય છે ને નવા પ્રકારની જીવનવૃત્તિમાં પ્રવેશ કરો છો. પ્રભુની ખાતર બહાદુરીથી યુદ્ધ કરવાને આતુર હો તો પણ શાસ્ત્રમાંની પ્રભુની આ ચેતવણી મનમાં રાખવી કે, "જે જન શસ્ત્ર ધારણ કરે તેણે, શસ્ત્ર આંગ પરથી ઉતારનારની પેઠે, ફુલાસ મારવી નહિ." શેતાન સાથેના દારૂણ યુદ્ધમાં કષ્ટ કરવાની વેળા આવવાનો સંભવ છે, માટે "પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. શેતાનની યુક્તિઓની સામે તમે સ્થિર રહી

શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો." પાઉલે વિશ્વાસમાં પોતાના દીકરા તીમોથીને જે ગંભીર બોધ આપ્યો તે વારંવાર વાંચીને તેનું મનન કરો. પ્રેરિત જાણે તમને બોધ આપતો હોય તેમ તેનાં આ વચનોનું પાળણ કરો,—"ઇસુ ખ્રીસ્તના સારા સૈનિકના જેવો તું મારી સાથે દુઃખ સહે;" "તું સર્વમાં સાવધાન થા, દુઃખ સહે, સુવાર્તિકનું કામ કર, તારી સેવા પૂર્ણ કર." વિશ્વાસની સારી લડાઈ એવી રીતે લડો કે ઇશ્વિરની ઠરાવેલી વેળાએ પૃથ્વી પર તમારી દોડ પૂરી કરાય ત્યારે તમે પણ એવી સાક્ષી આપી શકો કે, "હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે, તે તે દહાડે ઇનસાફી ન્યાયાધીશ પ્રભુ મને આપશે: ને કેવળ એમ નહિ પણ જે સઘળા તેનું પ્રગટ થવું ઇચ્છે છે તેઓને પણ આપશે."

બોધ પૂરો થાય ત્યારે પ્રમુખ લૈસન્સ પામનારના હકમાં પ્રાર્થના કરાવે.

૧૦. પ્રાર્થના.

હે અતિ કૃપાળુ પિતા, આ તારા સેવકને તેં પસંદ કરી ઠરાવ્યો એ માટે કે તે તારે સારૂ ફળ ઉપજાવે. તેના હકમાં અમે વિનંતી કરીને માગીએ છીએ કે તું તેના પર તારો આકાશી આશીવાદ રેડ. તારા પવિત્ર આત્મા વડે તેને જ્ઞાનપ્રકાશ પમાડ, તારા પ્રેમથી તેને ભરપૂર કર, ને તેની સઘળી સેવામાં તેને એવી રીતે દોરી જા કે તેમાં, તારા મહાન નામના મહિમાને અર્થે, તે પવિત્રતાએ તથા વિશ્વાસુપણાએ ચાલે. તેના સેવાકાર્યનાં સર્વ પરીક્ષણો સહન કરવાને તથા તેની સઘળી અડચણો સામે ટકી રહેવાને માટે તેને નમ્રતા તથા ધીરજ આપાવ, કે તે અંત લગી સુદૃઢ રહીને છેવટે આકાશી રાજ્યમાં પૂરી રીતે પ્રવેશ પામે. હે પ્રભુ, આ અમારી વિનંતી સાંભળી તેમાં જે ખામીઓ તથા અપૂર્ણતા તેની ક્ષમા કર. અમારે માટે જે કંઇ શુભ દાન જોઇતાં હોય તે તું અમને દે, ને જે અશુભ તથા ભુંડું તેથી અમને દૂર રાખ. સઘળા સત્ય તથા ન્યાયીપણામાં અમને દોરી લઈ જા, ને તારા અનંત રાજ્યમાં અમોને લાવ. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે આ માગીએ છીએ. આમેન.

અથવા—

સર્વસમર્થ પરમેશ્વર, સઘળાં સારાં વાનાં આપનાર, તેં તારી મોટી કૃપાથી તારા સેવકની ઇચ્છા માન્ય કરીને તેને મિલાપની સેવા સોંપી છે, માટે તારી એવી વિનંતી કરીએ છીએ કે તું તેને તે સેવામાં નિરભિમાન, નમ્ર તથા સુદૃઢ કર; સુકાળે અકાળે તેની પાસે તારાં વચન પ્રગટ કરાવ, ને સર્વે આત્મિક નિયમો પાળવાને તેનું મન તત્પર કર. તારા પવિત્ર આત્માથી તેને એવો ભરપૂર કર કે તે ન્યાયીપણાએ વેષ્ટિત થઇને તારી વાત એવી રીતે બોલી શકે કે તે અમથી તારી પાસે પાછી નહિ આવે પણ ઘણી સફળ થાય. તેને તારા પરના વિશ્વાસમાં તથા તારી સુબીકમાં એવી રીતે ટકાવી રાખ કે નિત્ય સારા અંતઃકરણની સાહેદી પામીને, ને તારા પુત્ર ખ્રીસ્તની સંગતમાં સ્થિર તથા બળવાન રહીને, તે તારી સન્મુખ લજ્જાના કારણ રહિત કામ કરનાર ઠરે, ને યોગ્ય સમયે તારી મંડળીમાં ઉચ્ચતર પદવી પર આમંત્રણ પામવા યોગ્ય નીવડે. તારા પુત્ર અમારા તારનાર ઇસુ ખ્રીસ્તને નામે આ વિનંતી કરીએ છીએ, તેને ગૌરવ તથા માન યુગેયુગ હોજો. આમેન.

બધા ઊભા રહીને ગીત ગાતાં ઇશ્વરસ્તુતિ કરે.

૧૧. સ્તોત્રગાયન.

[આ સમયે દાઉદનાં ગીત. ૪૩; ૩–૫: ૧૩૨; ૧૩–૧૮ અથવા "સંભારક આત્મા" ઇત્ય. પવિત્ર આત્મા વિષેનાં ગીતો યોગ્ય જણાશે.]

આશીર્વચન ઉચ્ચારીને પ્રમુખ આ ક્રિયા સમાપ્ત કરે.

૧૨. આશીર્વચન.

પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

પાળકની દીક્ષા [તથા પ્રતિષ્ઠાપન] ક્રિયા.

પાળકની દીક્ષાક્રિયાની અનુક્રમણિકા.

પાળકને દીક્ષિત [તથા પ્રતિષ્ઠાપિત] કરવાની ખાસ ક્રિયા પહેલાં ભજનસેવા કરવામાં આવશે. તત્પ્રસંગે નીચે આપેલી અનુક્રમણિકા યોગ્ય જણાશે.

૧. શાસ્ત્રવાકયો.
૨. પ્રાર્થના.
૩. સ્તોત્રગાયન.
૪. શાસ્ત્રવાંચન.
૫. પ્રાર્થના.
૬. સ્તોત્રગાયન.
૭. બોધભાષણ.
૮. પ્રકાશ તથા સુબુદ્ધિને માટે પ્રાર્થના.
૯. આમંત્રણ વિષેની હકીકત તથા પાળકપદ વિષે બોધદાયક ખુલાસો.
૧૦. દીક્ષા પામનારને પ્રશ્નો પુછવા તથા તેની સહી લેવી.
[મંડળીને પ્રશ્નો પુછવા.]
૧૧. આપેલાં વચન પાળવા સારૂ ઈશ્વરકૃપા માટે પ્રાર્થના.
મનમાં કરેલી પ્રાર્થના.
દીક્ષા પામનાર પર આશીર્વાદ આવે તે માટે પ્રાર્થના.
૧૨. સ્તોત્રગાયન.
૧૩. દીક્ષાની પ્રાર્થના તથા હાથ મૂકવાની ક્રિયા.
૧૪. પાળકપદ પામ્યાનું જાહેર વચન ઉચ્ચારવું તથા મિલાપનો જમણો હાથ આપવો.
૧૫. સ્તોત્રગાયન.
૧૬. નવા પાળકને [તથા મંડળીને] બોધ.

૧૭. નવા પાળક [તથા મંડળી]ના હકમાં પ્રાર્થના.

૧૮. સ્તોત્રગાયન.

૧૯. આશીર્વચન.

નોંધ. ચોરસ કૌંસમાં આવેલા શબ્દો માત્ર પ્રતિષ્ઠાપનની ક્રિયાના સંબંધમાં છે. જ્યારે માત્ર દીક્ષા અપાય છે ત્યારે કૌંસમાં સુચવેલા ભાગ પડતા મૂકવા; પરંતુ જ્યારે દીક્ષા પામનાર કોઇ સ્થાનિક મંડળીના પાળક તરીકે પ્રતિષ્ઠાપિત થાય છે ત્યારે કૌંસમાં સુચવેલા ભાગ કાયમ રાખવા.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

પાળકની દીક્ષા ક્રિયા પ્રેસ્બિટેરીની સભા મળી હોય ત્યારેજ થાય. [જ્યારે દીક્ષા પામનાર કોઇ સ્થાનિક મંડળીના પાળક તરીકે પ્રતિષ્ઠાપિત પણ થવાનો હોય ત્યારે તે મંડળીની જાહેર સભામાં દીક્ષા ક્રિયા કરવી.]

૧—૭. સઘળી ઠરાવેલી રીતિઓ અનુસર્યા પછી આગળથી મુકરર કરેલે દિવસે પ્રેસ્બિટેરીના સભાસદો સંઘાતે દેવળમાં પ્રવેશ કરી પ્રભુભોજનની મેજ પાસે ગોઠવેલી બેઠકોએ બેસે. વડીલસભા રીતસર ઉઘાડવામાં આવ્યા પછી જે પાળક તત્સંબંધી નિમાયો હોય તે ભજનસેવા કરાવે. આ ભજનસેવા વેળાએ પવિત્ર શાસ્ત્રનાં નીચે લખેલાં પ્રકરણો (અથવા તેના જેવાં બીજાં પ્રકરણો) વાંચવામાં આવે :—

એફે. ૪; ૭-૧૬. માત્થી ૯; ૩૫—૧૦; ૧. યોહાન ૧૦; ૧-૧૬.

બોધ સમાપ્ત થયા પછી પ્રમુખપદે બિરાજનાર પાળક એવું ઉચ્ચારે કે

પ્રાર્થના કરીએ.

તે વેળાએ સઘળા આદરભાવે ઘુંટણ ટેકવે ત્યારે પ્રમુખ પ્રકાશ તથા સુબુદ્ધિને માટે પ્રાર્થના કરાવે.

૮. પ્રાર્થના.

હે સર્વસમર્થ પરમેશ્વર, તું સર્વ શુભતાના ઝરારૂપ છે, ને તારો પુત્ર ઈસુ ખ્રીસ્ત જે હાલ ઊંચાણમાં ચઢી ગયો છે તેની મારફતે તેં માણસોને દાન બક્ષીને પવિત્રોની સંપૂર્ણતા કરવાને અર્થે અને ખ્રીસ્તના શરીરનું સંસ્થાપન કરવા સારૂ તારી મંડળીને પ્રેરિતો, બોધકો, સુવાર્તિકો તથા શિક્ષકો આપ્યા છે. હાલ અમે તારી મંડળીની એક વડીલસભા તરીકે ભેગા થઈને આ તારા દાસને પવિત્ર સેવાને અર્થે પાળકપદ પામવા જુદો કરીએ છીએ, માટે અમોને તારો આશીર્વાદ દઈને એવી સહાય આપ કે અમારી આ ભજનક્રિયા તારી સન્મુખ માન્ય થાય, ને એમ જે કંઈ કરીએ તે સર્વ તારી મંડળીના કલ્યાણને અર્થે તથા તારા નામના મહિમાને અર્થે થાય. અમારા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

ત્યાર બાદ પ્રમુખ (કે, પ્રમુખની ગેરહાજરીમાં, તેની જગ્યાએ બિરાજનાર પાળક) આમંત્રણ વિષેની હકીકત વાંચી સંભળાવે. તેમાં આ દીક્ષાક્રિયા કરવાનો ઠરાવ પ્રેસ્બિટેરીએ શાં શાં કારણથી કર્યો તેનું ટુંકું વર્ણન કરે.

૯. હકીકત તથા બોધદાયક ખુલાસો.

ગુજરાત તથા કાઠિયાવાડની વડીલસભાને એવું ઇષ્ટ લાગ્યું કે...... ......પાળકપદની દીક્ષા પામે, ને સદરહુ..........એ મંડળીની ઠરાવેલી સરતો સંતોષકારક રીતે પૂરી કરી છે માટે પ્રેસ્બિટેરીએ આજનો દિવસ તેની દીક્ષાક્રિયાને સારૂ ઠરાવ્યો છે.

[અથવા—

આ મંડળીમાં પાળકની જગ્યા ખાલી હોવાથી સભાસદોએ...... ......ને પાળક થવા માટે પસંદ કરીને તેને આમંત્રણ આપ્યું છે. એ આમંત્રણને ગુજરાત તથા કાઠિયાવાડની પ્રેસ્બિટેરીએ મંજૂર રાખ્યું છે, ને..........એ મંડળીની ઠરાવેલી સરતો સંતોષકારક રીતે પૂરી કરી છે, માટે પ્રેસ્બિટેરીએ આજનો દિવસ તેની દીક્ષાક્રિયા તથા પ્રતિષ્ઠાપનાને સારૂ ઠરાવ્યો છે, તેની રીતસર જાહેરખબર આપવામાં આવી છે.]

આ હકીકત આપ્યા પછી પ્રમુખ પાળકપદ વિષે પવિત્ર શાસ્ત્ર શું શિખવે છે તે દર્શાવનારૂં ટુંક બોધભાષણ કરે.

પ્રિય ભાઇઓ, ખ્રીસ્તી ધર્મસેવકનો હોદ્દો કેવો ઉચ્ચ તથા વજનદાર છે તેનો વિચાર કરીએ. તે હોદ્દો ઇશ્વરથી ઠરાવેલો છે, એમ માનીએ છીએ. બોધ તથા શિક્ષણ આપવામાં મહેનત કરવા સારૂ તેડાએલા તથા જૂદા કરાએલા પાળકો તથા શિક્ષકો દરેક મંડળીમાં થાય, એ આપણા ધાર્યા પ્રમાણે ખ્રીસ્તની ઇચ્છાનુસાર છે. પાળકધર્મવિષયક પત્રોમાં વડીલો કે અધ્યક્ષોની ચુંટણી વિષે, તેઓમાં જોઇતાં લક્ષણો વિષે, તેમને દીક્ષિત કરવાની રીતિ વિષે તથા તેમને શિર રહેલી ફરજો વિષે આજ્ઞાઓ આપવામાં આવે છે,—એ સર્વથી જણાય છે કે ખ્રીસ્તી મંડળીની સુવ્યવસ્થાને અર્થે આ અધ્યક્ષો કે વડીલો જરૂરના છે. તેઓએ શિક્ષણ આપવું, પરંતુ જાણે તેમનું બોલવું દેવવાણી સમાન હોય એવી રીતે નહિ, પણ માત્ર વચનના સેવકો તરીકે તેમાંનું સત્ય લોકના સંસ્થાપનને અર્થે પ્રગટ કરવું. તેઓએ અધિકાર કરવો, પરંતુ તેમને

સોંપેલી મંડળી પર ધણીપણું ન કરતાં તેમની દેખરેખ નીચેનાં સઘળાંની આત્મિક સ્થિતિની ચોકી તથા સંભાળ કરવી. સંદેશિયો, ચોકીદાર, પ્રભુનો કારભારી, એવાં નામ બોધક તથા અધિકારી વડીલને આપવામાં આવે છે. વધસ્તંભે જડેલા ખ્રીસ્તની સુવાર્તા કેટલાકને મૂર્ખપણા જેવી લાગે તો પણ એજ સુવાર્તા પ્રગટ કરવાથી વિશ્વાસ કરનારાઓનું તારણ કરાવવું, એ તેનું કર્તવ્ય છે. ઉપધેટાંપાળક તરીકે પ્રભુના ટોળાનું પાળણ કરવું અને ભટકનારાઓ જડે ત્યાં સુધી તેમને શોધવા. એ તેનું ખાસ કામ છે.

વિગતવાર કહીએ તો પાળકની ફરજો આ છે:—

સુવાર્તા વિષેનું શિક્ષણ આપવું, અને તે વિષે પ્રત્યુત્તર આપવા સારૂ ઠરાવાયો છું, એમ સમજીને મહેનત કરવી ;

બાપ્તિસ્મા તથા પ્રભુભોજનના સંસ્કારો ચલાવવા ;

મંડળીના લોકને ઘેર જઈને તેમની મુલાકાત કરવી, અને વિશેષે કરીને માંદાઓની ખબર લેવી ;

સ્થાનિક સભાનો પ્રમુખ થવું, અને વડીલોની સાથે મળી મંડળીની વ્યવસ્થા અખંડ રાખવાને તથા તેનો સુધારો કરવાને સોંપેલા અધિકારનો સદુપયોગ કરવો.

આ ઉચ્ચ તથા પવિત્ર હોદ્દો પામવા આપણા ભાઈ........ તેડાએલો છે, ને મંડળીના કાયદાઓ તથા રિવાજોની સઘળી માગણીઓ પૂરી કરવામાં આવી છે, તેમ તેની ચાલ કે તેના માનેલા મત વિરૂદ્ધ કોઈ પ્રકારનો સપ્રમાણ વાંધો લીધામાં આવ્યો નથી. તેટલા માટે પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે એકઠી થએલી આ વડીલસભા અત્યારે સદરહુ........ને દીક્ષિત [કરી તેને આ મંડળીના પાળક તરીકે પ્રતિષ્ઠાપિત] કરવાની ક્રિયા શરૂ કરશે. તથાપિ તે પહેલાં તેણે મંડળીના અધિકારથી ઠરાવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવા જોઈએ.

દીક્ષા પામનાર અત્યારે ઉઠી ઊભો રહે, એટલે પ્રમુખ તેને ઠરાવેલા પ્રશ્નો પૂછે.

૧૦. પ્રશ્નો.

(૧) જે શાસ્ત્ર જુનો તથા નવો કરાર કહેવાય છે તે ઈશ્વરદત્ત વચન છે, અને શ્રદ્ધા તથા સદાચારનો અચૂક નિયમ છે, એવું તમે માનો છો?

જવાબ—હા, હું એમજ માનું છું.

(૨) હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત વચનને આધારે રચાએલું તથા તેને અનુસરતું છે, એવું માનીને તમે તેનો સ્વીકાર કરો છો અને તે વિષે કબુલાત આપો છો કે તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે?

જવાબ—હા, તેને સ્વીકારીને એવી કબુલાત આપું છું.

(૩) હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું બંધારણ તથા કાનૂનો ખરા મનથી સ્વીકારીને એ મંડળીના ધર્મસેવક તરીકે તમારી સઘળી ફરજો વિશ્વાસુપણાથી અદા કરવાનું વચન આપો છો?

જવાબ—હા, મંડળીના નિયમો સ્વીકારીને એવું વચન આપું છું.

(૪) તમારૂં અંતઃકરણ તપાસવાથી તમે ખાતરીપૂર્વક કહી શકો છો કે ઈશ્વર પરની પ્રીતિ તથા મનુષ્યોના તારણની અભિલાષા, એ આ સેવામાં દાખલ થવાના તમારા મુખ્ય હેતુ છે?

જવાબ—હા, મારા અંતઃકરણપૂર્વક ધાર્યા પ્રમાણે એજ મારા મુખ્ય હેતુ છે.

(૫) આ આમંત્રણ કરાવવા સારૂ તમે જાતે અથવા બીજા કોઈની મારફતે કોઈ પણ પ્રકારના અયોગ્ય સાધનનો ઉપયોગ કર્યો છે?

જવાબ—ના, મેં એવા કોઈ પણ સાધનનો ઉપયોગ કર્યો નથી.

(૬) પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા પર આધાર રાખીને તમારી સઘળી ખાનગી, વ્યાવહારિક તથા હોદ્દાને લગતી ફરજો અદા કરવામાં વિશ્વાસુ તથા ખંતીલા રહીને નિર્દોષ તથા નમુનારૂપી જીંદગી ગુજારવાનું વચન આપો છો?

જવાબ—હા, હું એવું કરવાને બંધાઉં છું.

સહી લેવી.

ત્યારે દીક્ષા પામનાર નીચે લખેલી કબુલાત પર સહી કરે :—

હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત શાસ્ત્રને આધારે રચાએલું તથા તેને અનુસરતું છે, એમ માનીને હું તેનો સ્વીકાર કરૂં છું, ને તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે એવી કબુલાત આપું છું.

[ત્યાર બાદ મંડળીના લોકોને પ્રશ્નો પુછવામાં આવે, એવા હેતુથી કે પાળક તથા સભાસદો વચ્ચે કરેલા કરારને તેઓ પોતાની સમ્મતિ જાહેર કરે.]

[મંડળીને પુછવાના પ્રશ્નો.

આ મંડળીના સભાસદો તથા અન્ય ખ્રીસ્તીઓ, તમોએ……… ………ને તમારો પાળક તથા તમો પ્રત્યે ખ્રીસ્ત ઈસુનો સેવક થવા માટે આમંત્રણ આપ્યું છે, તે મુજબ તમે તેને માન્ય કરીને સ્વીકારો છો? વળી તેને સર્વ ઘટતું માન તથા ઉત્તેજન આપીને તમે પ્રભુમાં તેને પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનું વચન આપો છો? વળી તે તમારો પાળક રહે ત્યાં સુધી તેનો નિર્વાહ યોગ્ય રીતે કરવાનું તમે જે વચન આપ્યું છે તે પાળવાનું તથા તમારી મધ્યે તેની સુખાકારીને સારૂ, તેમ ધર્મના માનાર્થે, બીજું જે કાંઈ જોઈતું હોય તે પૂરૂં કરવાનું વચન આપો છો?

જો એવું વચન આપતા હો તો મહેરબાની કરીને ઊભા થઈને તમારી સમ્મતિ જાહેર કરો.]

ત્યારે પ્રમુખ ટૂંક પ્રાર્થના કરાવી મંડળીને મનમાં પ્રાર્થના કરવાનું નોતરૂં આપે.

૧૧. પ્રાર્થના.

સર્વસમર્થ પરમેશ્વર તમને માન્ય કરી આશીર્વાદ આપે; તે તમારા પર પોતાનો ઐશ્વરી તથા જીવનદાયક આત્મા રેડે, એ સારૂ કે તમે તમારા અંતઃકરણમાં જે ઠરાવો કર્યાં છે તે તમે તેના પવિત્ર નામના મહિમાને અર્થે તથા તેની મંડળીના સંસ્થાપનને અર્થે પૂર્ણ કરવા શક્તિમાન થાઓ. આમેન.

[અથવા—

સર્વસમર્થ પરમેશ્વર, જેણે તમારાં મનોમાં આ શુભ ઠરાવો કરાવ્યા છે તે તમારામાંના દરેકને, પાળકને તેમ મંડળીના પ્રત્યેક માણસને, તેના પવિત્ર નામના મહિમાને અર્થે એ ઠરાવો પૂર્ણ કરવાને શક્તિમાન કરો. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.]

મનમાં પ્રાર્થના કરવાનું નોતરૂં.

હવે પોતાનાં હૃદયો સર્વસમર્થ પરમેશ્વરની ભણી ઉઠાવી તેના જે સેવકની દીક્ષા થવાની છે તેને સારૂ મનમાં વિનંતી કરીએ.

[અથવા—

હવે, પરમેશ્વરનો આ સેવક, આ મંડળીના લોક, અને આ સ્થળે થતું પ્રભુનું કામ, તે સર્વને સારૂ ઇશ્વર ભણી આપણાં હૃદય ઉઠાવી મનમાં પ્રાર્થના કરીએ.]

મનમાંની પ્રાર્થના માટે જોઇતો વખત પૂરો થયા પછી પ્રમુખ દીક્ષા પામનાર પર પરમેશ્વરનો આશીર્વાદ યાચીને એવી પ્રાર્થના કરાવે કે ધર્મસેવકના ઉચ્ચ તથા પવિત્ર હોદ્દાનો જુમ્મો સમજવાને અને તેની ફરજો અદા કરવાને અર્થે તેને ઇશ્વર-કૃપા આપવામાં આવે.

દીક્ષા પામનાર પર આશીર્વાદ માગવાની પ્રાર્થના.

સર્વસમર્થ પરમેશ્વર, અમારા કૃપાળુ પિતા, આ તારા સેવક પર તારી સ્વર્ગીય કૃપા રેડીને તેને ન્યાયીપણાએ વેષ્ટિત કર. તે ધર્મસેવકના ઉચ્ચ તથા પવિત્ર હોદ્દાનો જુમ્મો સમજે ને તેને લગતી ફરજો વિશ્વાસુ-પણાથી અદા કરે, માટે તું તેને સુબુદ્ધિ તથા સામર્થ્ય દે. તારા ઘરનો વિશ્વાસુ તથા બુદ્ધિમાન કારભારી, સુવાર્તાનો ખરો બોધક, તારા ટોળાનો જાગ્રત રક્ષક, ને ઘેટાંને સારૂ પોતાનો જીવ આપનાર ઉત્તમ ઘેટાંપાળકને અનુસરનારો, એવો તે થાય માટે તેની સહાય કર. સુબુદ્ધિ તથા સમજનો આત્મા, સલાહ તથા પરાક્રમનો આત્મા, જ્ઞાન તથા યહોવાહના ભયનો આત્મા તેના પર આવીને રહે, એવું કર. આ પ્રસંગે તેને પડખે રહીને તારા સામર્થ્યથી તેને બળવાન કર. તારા નામના મહિમાને અર્થે અને તારી મંડળીની સંસ્થાપનાને અર્થે અમે અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે આ વિનંતી કરીએ છીએ. આમેન.

આ પ્રાર્થના થયા પછી મંડળીના લોકો ઊભા રહી ગીત ગાતાં પ્રભુની સ્તુતિ કરે.

૧૨. સ્તોત્રગાયન.

(“સંભારક આત્મા,” ઇત્યાદિ પવિત્ર આત્મા વિષેનું કોઇ ગીત સમયાનુકૂળ જણાશે).

ત્યાર બાદ પ્રમુખ સભા આગળ ઊભો રહે, તેની આસપાસ પાળકો ઊભા રહે, તથા તેમની વચમાં દીક્ષા પામનાર ઘુંટણ ટેકવે. એવી ગોઠવણ થયા પર પ્રમુખ દીક્ષાની પ્રાર્થના કરાવે.

૧૩. દીક્ષાની પ્રાર્થના.

સર્વસમર્થ પરમેશ્વર, અતિ કૃપાળુ આકાશવાસી પિતા, તેં તારા એકનાએક પુત્ર ઇસુ ખ્રીસ્તને મોકલ્યો છે એ માટે કે તે અમારો ઉદ્ધારનાર તથા અનંતજીવનનો દાતાર થાય, ને તેનામાં તેં અમને આકાશી જગ્યાઓમાં સર્વ આત્મિક આશીર્વાદોથી આશીર્વાદિત કીધા છે. અમારા ઉદ્ધારને લીધે તથા રોજ જે કૃપા અમને આપવામાં આવે છે તેને લીધે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ. અમે તારો વિશેષ આભાર માનીએ છીએ કે તું અમારી મારફતે તારી સેવા કરાવે છે ને માણસોને સર્વ ઉત્તમ દાન બક્ષે છે. તારો જે સેવક અત્યારે તારી આગળ ઘુંટણ ટેકવે છે તેના પર તારો પવિત્ર આત્મા રેડ. તારે નામે તેના પર હાથ મૂકીને

(એવું કહેતાં પ્રમુખ પોતાનો હાથ દીક્ષા પામનારને શિર મૂકે, ને પ્રેસ્બિટેરીના અન્ય સભાસદો પણ પોતપોતાના જમણા હાથ તેને શિર મૂકે.)

અમે અત્યારે તેને તારી મંડળીના સેવકની દીક્ષા આપીને તેને તારી વાત પ્રગટ કરવાનો તથા સંસ્કારો પળાવવાનો અધિકાર આપીએ છીએ, ને તારી વિનંતી કરીએ છીએ કે તું જે અબળોને બળ આપનાર અને ગરજવાનનો ખપ પૂરો પાડનાર, તે તું તેનો અંગીકાર કરી તારી સેવાને માટે તેને સામર્થ્યે તથા કૃપાએ વેષ્ટિત કર.

પરમ કૃપાળુ પિતા, તારા સેવકની સહાય કરીને તેને વિશ્વાસુ રાખ એ માટે કે સર્વ વિશ્વાસ કરનારાઓ પ્રત્યે વાત તથા ચાલમાં, પ્રીતિ, વિશ્વાસ તથા શુદ્ધતા વિષે તે નમુનારૂપ થાય. તે તારી સહાયથી

પોતાની સેવા આસ્થાથી પૂર્ણ કરવા શક્તિમાન થાય, એ માટે કે અંતે ખ્રીસ્તના ન્યાયાસન આગળ તે ઊભો રહે ત્યારે તે લજવાય નહિ, પણ આનંદથી પોતાની દોડ પૂરી કરીને તારા સર્વકાળના રાજ્યના મહિમા તથા અમરપણામાં પ્રવેશ કરે. અમારો પ્રભુ ઇસુ ખ્રીસ્ત જે તારો પુત્ર તેને નામે આ વિનંતી કરીએ છીએ. આમેન.

નવો દીક્ષિત થએલો પાળક ઊભો રહે ત્યારે પ્રમુખ તેને સુવાર્તાની પવિત્ર સેવા કરનારની પદવી રીતસર આપવામાં આવી છે, એવું જાહેર કરે.

૧૪. જાહેર વચન તથા હસ્તમિલાપ.

પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે અને તેની મંડળીને સોંપેલા તેના અધિકારથી અમે અત્યારે જાહેર કરીએ છીએ કે તમો ....ને સુવાર્તાની પવિત્ર સેવાના હોદ્દાની દીક્ષા આપવામાં આવી છે [ને આ મંડળીની સંભાળ કરવા સારૂ તમે તેના પાળક તરીકે પ્રતિષ્ઠાપિત થએલા છો].

ત્યારે પ્રમુખ, અને પ્રમુખ પછી પ્રેસ્બિટેરીના અન્ય સભાસદો અનુક્રમે નવા દીક્ષિત થએલા પાળકને મિલાપનો જમણો હાથ આપે. હાથ આપતાં પ્રમુખ બોલે કે,

તમને મિલાપનો જમણો હાથ આપીને અમારી સાથે આ સેવામાં ભાગ લેવા માટે તમારો અંગીકાર કરીએ છીએ.

હસ્તમિલાપ થયા પછી પ્રમુખ આશીર્વચન ઉચ્ચારતાં બોલે કે,

પ્રભુ પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા પાસેથી કૃપા, દયા તથા શાંતિ તમારી સાથે સર્વદા રહો. આમેન.

મંડળીના લોક ઊભા રહીને ગીત ગાતાં ઇશ્વરસ્તુતિ કરે.

૧૫. સ્તોત્રગાયન.

ત્યાર બાદ પ્રમુખ (અથવા તો ક્રિયાનો આ ભાગ લેવા માટે જે પાળક આગળથી નિમાયો હોય તે) સિંહાસન પર ઊભો રહીને નવા દીક્ષિત થએલા પાળકને ગંભીર બોધ આપે. તે બોધ થતી વખતે નવા પાળકે ઊભા રહેવું.

[ત્યાર પછી મંડળીને પણ બોધ આપવામાં આવે.]

૧૬. નવા દીક્ષિત થએલા પાળકને બોધ.

પ્રિય ભાઈ, તમારે માથે સુવાર્તાની પવિત્ર સેવાનો બોજો તથા જુમ્મો મૂકવામાં આવ્યો છે, માટે એ પદવી કેવી માનયુક્ત છે, ને તેને લગતી ફરજો કેવી ભારે તથા અવશ્ય છે તેની તમને યાદ દેવડાવવી, એ અમારૂં કર્તવ્ય છે. ખ્રીસ્તની સુવાર્તાનો સેવક થવા માટે તમે તેડાએલા છો, રાજાઓના રાજાનો એલચી થવા સારૂ તમે નિમાયા છો, વધસ્તંભે જડાએલા ખ્રીસ્તના વિજયની ખુશખબર એ તમારો સંદેશો છે. મિલાપનું વચન તમને સોંપવામાં આવ્યું છે.

તેટલાજ માટે પરમેશ્વર આગળ તથા જીવતાઓના તથા મુએલાઓના ન્યાય કરનાર ખ્રીસ્ત ઇસુ આગળ હું તમને ચેતવણી આપું છું કે પોતા સંબંધી તથા તમારા હાથમાં સોંપેલા ટોળા સંબંધી સાવધાન રહો. પરાણે નહિ પણ પ્રભુ ઇસુ પરની પ્રીતિને લીધે તે ટોળાનું સંભાળથી પાળણ કરો. તારનારના ખરા દાસ તથા એલચીને શોભે તેવી ચાલ ચાલીને સાધુશીળપણાએ તથા શુદ્ધતાએ જીંદગી ગુજારો. તમારા ભાઈઓ પર હકુમત કે જુલમભર્યો અખત્યાર ધારણ કરશો મા; વિપત્તિમાં નિરાશ ન થાઓ, પણ ભવિષ્યવાદીઓ, પ્રેરિતો તથા વિશેષે કરીને પ્રભુ ઇસુના નમુના ભણી દૃષ્ટિ કરીને સંભારો કે તેઓએ સેવા કરવામાં વિરૂદ્ધતા, તુચ્છકાર, સતાવણી તથા મરણ સહન કર્યાં. જગતને પાપ વિષે ઇન્સાફ તથા ન્યાયચુકાદાના સંબંધમાં ઠપકો દેતાં માણસની બીક ન રાખો; તમારી સેવાનું કોઈ પણ કામ સફળ થાય તો ગર્વથી ફુલી ન જાઓ; એ શુભ પરિણામ જાણે તમારા પોતાના સદ્ગુણ, ઉદ્યોગ કે સાવધાનીથી ઉપજતું હોય એમ અભિમાની ન થાઓ, પરંતુ પ્રેરિતનું આ વાક્ય નિરંતર ધ્યાનમાં રાખો કે, "તું પામ્યો નહિ એવું તારૂં શું છે? પણ જો તું પામ્યો તો જેમ પામ્યો ન હોય તેમ તું કેમ અભિમાન કરે છે?" દુઃખિતોને દિલાસો દો, ગરીબોની મદદ કરો, તેમ બીજાઓને તેમને મદદ કરવાનો બોધ આપો. આ જીંદગીનાં વાનાં વિષે ચિંતાતુર ન થાઓ, પણ પ્રભુ પોતાનો પવિત્ર આત્મા અધિકાધિક દે એવી આગ્રહતાથી પ્રાર્થના કરો. છેલ્લે, આ પવિત્ર હોદ્દામાં રહીને એવી સુબુદ્ધિથી વર્તો કે તમારી સેવાથી પરમેશ્વરનો મહિમા થાય. એમ તમે

જય પામીને પ્રભુ ઇસુ ખ્રીસ્ત મહિમામાં પ્રગટ થશે ત્યારે તેના વચન મુજબ મુગટ પામશો. પ્રભુનો સર્વશક્તિમાન આત્મા તમને તથા અમ સર્વને અંત સુધી સહાય આપો. આમેન.

[મંડળીના લોકને બોધ.

......મંડળીના પ્રિય સભાસદો, તમારા પાળકે જે ગંભીર માનતાઓ લીધી છે તેના તમે સાક્ષી છો. ને તમારી મધ્યે કામ કરનાર પ્રભુના સેવક તરીકે તેને શિર જે જુમ્મો રહેલો છે તેની વિગત તમે સાંભળી છે. હવે યથાશક્તિ તેની મદદ કરવી, એ તમારી માનયુક્ત ફરજ છે. કામનો બોજો ઉપાડવામાં તમે તેની મદદ કરો તો તેને તે હલકો લાગશે. તેના કામ પર સહાનુભૂતિયુક્ત ધ્યાન ધરો તો તે તેને આનંદદાયક જણાશે. ને તેના હકમાં આગ્રહથી પ્રાર્થના કરો તો તેની સેવા સફળ નીવડશે, એવું છે. ખ્રીસ્ત ઇસુમાં તે અમારો ધર્મસેવક છે એમ જાણીને તેને ઘટતું માન આપો, એવો હું તમને બોધ આપું છું. તે જે ધર્મોપદેશ કરે તેનું ધ્યાનપૂર્વક શ્રવણ કરીને તેની પાસેથી ઐશ્વરી આશીર્વાદ તથા સલાહ શોધો. તથા પ્રાર્થનામાં તેને માટે ઉત્તમ આકાશી આશીર્વાદો યાચીને તેને ટેકો આપો, ને જ્યારે અડચણો તથા નિરાશાયુક્ત પ્રતિબંધો આવે ત્યારે તેને બનતું આશ્વાસન કરીને તેના હમેશ સહાયકારીઓ નીવડો. તેને માટે તેમ પોતાને માટે પવિત્ર આત્માની વૃષ્ટિની રાહ જોતા રહેજો. એ માટે કે કૃપાનો સમય રહે ત્યાં લગી પ્રભુની ઇચ્છાનું જ્ઞાન અને તે ઇચ્છા પૂર્ણ કરવાનું બળ તમને આપવામાં આવે.]

બોધ પૂર્ણ થયા પછી પ્રમુખ નવા પાળક તથા તેને સોંપેલી મંડળીના હકમાં પ્રાર્થના કરાવે.

૧૭. પાળક તથા મંડળીના હકમાં પ્રાર્થના.

હે અતિ દયાળુ પિતા, અમે તારી વિનંતી કરીએ છીએ કે તું આ તારા સેવક ઉપર તારો આકાશી આશીર્વાદ મોકલી તેને તારા પવિત્ર આત્માથી એવો ભરપૂર કરે કે તે જે તારી વાત પ્રગટ કરે તે કદી નિષ્ફળ ન થાય પણ સદા સફળ નીવડે. તે સર્વ સહનશીળપણામાં તથા ઉપદેશમાં ઠપકો દે, ધમકાવે તથા બોધ કરે, એવું તું કર. તે

અબળોને ટેકો આપે, માંદાઓને સાજાપણું પમાડે, હૃદયભંગિતોને દિલાસારૂપી પાટા બાંધે, ભટકનારાઓને પાછા લાવે અને ખોવાએલાઓને શોધે, એવી તેને સુબુદ્ધિ આપ. તારા પરાક્રમના સામર્થ્યે કરીને તું તેને એવો બળવાન કર કે તે સદા તારા ટોળા પ્રત્યે નમુનારૂપ થાય. વિશ્વાસુ તથા શાણો ચાકર નીવડીને તે તારા ઘરનાંઓને યોગ્ય સમયે અન્ન આપે, એવું માગીએ છીએ.

[વળી તેને સોંપેલી મંડળીના લોકોના હકમાં માગીએ છીએ કે તારા પવિત્ર શાસ્ત્રમાંની જે વાતો તે તેમની આગળ પ્રગટ કરશે તે સાંભળવા તથા સ્વીકારવા સારૂ તેઓ જોઈતી કૃપા પામે, ને એમ તેઓની સર્વે વાતો તથા કરણીઓમાં તેઓ તારો મહિમા દર્શાવવાની તથા તારૂં રાજ્ય વધારવાની કોશિશ કરે. વળી અમ સર્વેને તારી કૃપાયુક્ત આશિષથી એવા ભરપૂર કર કે મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો ન ચિમળાનાર મુગટ પામીએ.]

ઓ આકાશમાંના અમારા બાપ, ઇત્યાદિ.

પ્રાર્થના પૂરી થાય ત્યારે બધા ઊભા થઇ ગીત ગાતાં પરમેશ્વરની સ્તુતિ કરે.

૧૮. સ્તોત્રગાયન.

આશીર્વચન ઉચ્ચારીને પ્રમુખ દીક્ષાક્રિયા સમાપ્ત કરે.

૧૯. આશીર્વચન.

હવે, શાંતિનો દેવ, જે સર્વકાળના કરારના લોહીથી ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઈસુને મરી ગએલાંમાંથી પાછો લાવ્યો, તે તમને હરેક સારા કામને સારૂ એવા પુરા કરે કે તમે તેની ઇચ્છા પ્રમાણે કરો, ને તેની દૃષ્ટિમાં જે સંતોષકારક છે, તે આપણામાં ઈસુ ખ્રીસ્તને લીધે કરાવે; તેને સદા સર્વકાળ ગૌરવ થાઓ. આમેન.

અથવા—

પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા, દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

દીક્ષિત થએલા પાળકની પ્રતિષ્ઠાપના ક્રિયા.

દીક્ષા પામેલા કોઇ પાળકની બીજી મંડળીમાં બદલી થતી હોય ત્યારે પાળકની **દીક્ષાક્રિયાને** માટે જે અનુક્રમણિકા સુચવવામાં આવી છે તે મુજબ "પાળકપદ વિષેના બોધ" સુધી (એટલે નંબર ૧ થી તે ૯ સુધી) ક્રિયા કરાવવી. એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે "આમંત્રણ વિષેની હકીકત"માં સહેજ શબ્દફેર કરવાની જરૂર પડશે.

ત્યાર બાદ નીચે લખેલા પ્રશ્નો પાળકને પુછવામાં આવે :—

(૧) આ મંડળીનું આપેલું આમંત્રણ સ્વીકારતી વેળાએ તમે પાળક તરીકે તેની દેખરેખ કરવાની કબુલાત આપી હતી, તે મુજબ તમે તેની સંભાળ લેવા રાજી છો?

જવાબ—હા, હું રાજી છું.

(૨) તમારૂં અંતઃકરણ તપાસવાથી તમે ખરા ભાવથી માનો છો તથા જાહેર કરો છો કે ઇશ્વરનો મહિમા તથા તેની મંડળીનું હિત વધારવાની નિષ્કપટ ઇચ્છાના કારણથી હું આ મંડળીની દેખરેખનું કામ માથે લઉં છું?

જવાબ—હા, હું એવું માનું છું તથા જાહેર કરૂં છું.

(૩) ઇશ્વરકૃપાની સહાયથી તમે આ મંડળીના પાળકની બધી ફરજો વિશ્વાસુપણાએ અદા કરવા સારૂ પ્રયત્ન કરવાનું વચન આપો છો?

જવાબ—હા, હું એવું વચન આપું છું.

પાળકની દીક્ષા [તથા પ્રતિષ્ઠાપન] ક્રિયાના નમુનામાં મંડળીના લોકને પુછવા માટે જે પ્રશ્નો સુચવેલા છે, તેજ આ પ્રસંગે પણ મંડળીને પુછવામાં આવે.

બધા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવે ત્યાર બાદ પ્રમુખ એવું ઉચ્ચારે કે,

પ્રભુ ઇસુને નામે તથા આ પ્રેસ્બિટરીને આપેલા અધિકારથી અમે અત્યારે જાહેર કરીએ છીએ કે પાળક તરીકે આ મંડળીની સંભાળ કરવાને અર્થે તમે............રીતસર પ્રતિષ્ઠાપિત થએલા છો.

પછી **આશીર્વચન** ઉચ્ચારીને બોલે,

પ્રભુ પિતા, પુત્ર તથા પવિત્ર આત્માથી કૃપા, દયા તથા શાંતિ સર્વકાળ સુધી તમારી સાથે રહે. આમેન.

ત્યાર બાદ ક્રિયાના બાકી રહેલા ભાગ મુજબ (પાળકની દીક્ષા ક્રિયામાંના નંબર ૧૫—૧૯ મુજબ) અનુક્રમે કરવામાં આવે, એટલે :—

સ્તોત્રગાયન.
પાળકને તથા મંડળીને બોધ.
પાળક તથા મંડળીના હકમાં પ્રાર્થના.
સ્તોત્રગાયન.
આશીર્વચન.

વડીલોની દીક્ષાક્રિયા.

વડીલોની દીક્ષાક્રિયાની અનુક્રમણિકા.

વડીલોને દીક્ષિત કરવાની ખાસ ક્રિયા પહેલાં ભજનસેવા કરવામાં આવે. તત્પ્રસંગે નીચે આપેલી અનુક્રમણિકા યોગ્ય જણાશે.

૧. શાસ્ત્રવાક્યો.
૨. પ્રાર્થના.
૩. સ્તોત્રગાયન.
૪. શાસ્ત્રવાંચન.
૫. પ્રાર્થના.
૬. સ્તોત્રગાયન.
૭. બોધભાષણ.
૮. પ્રકાશ તથા સુબુદ્ધિને માટે પ્રાર્થના.
૯. ચુંટણી વિષેની હકીકત તથા વડીલના હોદ્દા વિષે બોધદાયક ખુલાસો.
૧૦. દીક્ષા પામનારાને પ્રશ્નો પુછવા તથા તેમની સહી લેવી. મંડળીને પ્રશ્નો પુછવા.
૧૧. દીક્ષાની પ્રાર્થના તથા હાથ મૂકવાની ક્રિયા.
૧૨. હોદ્દો પામ્યાનું જાહેર વચન ઉચ્ચારવું તથા મિલાપનો જમણો હાથ આપવો.
૧૩. સ્તોત્રગાયન.
૧૪. નવા વડીલોને તથા મંડળીને બોધ.
૧૫. નવા વડીલો તથા મંડળીના હકમાં પ્રાર્થના.
૧૬. સ્તોત્રગાયન.
૧૭. આશીર્વચન.

ઐચ્છિક ઉપયોગને માટે નમુના.

ગુજરાત તથા કાઠિયાવાડની પ્રેસ્બિટેરીનો એવો નિયમ છે કે વડીલોની દીક્ષા પ્રેસ્બિટેરીથીજ થાય.

૧—૭. સઘળી ઠરાવેલી રીતિઓ પૂરી કર્યા પછી આગળથી મુકરર કરેલે દિવસે વડીલસભાના સભાસદો સંઘાતે દેવળમાં પ્રવેશ કરી પ્રભુભોજનની મેજ પાસે ગોઠવેલી બેઠકોએ બેસે. વડીલસભા રીતસર ઉઘાડવામાં આવ્યા પછી જે પાળક તત્સંબંધી નિમાયો હોય તે ભજનસેવા કરાવે. આ ભજનસેવા વેળાએ પવિત્ર શાસ્ત્રનાં નીચે સુચવેલાં પ્રકરણો (અથવા તેના જેવાં બીજાં પ્રકરણો) વાંચવામાં આવે:—

હઝકીએલ ૩૩; ૧—૯. લુક ૧૨; ૩૫—૪૮.

બોધ સમાપ્ત થયા પછી પ્રમુખપદે બિરાજનાર પાળક એવું ઉચ્ચારે કે

પ્રાર્થના કરીએ.

તે વેળાએ સઘળા આદરભાવે ઘુંટણ ટેકવે ત્યારે પ્રમુખ પ્રકાશ તથા સુબુદ્ધિને માટે પ્રાર્થના કરાવે.

૮. પ્રાર્થના.

હે સર્વસમર્થ પરમેશ્વર, આજે અમે જે તારી વાત અમારે કાને સાંભળી છે તે તારી કૃપાથી અમારાં અંતઃકરણમાં એવી રીતે રોપાય કે, તારા નામની માનયુક્ત કીર્તિને અર્થે, અમારામાં સુચાલરૂપી શુભ ફળ નીપજે.

તારા ઠરાવ મુજબ આ જે તારા ટોળા પર વડીલોને દીક્ષિત કરવા માટે અમે ભેગા થએલા છીએ તેમને તું કૃપાદૃષ્ટિએ નીહાળ, ને આ પ્રસંગે અમને સુબુદ્ધિ આપીને એવી રીતે દોરી જા કે અમારી ભજનસેવા તને માન્ય થાય, ને તારા આ સેવકો પોતાની પદવી તથા સેવાને અર્થે તારૂં તેડું પામીને હમેશાં તારો મહિમા તેમ તારી મંડળી તથા તારા લોકનું હિત શોધ્યા કરે. અમારા પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે માગીએ છીએ. આમેન.

ત્યાર બાદ પ્રમુખ (અથવા પ્રમુખની ગેરહાજરીમાં તેની જગ્યાએ બિરાજનાર પાળક) ચુંટણી વિષેની હકીકત વાંચી સંભળાવે. તેમાં આ દીક્ષાક્રિયા કરવાનો ઠરાવ પ્રેસ્બિટેરીએ શાં શાં કારણથી કર્યો તેનું ટુંક વર્ણન કરે.

૯. હકીકત તથા ખુલાસો.

પ્રિય ભાઇઓ, આ મંડળીને પોતાની સુવ્યવસ્થાને અર્થે વડીલોને વધારવા [ઠરાવવા]ની અગત્ય જણાયાથી તે વિષે પ્રેસ્બિટેરીની મંજુરી મેળવીને નવા હોદ્દેદારની ચુંટણી કરી છે, તે પ્રસંગે.................

(પ્રમુખ ચુંટી કાઢેલા ભાઇઓનાં નામ કહી સંભળાવે.)

......એટલા ભાઇઓને ચુંટી કાઢવામાં આવ્યા. આ ભાઇઓની ચાલ અથવા તેમના માનેલા મત વિષે કોઇ સપ્રમાણ વાંધો લેવામાં આવ્યો નથી, ને આ હોદ્દાને માટે તેમની લાયકીના સંબંધમાં મંડળીના લોકોને ખાતરી થવાથી તેઓએ તેમને વડીલપદ પામવા પસંદ કીધા છે. પ્રેસ્બિટેરીએ એ પસંદગી મંજુર રાખી છે, ને હવે પ્રેસ્બિટેરીને સોંપેલા અધિકારથી આ ભાઇઓને વડીલની દીક્ષા આપીને સ્થાનિક સભાના સભાસદો તરીકે તેમનો અંગીકાર કરવાને અર્થે અત્રે ભેગા થએલા છીએ. તથાપિ તેમની દીક્ષાક્રિયા થાય ત્યાર પહેલાં તેઓએ મંડળીના ઠરાવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવા જોઇએ.

આ હકીકત પછી પ્રમુખ વડીલના હોદ્દા વિષે ઇશ્વરદત્ત શાસ્ત્ર શું શિખવે છે તેનો ટુંક બોધદાયક ખુલાસો આપે.

પરંતુ પ્રથમ આ હોદ્દાને લગતી ફરજો વિષે હું તમને યાદ દેવડાવવા ચાહું છું. પીતર પ્રેરિત પોતાના લખેલા પહેલા પત્રમાં લખે છે કે,

તમારામાં જે વડીલો તેઓનો હું સાથી વડીલ તથા ખ્રીસ્તનાં દુ:ખોનો સાક્ષી તથા પ્રગટ થનાર મહિમાનો ભાગિયો છતાં વિનંતી કરૂં છું કે, દેવનું જે ટોળું તમારામાં છે તેનું પ્રતિપાલન કરો, અધ્યક્ષનું કામ અગત્યને લીધે નહિ પણ ભાવથી કરો. અને વતન પર ધણીપણું કરનાર જેવો નહિ, પણ તમે ટોળાના નમુના થાઓ. અને મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો ન ચિમળાનાર મુગટ તમે પામશો. ૧ પીત. ૫; ૧–૪.

તેવોજ બોધ પાઉલ પ્રેરિત એફેસસની મંડળીના વડીલોને આપે છે:—

તમે પોતા સંબંધી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો ઠરાવ્યા છે તે સંબંધી સાવધાન રહો; એ માટે કે દેવની મંડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી તેનું તમે પાળણ કરો. કેમકે હું જાણું છું કે, મારા ગયા પછી ટોળા પર દયા નહિ રાખે એવા ક્રૂર વરૂઓ તમારામાં પેસશે; અને તમારામાંના પણ કેટલાએક માણસો ઉઠીને શિષ્યોને પોતાની પછવાડે ખેંચી લઈ જવા માટે અવળી વાતો બોલશે. એ સારૂ તમે સાવધાન રહો, ને યાદ રાખો કે ત્રણ વરસ લગી રાત દિવસ આંસુઓ સુદ્ધાં દરેકને બોધ કરવામાં હું ચુક્યો નહિ. અને હવે હું તમને દેવને તથા તેની કૃપાની વાત જે તમને દૃઢ કરવાને, તથા સર્વ પવિત્ર થએલાઓમાં તમને વારસો આપવાને સમર્થ છે તેને સોંપું છું. પ્રે. કૃ. ૨૦; ૨૮–૩૨.

હવે હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના અધિકારથી ઠરાવેલા પ્રશ્નોના જવાબ તમારે આપવા.

ત્યારે દીક્ષા પામનારા ઉઠી ઉભા રહે ને પ્રમુખ તેમને ઠરાવેલા પ્રશ્નો પૂછે.

૧૦. પ્રશ્નો.

(૧) જે શાસ્ત્ર જુનો તથા નવો કરાર કહેવાય છે તે ઈશ્વરદત્ત વચન છે, અને શ્રદ્ધા તથા સદાચારનો અચૂક નિયમ છે, એવું તમે માનો છો?

જવાબ—હા, હું એમજ માનું છું.

(૨) હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત વચનને આધારે રચાએલું તથા તેને અનુસરતું છે, એવું માનીને તમે તેનો સ્વીકાર કરો છો, અને તે વિષે કબુલાત આપો છો કે તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે?

જવાબ—હા, તેને સ્વીકારીને એવી કબુલાત આપું છું.

(૩) આ મંડળીનું બંધારણ તથા કાનુનો ખરા મનથી સ્વીકારીને હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના વડીલ તરીકે તમારી સઘળી ફરજો વિશ્વાસુપણાથી અદા કરવાનું વચન આપો છો?

જવાબ—હા, મંડળીના નિયમો સ્વીકારીને એવું વચન આપું છું.

(૪) તમારૂં અંતઃકરણ તપાસવાથી તમે ખાતરીપૂર્વક કહી શકો છો કે ઇશ્વર પરની પ્રીતિ તથા મનુષ્યોના તારણની અભિલાષા, એ આ હોદ્દો સ્વીકારવાના તમારા મુખ્ય હેતુ છે?

જવાબ—હા, મારા અંતઃકરણપૂર્વક ધાર્યા પ્રમાણે એજ મારા મુખ્ય હેતુ છે.

(૫) આ નિમણુક કરાવવા સારૂ તમે જાતે, કે બીજા કોઇની મારફતે, કોઇ પણ પ્રકારના અયોગ્ય સાધનનો ઉપયોગ કર્યો છે?

જવાબ—ના, મેં એવા કોઇ પણ સાધનનો ઉપયોગ કર્યો નથી.

(૬) પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા પર આધાર રાખીને તમારી સઘળી ખાનગી, વ્યાવહારિક તથા હોદ્દાને લગતી ફરજો અદા કરવામાં વિશ્વાસુ તથા ખંતીલા રહીને નિર્દોષ તથા નમુનારૂપી જીંદગી ગુજારવાનું વચન આપો છો?

જવાબ—હા, હું એવું કરવાને બંધાઉં છું.

ત્યારે દીક્ષા પામનારા નીચે લખેલી કબુલાત પર સહી કરે.

હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું ઇશ્વરદત્ત શાસ્ત્રને આધારે રચાએલું તથા તેને અનુસરતું છે, એમ માનીને હું તેનો સ્વીકાર કરૂં છું, ને તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે, એવી કબુલાત આપું છું.

ત્યારબાદ મંડળી દીક્ષા પામનારાઓનો અંગીકાર કરે છે કે નહિ, તે વિષે નીચે મુજબ પ્રશ્નો પુછવામાં આવે.

મંડળીને પુછવાના પ્રશ્નો.

આ..........ની મંડળીના સભાસદો તથા અન્ય ખ્રીસ્તીઓ, તમે આ ભાઇઓને વડીલ તરીકે કબુલ કરો છો તથા સ્વીકારો છો? વળી તેમને ઘટતું માન તથા ઉત્તેજન આપીને તમે પ્રભુમાં તેમને પ્રત્યે આજ્ઞાંકિત રહેવાનું વચન આપો છો?

જો તેમનો સ્વીકાર કરીને એવું વચન આપતા હો તો મહેરબાની કરીને ઊભા થઇને તમારી સમ્મતિ જાહેર કરો.

પુછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવે ને કબુલાતની સહી કરવામાં આવે ત્યાર પછી દીક્ષા પામનારા ઘુંટણ ટેકવે. પ્રમુખ તેમની આગળ ઊભો રહે, ને તેની બન્ને બાજુએ પ્રેસ્બિટેરીના સભાસદો ઊભા રહે, એવી ગોઠવણ થયા પછી પ્રમુખ દીક્ષાની પ્રાર્થના કરાવે.

૧૧. દીક્ષાની પ્રાર્થના.

હે સર્વશક્તિમાન પરમેશ્વર, તું એકલો સર્વ સારાં વાનાંના ઝરારૂપ છે, માટે અમે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ કે પૃથ્વી પરની તારી મંડળીની સંગત તેમ કૃપા પમાડનારાં સર્વ વિધિઓ તથા સાધનો તેં અમને આપ્યાં છે. આ પ્રસંગે અમે તારો વિશેપ આભાર માનીએ છીએ કે ખ્રીસ્તે તારે જમણે હાથે ઊંચો કરાઇને માણસોને સારૂ દાન મેળવ્યાં છે, ને તેણે પવિત્રોની સંપૂર્ણતા કરવાને અર્થે, સેવાના કામને સારૂ ખ્રીસ્તના શરીરના સંસ્થાપન કરવા માટે કેટલાએક વચનના સેવક ને કેટલાએક અધ્યક્ષો તથા ટોળાના પાળકો આપ્યા.

અમારી સાથે આ સેવામાં ભાગ લેવા માટે આ જે તારા દાસો તેં આ મંડળીને આપ્યા છે, ને જેઓનાં મનમાં આ તેડું માનવાનો ભાવ તેં ઉપજાવ્યો છે, તેમને લીધે અમે અત્યારે તારો આભાર માનીએ છીએ;

અને હવે પ્રભુ ઇસુ ખ્રીસ્ત જે મંડળીનો રાજા તથા શિરપતિ છે તેને નામે

(આ ટાણે પ્રમુખ તથા પ્રેસ્બિટેરીના અન્ય સભાસદો દીક્ષા પામનારાઓનાં શિર પર હાથ મૂકે.)

અમે તેમને તને તથા તારી કૃપાની વાતને સોંપીને તારી મંડળીમાં વડીલપદની દીક્ષા આપીએ છીએ. અહીંના તારા ટોળાની સંભાળ તથા દેખરેખ કરવાને તેઓ યોગ્ય થાય માટે તારા આત્માનો બમણો હિસ્સો તેમના પર આવે. તેઓ સર્વે વિશ્વાસ કરનારાઓ પ્રત્યે વાત તથા ચાલમાં, પ્રીતિ, વિશ્વાસ તથા શુદ્ધતા વિષે નમુનારૂપે થાય, એવું તું કર.

શી રીતે ખ્રીસ્તને સારૂ આત્માઓને બચાવવા, અબળોને ટેકો આપવો, ભટકેલાઓને પાછા લાવવા અને ટોળાનાં બચ્ચાંનું પાળણ કરવું, એ તું તેમને શિખવ; ને અંતે મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો ન ચિમળાનાર મુગટ તેઓ પામે, એવી તું તેમના પર કૃપા કર.

અમારા આકાશવાસી પિતા, અમે તારી વિનંતી કરીએ છીએ કે આ મંડળીના સર્વ સભાસદો પર તું તારો એવો કૃપાયુક્ત આશીર્વાદ રેડ કે તેઓ આનંદથી તારા આ સેવકોને સ્વીકારીને પ્રભુમાં મંડળી પર ઠરાવેલા અધ્યક્ષો તરીકે તેમને આધીન થાય. તેઓના કામને લીધે તેઓ પ્રેમમાં તેઓને અતિ ઘણું માન આપે, ને જે વડીલો સારી રીતે અધિકાર કરે છે તેઓને બમણા માન યોગ્ય ગણીને તેઓ ખ્રીસ્તને અનુસરે છે તેમ તેમને અનુસરે.

હવે અમે માગીએ કે કલ્પીએ તે કરતાં જે અમારામાં કરેલા સામર્થ્ય પ્રમાણે અમોને ઘણું પુષ્કળ કરી શકે છે, તેને ખ્રીસ્ત ઇસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી દર પેઢી મહિમા થાઓ. આમેન.

નવા દીક્ષિત થએલા વડીલો ઉઠી ઊભા રહે, ને પ્રમુખ તેમને રીતસર વડીલપદ પામેલા જાહેર કરે.

૧૨. વડીલપદ પામ્યાનું જાહેર વચન.

પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામમાં તથા તેણે જે પોતાની મંડળીને અધિકાર આપ્યો છે તેથી અમે જાહેર કરીએ છીએ કે તમે વડીલપદ પામવા દીક્ષિત થયા છો, ને આ મંડળીમાં તે હોદ્દાનો તથા તેને લગતા સઘળા હક તથા અધિકારનો ઉપયોગ કરવા સારૂ નિમાયા છો.

ત્યાર પછી મિલાપનો જમણો હાથ આપવામાં આવે. પ્રથમ પ્રમુખ ને પછી પ્રેસ્બિટેરીના અન્ય સભાસદો અનુક્રમે નવા વડીલોને હાથ આપે. હાથ આપતાં પ્રમુખ એવું ઉચ્ચારે કે,

અમે તમને મિલાપનો જમણો હાથ આપીએ છીએ, ને એમ ખ્રીસ્તની તથા અહીંની તેની મંડળીની સેવામાં અમારી સાથે ભાગ લેવા માટે તમારો અંગીકાર કરીએ છીએ.

બધા સભાસદો હસ્તમિલાપ કરે ત્યાર પછી પ્રમુખ નીચે મુજબ આશીર્વચન ઉચ્ચારીને ઇશ્વરની આશિષ યાચે :—

પ્રભુ તમને આશીર્વાદ આપો ને તમારૂં રક્ષણ કરો ;

પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તમારા પર પાડો ને તમારા પર કૃપા કરો ;

પ્રભુ પોતાની રહેમનજર તમારા પર રાખો ને તમને શાંતિ આપો.

સભામાંનાં સઘળાં ઊભાં રહીને ગીત ગાતાં પરમેશ્વરની સ્તુતિ કરે.

૧૩. સ્તોત્રગાયન.

ત્યાર બાદ પ્રમુખ (અથવા તો ક્રિયાનો આ ભાગ લેવાને માટે આગળથી ઠરાવેલો પાળક) સિંહાસન ઉપર ઊભો રહીને નવા દીક્ષિત થએલા વડીલોને તથા મંડળીને ગંભીર બોધ કરે. આ વેળા નવા વડીલો ઊભા રહે.

૧૪. બોધ.

પ્રિય ભાઇઓ, આ ક્રિયામાં વડીલના હોદ્દાને લગતી ફરજો વિષેની હકીકત કરવામાં આવી છે, ને હાલ તમે એ હોદ્દો પામ્યા છો માટે હું તમને ચેતવણી આપું છું કે, સદરહુ ફરજો તમે યોગ્ય રીતે અદા કરી શકો માટે જોઇતાં કૃપાદાનો શોધવાં. અંતે હિસાબ આપવો પડશે એમ જાણીને બુદ્ધિમાન કારભારીઓ તરીકે તમે તમારો કારભાર પૂરો કરવાને સાવધાન રહો. યાદ રાખો કે જે કોઇને ઘણું આપેલું છે તેની પાસેથી ઘણું માગવામાં આવશે. પ્રભુના ઘરમાં થતી ભજનસેવા વેળાએ નિયમસર હાજર રહો, ને બનતા સુધી પ્રભુનું ભજન કરનારાઓની આસ્થા ઉત્તેજિત કરો. તમારા પાળકના હાથોને ટેકો આપો, ને આ મંડળીને અર્થે તેની જે પ્રાર્થના તથા મહેનત તેમાં તેને નિભાવવા સારૂ બનતી કોશિશ કરો.

મંડળીની સુવ્યવસ્થા રાખવામાં સ્થાનિક સભાના સભાસદ તરીકે તમારે શિર આવેલા જુમ્માનો અંગીકાર કરો. પાઉલ પ્રેરિતની આ વાત યાદ રાખો,—"પાપ કરનારાઓને સઘળાની આગળ ધમકાવ, એ સારૂ કે બીજાને પણ બીક લાગે," ને શિક્ષા ઠરાવવામાં તમે જે કંઇ કરો છો તેમાં જે પ્રીતિ "સઘળું ખમે છે, સઘળું ખરૂં માને છે, સઘળાની આશા રાખે છે, સઘળાનું સહન કરે છે," તેવી પ્રીતિ નિત્ય દર્શાવો.

સ્થાનિક સભામાં ભાગ લેશો ત્યારે તમારા સઘળા મનસુબામાં પ્રભુ તમારો માર્ગદર્શક થાય, એવું નિત્ય માગો, ને મંડળીની ઉપલી સભાઓમાં તમે તમારા ભાઈઓના પ્રતિનિધિ તરીકે જશો ત્યારે જ્ઞાનના આત્માનો બમણો હિસ્સો તમારા પર રહે.

વિશેષે કરીને પવિત્રાઈનો આત્મા તમારી સાથે રહીને તમારી મારફતે એવી રીતે કાર્યકારક થાય કે ઇસુ ખ્રીસ્તને ખરી રીતે અનુસરનારા તથા તેના ટોળાને નમુનારૂપ એવા તમે થાઓ.

વળી તમો મંડળીના સભાસદોને બોધ આપું છું કે આજે જે વડીલો દીક્ષિત થયા છે તેમને તેમના હોદ્દાની સઘળી ફરજો અદા કરવામાં ટેકો આપો. એમ કરતાં તમે પણ પ્રભુના સેવકો હરી તેની સન્મુખ તેના લોક તરીકે માન્ય થશો. કેમકે જેમ આપણને એક શરીરમાં ઘણાં અંગો છે, ને સઘળાં અંગોને એકજ કામ નથી, તેમ ખ્રીસ્તમાં આપણે ઘણાં છતાં એક શરીર છીએ ને માહોમાંહે એકમેકનાં અંગો. આપણને જે કૃપા પ્રાપ્ત થએલી છે તે પ્રમાણે જુદાં જુદાં કૃપાદાનો મળ્યાં છે; તેથી જો ભવિષ્ય કહેવાનું તો વિશ્વાસના માપ પ્રમાણે કહેવું; અથવા જો સેવાનું તો સેવામાં લાગુ રહેવું. વળી જે સુબોધ કરનાર તેણે સુબોધ કરવામાં લાગુ રહેવું; જે બીજાને કંઈ આપે છે તેણે ઉદારતાથી આપવું; જે અધિકાર કરે છે તેણે આતુરતાથી કરવો; ને જે દયા કરે છે તેણે ખુશીથી કરવી. જે ભુંડું છે તેનો તમે દ્વેષ કરો, જે સારૂં છે તેને વળગી રહો. ભાઈ પરના પ્રેમે કરીને એકમેક ઉપર પ્રીતિ કરનારા, માન સંબંધી એક બીજાને શ્રેષ્ઠ ગણનારા, આતુરતામાં આળસ વગરના, આત્મામાં હોંશીલા; પ્રભુની સેવા કરનારા, એવા થાઓ.

બોધ થઇ રહ્યા પછી પ્રમુખ દીક્ષા પામેલા નવા વડીલોના હકમાં તેમ મંડળીના હકમાં પ્રાર્થના કરાવે.

૧૫. પ્રાર્થના.

હે પરમેશ્વર, અમારા આકાશવાસી પિતા, અમે તારા પવિત્ર નામની સ્તુતિ કરતાં તારો આભાર માનીએ છીએ કે તારી મંડળીના સંસ્થાપનને અર્થે અને તેને શાંતિમાં તથા આબાદીમાં રાખવા માટે તેમાં તારા વચનના સેવકો, તેમ અધિકાર કરનારાઓ તથા સહાયકારીઓને

કરાવવા એ તને પસંદ પડયું. તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ કે અહીંની મંડળીમાં તેં અમોને તારા પવિત્ર આત્માનાં કૃપાદાનથી વેષ્ટિત થએલા સુકીર્તિમાન માણસો આપ્યા છે; ને માગીએ છીએ કે એવાં દાનો (એટલે સુબુદ્ધિ, ધીરજ, ડાહપણ, હિમ્મત, વિવેક તથા ઉદારતારૂપી દાનો) તું તેઓ પર અધિકાધિક રેડી દે. તેથી કરીને તેઓ અસત્યના ફેલાવાને અટકાવી શકે ને આડા ચાલનારાઓને ઠપકો આપવામાં તથા તારા લોકોને (ને વિશેષે કરીને તારા દરિદ્રી તથા દુઃખિત લોકોને) શિક્ષણ તથા દિલાસો દેવામાં શક્તિમાન થાય. વળી તારા સેવકો વારંવાર જગતની વિરૂદ્ધતા તથા સતાવણીને લીધે પરખાય અને પોતાના અપરાધ તથા અપૂર્ણતાને લીધે નિરાશ થાય, ને એમ સારૂં કરતાં થાકી જવાનું પરીક્ષણ થાય, એવો સંભવ હોવાથી અમે તારી વિનંતી કરીએ છીએ કે તેઓ પોતાના વિશ્વાસનું કામ તથા પ્રેમની મહેનત કરવામાં ટકી રહે, માટે તું તેમને તારી કૃપા આપ. તેઓ દેવનાં સર્વ હથિયારો એવી રીતે સજે કે નિરંતર વિશ્વાસની સારી લડાઈ લડતાં તેઓ ભુંડે દહાડે અટકાવી શકે ને સર્વ કરીને ઊભા રહી શકે.

વળી અમે માગીએ છીએ કે આ મંડળીના સર્વ સભાસદોને તું તારી એવી કૃપા આપે કે તેઓ આજે હોદ્દો પામેલા ભાઈઓના પવિત્ર અધિકારને આધીન થઈ તેઓના કામને લીધે પ્રેમમાં તેઓને અતિ ઘણું માન આપે, ને એમ તારૂં પવિત્ર નામ બુલંદ મનાય ને તારા પુત્ર ઈસુ ખ્રીસ્તનું રાજ્ય વૃદ્ધિ પામે. તેને તથા, હે પિતા, તને તથા પવિત્ર આત્માને ગૌરવ, સત્તા તથા પરાક્રમ હાલ તથા યુગેયુગ સર્વકાળ સુધી હોજો. આમેન.

પ્રાર્થના સમાપ્ત થયા પછી મંડળીના લોકો ઊભા થઇ ગીત ગાતાં ઇશ્વરસ્તુતિ કરે.

૧૬. સ્તોત્રગાયન.

આશીર્વચનથી ક્રિયા સમાપ્ત કરવામાં આવે.

૧૭. આશીર્વચન.

પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. આમેન.

વડીલની પ્રતિષ્ઠાપના કરવાની ક્રિયા.

અધિકારી વડીલ બીજી મંડળીની હદમાં રહેવા જવાથી, અથવા રાજીનામું આપવાથી, સ્થાનિક સભા સાથેનો સંબંધ તોડે તો હોદ્દો ફરીથી રીતસર મેળવે ત્યાર પહેલાં તેની ચુંટણી થવી જોઇએ. ફરીથી ચુંટી કઢાયા પછી તે વિધિપૂર્વક પ્રતિષ્ઠાપિત થાય. વડીલની દીક્ષાક્રિયાને માટે જે અનુક્રમણિકા સુચવવામાં આવી છે તે મુજબ આ પ્રતિષ્ઠાપનક્રિયા "પ્રશ્નો" સુધી (એટલે નંબર ૧ થી તે ૧૦ સુધી) કરાવવી. એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે "ચુંટણી વિષેની હકીકત"માં સહેજ શબ્દફેર કરવાની જરૂર પડશે.

પ્રશ્નો પુછવામાં આવે ને સંતોષકારક જવાબ આપવામાં આવે ત્યાર પછી પ્રમુખ એવું ઉચ્ચારે કે,

પ્રભુ ઇસુ ખ્રીસ્તને નામે તથા મંડળીને સોંપાયલા તેના અધિકારથી અમે અત્યારે જાહેર કરીએ છીએ કે તમે આ મંડળીમાં વડીલના હોદ્દામાં પ્રતિષ્ઠાપિત થયા છો, ને તે હોદ્દાનો તથા તેને લગતા સઘળા હક તથા અધિકારનો ઉપયોગ કરવા સારૂ નિમાયા છો.

ત્યાર પછી મિલાપનો જમણો હાથ આપવામાં આવે. પ્રથમ પ્રમુખ ને પછી પ્રેસ્બિટેરીના અન્ય સભાસદો અનુક્રમે નવા વડીલને હાથ આપે. હાથ આપતાં પ્રમુખ એવું ઉચ્ચારે કે,

અમે તમને મિલાપનો જમણો હાથ આપીએ છીએ, ને એમ ખ્રીસ્તની તથા તેની અહીંની મંડળીની સેવામાં અમારી સાથે ભાગ લેવા માટે તમારો અંગીકાર કરીએ છીએ.

બધા સભાસદો હસ્તમિલાપ કરે ત્યાર પછી પ્રમુખ નીચે મુજબ આશીર્વચન ઉચ્ચારીને ઇશ્વરની આશિષ યાચે :—

પ્રભુ તમને આશીર્વાદ આપો ને તમારૂં રક્ષણ કરો ;

પ્રભુ પોતાના મુખનો પ્રકાશ તમારા પર પાડો ને તમારા પર કૃપા કરો ;

પ્રભુ પોતાની રહેમનજર તમારા પર રાખો ને તમને શાંતિ આપો.

ત્યાર બાદ ક્રિયાના બાકી રહેલા ભાગ મુજબ (વડીલોની દીક્ષાક્રિયામાંના નંબર ૧૩–૧૭ મુજબ) અનુક્રમે કરવામાં આવે, એટલે

સ્તોત્રગાયન.
પ્રતિષ્ઠાપિત વડીલને તથા મંડળીને બોધ.
પ્રતિષ્ઠાપિત વડીલના તથા મંડળીના હકમાં પ્રાર્થના.
સ્તોત્રગાયન.
આશીર્વચન.

સહાયકારીઓની દીક્ષાક્રિયા.

વડીલોની દીક્ષાક્રિયાની જે અનુક્રમણિકા તે મુજબ સહાયકારીઓની દીક્ષા ક્રિયા પણ કરવી. વળી વડીલોની દીક્ષાક્રિયાના જે ઐચ્છિક ઉપયોગને માટે નમુના આપેલા છે તેમાંના ઘણાખરા નમુના સહાયકારીની દીક્ષાક્રિયા વેળાએ પણ વાપરી શકાય. એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે "વડીલ" શબ્દ આવે ત્યાં "સહાયકારી" શબ્દનો ઉપયોગ કરવો. ઐચ્છિક નમુનાના જે ભાગમાં વિશેષ ફેર કરવાની જરૂર છે તે નંબર ૯ (બોધદાયક ખુલાસો), ૧૧ (દીક્ષાની પ્રાર્થના) તથા ૧૪ (નવા હોદ્દેદારો તથા મંડળીને બોધ) એટલા છે. સહાયકારીની દીક્ષા વેળાએ વપરાય, એવા સદરહુ પેટાભાગના યોગ્ય નમુના નીચે આપેલા છે.

વડીલોની દીક્ષાક્રિયાના નંબર ૧ થી તે ૮ સુધી, એટલા ભાગ સમાપ્ત થયા પછી પ્રમુખ નંબર ૯ માંની "હકીકત" આપ્યા પછી નીચે મુજબ ખુલાસો કરે:—

૯. બોધદાયક ખુલાસો.

પરંતુ પ્રથમ આ હોદ્દાને લગતી ફરજો વિષે હું તમને યાદ દેવડાવવા ચાહું છું. સહાયકારીના હોદ્દાની સ્થાપના વિષે પ્રેરિતોનાં કૃત્યના છઠ્ઠા અધ્યાયમાં વાંચીએ છીએ કે ખ્રીસ્તી મંડળીની શરૂઆતમાં પ્રેરિતો પોતે ગરીબોનું પાળણ કરતા, પણ પછીથી એ સેવાનો બોજો અસહ્ય થયાથી તેઓએ એવી સલાહ આપી કે, મંડળીએ અમુક માણસોને પસંદ કરીને ખાસ તેમના હાથમાં ગરીબોની સેવા સોંપવી. તે ઉપરથી હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળી એવા સેવકોનું કામ તથા તેમનો હોદ્દો પ્રેરિતોથી સ્થાપિત થએલાં સમજે છે. વળી તે માને છે કે સહાયકારીઓની સેવા ખ્રીસ્તના આખા શરીરને હિતકારક છે, કેમકે તેને લીધે પાળકપદ પામેલા ધર્મસેવકોને પ્રાર્થના તથા વાતની સેવામાં તત્પર રહેવાને અવકાશ મળે છે.

આ હોદ્દા વિષે પાઉલ પ્રેરિત કહે છે કે, સેવકો ગંભીર, બેવચની નહિ, ઘણા મદ્યપી નહિ, નીચ લાભ વિષે લોભી નહિ, વિશ્વાસી ધર્મનો મર્મ શુદ્ધ અંતઃકરણથી રાખનાર, એવા હોવા જોઈએ. પછી કહે છે કે હરેક સેવક એક સ્ત્રીનો વર, પોતાનાં છોકરાં તથા ઘરનાંને સારી રીતે ચલાવનાર, એવો હોવો જોઈએ. વળી સેવકનું કામ સારી રીતે કરનારા વિષે તે જણાવે છે કે તેઓ પોતાને સારૂ સારી પદવી તથા ખ્રીસ્ત ઈસુ પરના વિશ્વાસમાં મોટી હિમ્મત મેળવે છે.

હવે હિંદમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના અધિકારથી ઠરાવેલા પ્રશ્નોના જવાબ તમારે આપવા.

ત્યાર બાદ (નંબર १० મુજબ) દીક્ષા પામનારાને તથા મંડળીને ઠરાવેલા પ્રશ્નો પુછવા, ને સંતોષકારક જવાબ આપવામાં આવે તથા સહી થાય ત્યાર પછી દીક્ષાની પ્રાર્થના કરાય.

११. દીક્ષાની પ્રાર્થના.

હે સર્વસમર્થ પરમેશ્વર, અમારા આકાશવાસી પિતા, તેં તારી ઐશ્વરી પ્રયારણા મુજબ તારી મંડળીમાં જુદા જુદા હોદ્દાઓ ઠરાવ્યા છે, ને તેમાં સેવા કરવાને મનુષ્યો યોગ્ય થાય માટે તેં તારા આત્મા વડે તેમને વિવિધ પ્રકારનાં કૃપાદાનો આપ્યાં છે. અમે તારી વિનંતી કરીએ છીએ કે આ તારા જે સેવકો સહાયકારીના કામ તથા હોદ્દાને અર્થે તેડું પામ્યા છે તેઓને તું તારા આશીર્વાદથી આશીર્વાદિત કરે.

હવે મંડળીના રાજા તથા શિરપતિ, જે પ્રભુ ઈસુ ખ્રીસ્ત, તેને નામે

(આ ટાણે પ્રમુખ તથા અન્ય સભાસદો દીક્ષા પામનારનાં માથાં પર હાથ મૂકે.)

તેમને તને તથા તારી કૃપાની વાતને સોંપીને તારી મંડળીમાં સહાયકારીની દીક્ષા આપીએ છીએ. મનુષ્યોની અગત્યો તથા વિપત્તિઓના સંબંધમાં તેમને તારો દિલસોજીભર્યો આત્મા આપ કે તેઓ ગરજવાનો તથા દુઃખિતોની મદદાર્થે સ્વત્યાગયુક્ત સેવા કરનારા થાય.

હે પવિત્ર આત્મા, તું જે સામર્થ્ય તથા પ્રેમનો, સલાહ તથા દિલાસાનો આત્મા છે, તે તું અમારી મધ્યે કરેલી તેમની સર્વ પ્રેમયુક્ત સેવામાં તેમને દોરવીને ચલાવ. દેવના ઘરનું જે બાહ્ય કામ તેમને સોંપવામાં આવે તે સર્વમાં તેમને શાણા તથા વિશ્વાસુ કર. અહીંના તારા લોકોમાં ઉદારતાનું કૃપાદાન શી રીતે ઉત્તેજિત કરવું, તારી મંડળીના ખજાનાની ચોકી શી રીતે કરવી, ને દરિદ્રીઓની સંભાળ શી રીતે લેવી તે તું તેમને શિખવ, એ માટે કે સહાયકારીનું કામ સારી રીતે કરીને તેઓ પોતાને સારૂ સારી પદવી તથા ખ્રીસ્ત ઈસુ પરના વિશ્વાસમાં મોટી હિમ્મત મેળવે.

હવે સર્વ કૃપાનો દેવ જેણે ખ્રીસ્ત ઇસુમાં આપણને પોતાના સર્વકાળના મહિમાને સારૂ બોલાવ્યા છે તેને મહિમા તથા સત્તા સદા સર્વકાળ હોજો. આમેન.

પછી (નંબર ૧૨ તથા ૧૩ મુજબ) જાહેર વચન, હસ્તમિલાપ તથા સ્તોત્ર-ગાયન થયા બાદ નવા સહાયકારીઓને બોધ આપવામાં આવે.

૧૪. નવા સહાયકારીઓને બોધ.

પ્રિય ભાઇઓ, આ ક્રિયામાં સહાયકારીના હોદ્દાને લગતી ફરજો વિષેની હકીકત કરવામાં આવી છે, ને હાલ તમે એ હોદ્દો પામ્યા છો તેથી હું તમને ચેતવણી આપું છું કે, સદરહુ ફરજો તમે યોગ્ય રીતે અદા કરી શકો માટે જોઈતાં કૃપાદાનો શોધવાં. અંતે હિસાબ આપવો પડશે એમ જાણીને બુદ્ધિમાન કારભારીઓ તરીકે તમે તમારો કારભાર પૂરો કરવાને સાવધાન રહો. યાદ રાખો કે જે કોઈને ઘણું આપેલું છે તેની પાસેથી ઘણું માગવામાં આવશે. પ્રભુના ઘરમાં થતી ભજનસેવા વેળાએ નિયમસર હાજર રહો, ને બનતા સુધી પ્રભુનું ભજન કરનારાઓની આસ્થા ઉત્તેજિત કરો. તમારા પાળકના હાથોને ટેકો આપો, ને આ મંડળીને અર્થે તેની જે પ્રાર્થના તથા મહેનત તેમાં તેને નિભાવવા સારૂ બનતી કોશિશ કરો.

મંડળીની લૌકિક બાબતોની વ્યવસ્થા કરવાને અર્થે તમે સહાયકારીઓ તરીકે પસંદ કરાયા છો, માટે પવિત્ર કારભાર તમને સોંપવામાં આવ્યો છે તે ભૂલશો નહિ. દરિદ્રીઓની સેવા કરવાના કામમાં આવડત તથા વિવેક, ઘણી ધીરજ તથા સ્વત્યાગ, એ સદ્ગુણોની વિશેષ અગત્ય છે. ગરીબોને આપેલાં દાનોથીજ મદદ તો થાય, પરંતુ સંભાળવું કે તમારાં વહેંચેલાં દાનો સાથે પ્રીતિયુક્ત દિલસોજી નિત્ય આપવામાં આવે. જે કોઢીઆને અડકયો ને ગરીબોને ઘેર ગયો, જેણે લોકના સમૂહો પર દયા લાવીને તેમને પુષ્કળ અન્ન આપીને ખવડાવ્યું, ને તેમને જીવનની રોટલી પણ ખવડાવવાની અભિલાષા રાખી, તે પ્રભુ ઇસુ ખ્રીસ્તના જેવું મન પોતામાં રાખો. દરિદ્રીઓને સંભારવાં, તેમને ઘેર જઇને તેમની ખબર લેવી, ભારથી લદાએલાઓની મદદ કરવી, એ

તમારૂં કામ છે. તો નિશ્ચે જાણો કે એ સેવા ખરેખર ખ્રીસ્તની સેવા છે, કેમકે જેના છો ને જેની સેવા કરો છો તેણે કહ્યું છે કે, "આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કીધું, એટલે મને કીધું."

પછી વડીલોની દીક્ષાક્રિયામાં આપેલા નમુના મુજબ મંડળીને બોધ આપવામાં આવે, ને ક્રિયાના બાકી રહેલા ભાગ મુજબ (નંબર ૧૫ થી તે ૧૭ મુજબ) કરવામાં આવે, એટલે

પ્રાર્થના.
સ્તોત્રગાયન.
આશીર્વચન.